વાર્તાવારિધિ ગ્રન્થાવલિ [illegible] ગ્રન્થ ૩૫ મું.

રત્ન કણિકા

અથવા

આદર્શભૂત નીતિનાં સિદ્ધાન્તો

સંપાદક,
કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ.
ઉમરેઠ.

ઈ. સ. ૧૯૧૫. વિ. સં. ૧૯૭૧.
પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

પ્રકાશક,
ભાનુપતિરામ ઉત્તમરામ ભટ્ટ,
પ્રોપ્રાઈટર વાર્તાવારિધિ,
સારંગપુર—અમદાવાદ.

ધી [illegible] પ્રિન્ટીંગ પ્રેસમાં, શા. સોમાભાઈ
[illegible] છાપ્યું. [illegible]—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦—૪—૦.

રત્ન કણિકા

અથવા

આદર્શભૂત નીતિનાં સિદ્ધાન્તો.

સંપાદક,
કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ.
ઉમરેઠ.

ઈ. સ. ૧૯૧૫. વિ. સં. ૧૯૭૧.
પ્રથમાવૃત્તિ. પ્રતિ ૧૦૦૦.

પ્રકાશક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.
પ્રયોજક વાર્તાવારિધિ,
સરકીવાડ—અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં, શા. સોમાલાલ
મંગળદાસે છાપ્યું, પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦—૪—૦.

વાર્તાવારિધિ રસદોહનથી પ્રકટતાં રત્નોનો લાભ, તેના ગ્રાહક નથી એવા ઇતરજનો પણ લે તેવા હેતુથી વાર્તાવારિધિ માસિકમાં એકવાર પ્રકટ થયેલા આદર્શભૂત નીતિ સિદ્ધાન્તોના સંગ્રહને પુનઃ આ જુદા પુસ્તક રૂપે બહાર પાડવાની તક અમે લીધી છે. આશા છે કે તે વાચક વર્ગને ઉપયોગી થઇ પડશે જ.

પ્રકાશક.

ભૂમિકા.

સત્ય, શ્રદ્ધા અને સ્નેહ-એ આ પુસ્તકનો **આત્મા** છે. **નીતિ** એનું **નામ** છે. રત્નકણિકા તો માત્ર **અલંકાર** જ છે.

ઉપોદ્‌ઘાત તો તે જ પુસ્તકને છાજે કે જે પુસ્તકમાંની વસ્તુ તેના નામથી બરાબર જ્ઞાત ન થતી હોય; અહીં એવું કશું છે જ નહીં એટલે; પ્રસ્તુત પુસ્તકના ઓળખાણ વાસ્તે વિવરણમાં ઉતરવુંજ નકામું.

ચાણાક્ય, વિદુર શુક તથા ભર્તૃહરિ અને પરમહંસ રામકૃષ્ણ કેશવ ચન્દ્રસેન તથા પ્રકીર્ણમાં બીજા કેટલાક સન્ત પુરૂષો—આ સૌનાં નિર્મળ વચનામૃતને એટલાસારૂ ઉતારવામાં આવ્યાં છે કે ગીતા જેવા ગહનવિષયને એકદમ નહીં કળી શકનાર સામાન્ય જનસમૂહાય સહેલાઇથી એ નીતિને વાંચી શકે, વિચારી શકે, સમજી શકે અને અનુભવમાં આણી શકે; અને આવા આશયને અંગે જ આ રત્નકણિકામાં સહસા મુખપાઠે થઇ શકે તેવી, સરલ, સ્પષ્ટ અને ઘણેભાગે કહેવતરૂપ થઇ પડનારી નીતિ ન્હોરાઇ છે.

છેવટ, ભિન્નભિન્ન ભાષામાં લખાયલી સૌ નીતિ પૈકી કેટલીક સ્વતંત્ર ભાષાન્તર કરી અને થોડીક મૂળ સ્વરૂપેજ અનામત ઉપાડી અત્ર એકઠી કરેલ છે.

સંપાદક.

રત્ન કણિકા

અથવા

આદર્શભૂત નીતિનાં સિદ્ધાન્તો:

" ચાણાક્ય. "

કાળના વહેવાની સાથે મનુષ્ય જીવનમાં ઘણા ફેરફારો થાય છે; અને ફેરફાર થવો એ એક કુદરત–ક્રમજ છે. નદીના વહન સમોવડ જીવનના વહ્યાં જતા સતત્ પ્રવાહમાં જો કશોજ ફેરફાર થતો ન હોય, તો, જીવનમાં જન્મથી ઉતરી આવેલી ઈશ્વરદત્ત શક્તિનો વિકાસ થાય નહિ, હૃદય અનુભવથી ઘડાય નહિ, બુદ્ધિનું સામર્થ્ય વધે નહિ, અને જીવન અલ્પાયુષી અથવા અચેતનજ નિવડે: ત્યારે, આમ વિચારતાં આપણને "ફેરફાર" એ જીવન વાસ્તે એક આવશ્યક વસ્તુ સમજાય છે; બેશક, આ વસ્તુ આવશ્યક તો છેજ, તથાપિ આવશ્યકતામાંયે અંતર હોય છે, અર્થાત્ પ્રતિપળે થતા ફેરફારો અથવા પલટાતા પ્રસંગોમાં માનવહૃદય કાંઇ તે પ્રત્યેક પ્રસંગોમાં પોતાના જીવનની ધન્ય ક્ષણો પામતાં નથી અને આથી આપણે એવા પ્રસંગો (કે ફેરફારો)નેજ "ધન્ય" કહીશું, કે જે પ્રસંગોમાં રંગાયલાં હૃદયો, પોતાના અનુભવના રંગોથી આદર્શ ચિત્રો ઇતર જનસમૂદાયના કલ્યાણ અર્થે અવનીમાં ઉતારતાં ગયાં હોય. આવો ધન્ય પ્રસંગ આપણને "પ્રસંગના રંગથી રંગાયલા" ચાણાક્ય તરફથી પ્રાપ્ત થાય છે. અને તેથી એમની નીતિને અત્ર ઉતારતા પૂર્વે, ચાણાક્યને 'નીતિ'નાં તત્વો લખવાનો પ્રસંગ કેમ પ્રાપ્ત થયેલો, તે પ્રથમજ આપણે સંક્ષિપ્તમાં અવલોકી જઇએ.

રાજા ચન્દ્રગુપ્ત એ ચાણાક્યનો ગાઢ મિત્ર હતો. ચાણાક્ય

વડે ચન્દ્રગુપ્તનાં ઘણાં વિષમ કાર્યો પણ નિર્વિઘ્ને અણીપૂણી ફલિત થતાં, અને એક હૃદયના મિત્ર તરીકે ગણનાર ચાણાક્ય, પોતાના તરીકે માની લીધેલા ચન્દ્રગુપ્ત પ્રત્યેની, સ્વફરજ શિર સટે કરવા ચૂકતો પણ નહિ; ટુંકામાં ચન્દ્રગુપ્તના સઘળા રાજ્યનો બોજો ચાણાક્યને શિર્ષ હતો, પણ મિત્રતાને અંગે એને તો બોજારૂપ કશું લાગતુંજ નહિ !

કિન્તુ મંત્રીની ખરી કદરથી અજ્ઞાત ચન્દ્રગુપ્ત, ચાણાક્યના હૃદયને જીરવી શક્યો નહિં, તેમ ભોગવી શક્યો પણ નહિ અને એક કાળે, કોઇ નજીવા કારણને અંગે ભરસભા સમક્ષ ચાણાક્યનું અસહ્ય અપમાન પોતે કરી બેઠો; ચાણાક્યને મન એ અપમાન મરણ કરતાંયે વધારે આકરૂં લાગ્યું ! ભૂમિ માર્ગ કરે, તો અન્દર સમાઇ જવાની ધારણાવાળા ચાણાક્યે પણ પોતાનું પોત પ્રકાશ્યું, અને અપમાનનો બદલો વાળવા પુરતું પોતે 'પણ' લઇ પરવાર્યો.

આમ, એક વખતના ગાઢ કહેવાતા ("કહેવાતા" શબ્દજ યોજવો પડે છે કેમકે ફિલ્સુફોનાં સૂત્રોમાં કહીએ તો, સુહૃદો વચ્ચે મરણ પર્યંત મૈત્રીમાં ક્ષતિ આવેજ નહિં, તો પછી 'વૈર'ને તો સ્થાનજ શાનું મળે ?) મિત્રો વચ્ચે ગાઢ કલહ થયો; પૂર્વનો પ્રસંગ પલટાઇ ગયો અને ઉત્તર પ્રસંગમાં ચાણાક્યને જ્યારે "દોરંગી" દુનિયાનો આવો કડવો અનુભવ મળ્યો ત્યારે શેકસ્પીઅરના Measure for Measure સૂત્રાનુસાર એના હૃદયમાંથી "**शठं प्रति शाठ्यं कुर्यात्**" જેવો ઉદ્‌ગાર ઉદ્‌ભવેલો. અને ત્યાર પછી, અનુભવથી ઘડાઇ પરિપક્વ થયેલા હૃદયથી ચાણાક્યે નીતિનાં ચિત્રપટ દોરવા જે શ્રમ અને સમય લીધો છે, તે અચૂક, દુનિયાદારીમાં રહેનાર સંસારી જનને અતિ આભારી છે–કેમકે જીંદગીમાં કરવાનાં કાર્યોમાં પ્રતિક્ષણે પ્રસ્તુત નીતિ, માર્ગદર્શક, બોધક અને રૂચિકર નિવડે એવી સરલ છે.

ત્યારે આપણે હવે એ નીતિમાં ઉતરીશું.

પહેલો પ્રસંગ.

નિઃસત્વ એવા કોક બુદ્ધિહિણા શિષ્યને શિક્ષણ આપતાં, કભારજા સ્ત્રીના પાલક–પોષક બનતાં, અને દુઃખના ભારથી દબાયલા-

ઓના આશરા હેઠળ રહેતાં, મોટા મોટા પંડિત જેવા પણ પરિણા-મમાં દુઃખ સિવાય બીજુ શું પામે ?

બેશક, કૃતઘ્ન સ્ત્રી, (મિત્રના નામથી ઓળખાતો) શઠ મિત્ર મ્હોડે ચડાવી ફટાવી દિધેલો નોકર અને સાપ જેવાં ઝેરી જાનવરનો જ્યાં નિવાસ હોય એવું સ્થાનઃ આ ચારે વસ્તુઓને મૃત્યુને મોખરે આણનાર સમજી ત્હમે ત્હેને સવેળા ત્યજી દ્યો.

સંભાળજો; લક્ષ્મી ચંચળ છે; અને તેથીજ ત્હેને બહુ છૂટી મૂકો માં. સદાકાળ એક સરખી સ્થિતિ કોઇની રહી નથી, રહેશે પણ નહિ, વાસ્તે ભાવિ જીવનને આજીવિકા જે જોઇએ, તેની તૈયારી વર્તમાન કાળેજ કરતા રહો—અગર જો કે કૃપણ થતાના, તેમ ખર્ચાળ, (ઉડાઉ) પણ કહેવાતા નાઃ ટુંકામાં પરસેવાનાં ટીપાંથી પેદા થયેલા (કે થતા) પૈસાની કને સખ્તમાં સખ્ત મજુરી કરાવજો.

કહેશો ? જ્યાં સ્નેહના ઉમળકા ભર્યો આદર નથી, આજીવિ-કાનું કશું સાધનજ નથી, ભ્રાતૃભાવથી હૃદય ઉભરાતું નથી, કે નથી વિદ્યા—જ્ઞાનનો કંઇ લાભ, તેવાં સ્થળને ઉજ્જડ—વેરાન જેવાં ગણી, તેની કશી નિસ્બત નહિ રાખવામાં છે કાંઇ ગેરડહાપણ ?

જેની ગૃહસ્થાઇની શીળી છાંયા ધણાના ધરમાં છવાઇ રહી હોય એવી શ્રીમંત વ્યક્તિ, વેદાધ્યયનના પ્રબળે પથરાઈ રહી છે જ્યાં પવિત્રતા એવા બ્રહ્મકુમાર—બ્રાહ્મણ, રાજ્યનીતિથી નિપૂણ હોઈ પ્રજાનો પુત્ર તુલ્ય ગણનાર પાળક, પોષક ને ઉદ્ધારક પૂરપાલ, દેહ સાથે દિલનાં (અંતરનાં) યે દર્દો દૂર કરી શકે એવો હકીમ, અને વિશેષ શું ? નિર્મળ સલિલે સતત્ વહેતી સરિતા; આવો જોગ જ્યાં એકઠો થયો છે એવા સ્થાનમાં નિવાસ કરતાં મૂહૂર્ત સરખું જોશો નહીં અને અચૂક, તમે ત્યાં નન્દનવન જેવા લ્હાવ લઈ શકશો; પણ સબુર, ચાણુાક્ય કહે છે કે, જ્યાં ઉપર્યુક્ત કશું સાધન ન હોય, ત્યાં એક રાત પણ રહેશો ના.

વ્હાલાંઓમાં “ કસોટી ” ના પ્રસંગનો ખ્યાલ આવવો એજ અશ્રદ્ધા અને સ્નેહની ઉણપ સાબિત કરી આપે છે, અર્થાત્ સ્નેહી-સમ્બન્ધીઓનાં સહજીવનમાં “ કસોટી ” જેવો શુષ્ક વિષય સ્થાન લઇ શકેજ નહિં; પણ આ વાતો તો સંસારમાં ઉતરેલા સ્વર્ગની શ્વાસ છે, તથાપિ જ્યાં સ્વર્ગની છાંયડી સરખી પણ નથી,

તેવા સંસારમાં ડૂબકાં મારી રહેલાઓ વાસ્તે ચાણાક્ય ઉચિતજ કહે છે કેઃ—

સમય આવે સૌની પરીક્ષા થશે અને પરીક્ષાની તકને સાધવી પડતીજ નથી; મેળે મેળે પ્રત્યક્ષ થાય છે. ત્હમારે ત્હમારા પરિચિતો અને સમ્બન્ધીજનોને કસોટીમાં આંકવા છે? આંકવા હોય તો અણધાર્યા આવી પડેલા કામના અસીમ બોજા વખતે તમે તમારા નોકરની કદર અને કસોટી કરી શકશો, અને આમજ આપત્તિ ટાણે મિત્રની અને કેવળ નિર્ધનાવસ્થા વખતે પત્નીનું હૃદય પારખી શકશો.

જીવનના પ્રસંગો પૈકી ઘણા પ્રસંગોમાં મિત્ર, ત્રિયા અને નોકર સાથે કામ પાડવું પડે છે અને આથીજ ચાણાક્યે આ ત્રિપુટીને પરીક્ષાની બાબતમાં પ્રથમ માન આપ્યું હોય એમ અનુમાન કહેવરાવે છે.

મિત્ર તો એજ કે જે પોતાને ભૂલી ગયો હોય, અર્થાત્ જેનું જીવનજ મિત્રમય બની ગયું હોય; અને આ સ્થિતિ પામેલ મિત્ર, મિત્ર માટે શિર આપે એ નિર્વિવાદ વાત છે. પણ "હું મૈત્રી ખાતર શિર સોંપું છું" આવો મોહ જેને રહ્યો હોય, તે મિત્ર પૂર્ણ નથી.

વૃથા ભરમે ભોળવાઇ જશો નાઃ ચાણાક્ય કહે છે કેઃ—આટલાં વાનાં પર એકદમ ભરૂસો મૂકશો નહીં. સરિતા, શસ્ત્રધારી, નખ–શિંગ ધારી પ્રાણી, સ્ત્રી અને રાજ કારોબારઃ

— —

બીજો પ્રસંગ.

સન્તાનો જ્યાં પાલકની પ્રતિમાઓને અધિન છે, સ્વામીની ઇચ્છાનેજ પત્નીએ પોતાની ઇચ્છા બનાવી છે, અને સંતોષનો કોષ જ્યાં પ્રપૂર્ણ છે, ત્યાંજ સ્વર્ગ છે; પણ આ બધું ત્યારેજ શક્ય ઠરે, કે જ્યારે અમી, ઔદાર્ય અને સ્નેહના ભાવોનો એક બીજા વચ્ચે વિનિમય થતો હોય અને સ્નેહ ત્યાંજ સ્વર્ગ છે એમાં શું સન્દેહ? ચાણાક્ય વિસ્તાર કરે છે કે, સન્તાન એજ કે જે પાલક–પોષકનાં ભક્ત હોય; પાલક–પોષક (ત્રાતા) એજ કે જે પોતાના નામ પ્રમાણે સદૈવ કામ કરે (સ્વ ફરજ સમજી, અદા કરે.) મિત્ર એજ

કે જ્યાં સત્ય અને શ્રદ્ધાનો વાસો હોય અને સ્ત્રી એજ કે જેના દ્વારા પરમાત્માની ઝાંખી થવા પામે.

મૂષકની આ એક ખાસિયત છે કે તે ફુંકતો જાય અને કરડતો જાય ! ત્યારે જીજ્ઞાસુને વિદિત થાવ, કે મુખે મીઠું બોલી, પૂઠે ભૂડું વાંન્છી ફોલી ખાનાર એવા કહેવાતા સંબંધીને અન્દરથી વિષ ભરેલ ને મ્હોં પર દૂધ રાખેલ કુંભ જેવા ગણી ત્યજવામાંજ સાર છે. કદિ સંબંધ જાળવ્યે દેખીતો દોહ્યલો લાભ થતો હોય ત્હોય તે હાનિકારક માનો.

અનુભવીને માલમ છે કે, મૂર્ખતાથી દુખ મળે છે. કવિ નર્મદના શબ્દોમાં કહીએ તો " ગદ્યપચ્ચીસી "માં ખપતી જુવાની પણ એવી જ પીડાકારક છે. પણ એથીયે અદકી પીડા તો પારકે ઘેર રહેવામાં રહેલી છે.

કાંઇ સઘળાજ પર્વતો માણેકથી ભરેલા નથી હોતા તેમ બધેજ મોતીના ભંડારો નથી દેખાતા; અને ચન્દન પણ કયાં સૌ વનમાં હોય છે ? આમજ મહાપુરૂષ પણ વિરલજ પાકે છે.

સહૃદય સાધુચરિત મહાત્માઓ પાસેથી આપણે આટલુંજ વાંચ્છીએ તો એ ઓછું નથી. અને તે એ કે, અમ સંસારીજનનાં બાલકોને નિત્ય નીતિનાં તત્વોથી વિભૂષિત કરેઃ અને નીતિનું પ્રબળ સૌ કરતાં બ્હેતર છે; પ્રખ્યાત સ્માઇલ્સના શબ્દોમાં કહીએ તો મૂઠીભર સદ્વર્તન—નીતિ સમક્ષ વિદ્યાનો બ્હોળો સમૂહ પણ ઝાંખો પડી જાય છે.

માનશો ? ઘણાંક માબાપ, માબાપની નહિં, પણ શત્રુની ગરજ સારે છે; અને તે એ કે, જે પોતાનાં સન્તાનોને શિક્ષણ સાથે આત્મશિક્ષણના ઉચ્ચત્તમ પાઠો પઢાવવામાં નિષ્કાળજી રાખે છે. આ પ્રકારનાં એટલે હૃદયાત્મ સાથે બુદ્ધિનાં નહિ કેળવાયલાં બાલકો કોઇ પણ સભામાં શોભતાં નથી અને શોભતાં હોય, તો તે " હંસોમાં બગલા માફકજ. "

" અવકાશ નથી, સંજોગો સાનુકૂળ નથી, આજથી નહિ, પણ કાલથી " વગેરે લવારો અને મિથ્યા ભ્રમ મૂકી દઈ સૂર્યના ઉદયની સાથેજ કંઇ ને કંઈ કરતા રહો. કશુંજ ન થતું હોય તેમાંથી પણ, જો ધારશો તો તમે " કાંઇ " કરી શકશો, અને એમ રોજનું " કૈંક કાંઇ " કાળબળે એકઠું થતાં છેવટ તમે પેલા " કાંઇ " બીજનું

ઘ્હોળી શાખા અને ફળ વાળું ઘટાળુ વૃક્ષ ફાલેલું અનુભવી શકશે; ક્ષણ માત્રને ખાલી વહી જવા દેવામાં કેટલું ઉડાઉપણું આવે છે એ " Time is money " વાળી કહેવત સમજનાર કે કદરદાનને પૂછો એટલે તેમાં તેની " કાંઇ નહિ તો કાંઇ " પણ કિમ્મત આંકી શકશે.

નદી તટ ઉપર ઉગેલા તરૂનો નાશ થવામાં કેટલી વાર ? મંત્રી વગરના રાજાની પણ આજ દશા છે, અને એજ દશાને પાત્ર પરઘરને ચ્હાનાર સ્ત્રી વાસ્તે પણ છે.

બ્રાહ્મણ વર્ગનું નૂર વસ્તુતઃ વિદ્યા છે, અને ક્ષત્રિનું સંરક્ષણમાં, અને વૈશ્યનું વ્યાપાર ધનાદિના વ્યવહારમાં, અને શૂદ્રોનું સેવામાં નૂર છે.

કોણ, કોને કેવી રીતે ત્યજી જાય છે, તેને અવલમ્બી ચાણાક્ય કહે છેઃ—નાયકા નિર્ધન બની જનાર આશકનો ત્યાગ કરશે, દમ વગરના પૂરપાલનો પ્રજા ત્યાગ કરશે, ફળ રહિત પાદપ [વૃક્ષ] ને પક્ષી પણ પરહરશે, અભ્યાગત હશે તે પ્રસાદ આરોગીને પ્રાસાદ (મહેલ) પણ છોડી પલાયન કરશે, અને એ રીત્યે દક્ષણા પામીને બ્રાહ્મણ, યજમાનને છાંડી જવાનો, તેમ વિદ્યા મેળવીને શિષ્ય ગુરૂથી વેગળો થવાનો. જેમ દવ લાગેલા—વનનો ત્યાગ મૃગ કરે છે તેમ.

સ્નેહનાં સૌન્દર્ય, સરખી જોડ(યુગલ)માંથી સારાં દીપી આવે; નૃપના સૌન્દર્યની શોભા સેવામાંજ સમાયલી છે; અને વ્યાવહારિક વિષયોમાં વાણિજય દ્વારાજ; તથા સદનની શોભા તો સુન્દરીના પ્રતાપેજ ખીલી ઉઠે છે.

ત્રીજો પ્રસંગ.

વિચાર, ઉચ્ચાર અને આચારે ઓળખાય કુળ, વાણી વડે વિલોકાય દેશ, આદર—ભાવે તારવણી થઈ જાય છે પ્રીતિની, અને ભોજનનું ભાન થવાનું શરીરના અસ્તિત્વે.

કુળ, અને વયનાં કજોડાનો વિચાર કરીને કન્યા નહિ દેતાં, સાથે સાથે ગુણ જ્ઞાનનો ટાળો મેળવવો એજ ડહાપણ ભરેલું છે; અને કન્યાનું ખરૂં હિત ચ્હાતા હો, તો તે આથીજ સધાશે. પુત્રનું હિત ચ્હાનારને એટલીજ વિજ્ઞપ્તિ કે તેને માત્ર ભણાવવાનીજ ખાતર ભણાવી બુદ્ધિમાન તરીકે ખ્યાતિ પામતો જોવા ઇન્તિજાર નહિ બનતાં

અર્થાત્ બુદ્ધિની કેળવણીથી કેવળ મનને રંજન નહિ કરતાં તેને હૃદયની કેળવણી સાથે આત્મ-શિક્ષણ વડે સાચો વિદ્યાર્થી બનાવો અને પુત્રનું જીવન ત્યારેજ સફળ જોવાશે.

ઉગતા રોગ અને રિપુનાં મૂળને આરંભથીજ કરમાવો, મિત્રોને પ્રભુનાં સત્યો તરફ દોરો; શાશ્વત કલ્યાણવાસ્તે આ ચાવી અત્યુત્તમ છે.

કહેશો ? દુર્જન બૂંડો કે નાગ ? ભલા ! નાગ નહિ, પણ દુર્જનઃ કેમકે નાગ તો એકવાર ડસીને દૂર થાય, પણ દુર્જનતો દહાડો ઉગ્યે દમ્યાં કરવાનો !

કહેવાય છે કે પ્રલયકાળે સાગર પણ પોતાની મર્યાદા લોપી જાય છે, પણ સાધુ પુરૂષનાં હૃદય સદાકાળ સમાન અને સીમામાંજ રહે છે—અરે આપત્તિકાળે તો એમની સાધુતા, વિશેષ તરી આવે છે. વન્દન હો એવા સાધુ હૃદયોને.

કોયલ વ્હાલી લાગે છે એના—સ્વર્ગીય—ટહુકાથી, અને પત્ની, પતિભક્તિથી, તેમ કદ્રૂપા પ્રિયકર નિવડે છે વિદ્યાના તપોબળે, અને તપસ્વિયો વ્હાલા લાગે છે એમનામાં રહેલા " ક્ષમા " ના સાત્વિક સદ્ગુણ વડે.

નોંધી લ્યો કે, દર્દ કળીને દવા લેતાં કદિ દારિદ્ર રહેતુંજ નથી, સત્યથી સદા કૃત્ય કરનારને પાપનો છાંટો સરખો સ્પર્શતો નથી, મૌન-ઘટિત મૌનથી સારા વિશ્વના માનિતા થવાય, અને જે સદા જાગ્રતાવસ્થામાં છે, તે સદા નીડર પણ છે. સુન્દર પણ પરિમલ પાથરતા પુષ્પથી કે સુગન્ધીયુક્ત વૃક્ષથી વન પમરે છે અને સુન્દર લાગે છે,—જેમ સુપુત્રથી કુળ ખીલે છે તેમ.

અને એથી ઉલટૂં—આગથી બળતા એકાદ વૃક્ષથી અંતે આખું વન ભસ્મિભૂત બને છે—જેમ કુપુત્રથી કુલની બળતરા હોય છે તેમ.

પાંચેક વર્ષની વય સુધી બાલકને લાડ લડાવો, કિશોરાવસ્થામાં એને ભલે અધિન રાખો, પણ પુત્રની સોળ વર્ષની વય થાય ત્યાર પછી તો તેને, પાલકે મિત્ર તુલ્ય માનવામાંજ મઝા છે કે જેથી મીઠાશ જળવાઇ રહે.

ઉપદ્રવના ઉત્પત્તિસ્થાનમાંથી, શત્રુના આક્રમણવાળી ભૂમિમાંથી, દારૂણ યુદ્ધ જામ્યું હોય તેવા ભાગમાંથી, અને જાણ્યે અજાણ્યે દુષ્

સાથે પડેલા પ્રસંગમાંથી ભાગી જતાં તમે તમારૂં સંરક્ષણ સારૂં કરી શકશો.

મૂર્ખાઓ જ્યાં પૂજ્ય નથી મનાતા, અન્નની જ્યાં અમી છે, અને જ્યાં ગૃહસંસાર કલહહિન ચાલે છે, ત્યાં સદા લક્ષ્મી વિરાજીતજ છે.

ચોથો પ્રસંગ.

ચાણાક્યનો સિદ્ધાન્ત એવો છે કેઃ—આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુઃ આ પાંચ વાનાં પ્રાણી માત્રને વાસ્તે ગર્ભમાંથીજ નિયત થઈ જાય છે.

જ્યાં સુધી અવસાનકાળની ' અવધો ' આવી નથી, ત્યાં સુધીમાં તમે તમારા આરોગ્ય દેહ વડે ઉત્તમ કર્તવ્યો કર્યે જાવ કે જે કર્તવ્યો તમને પૂર્વનાં ઋણથી મુક્ત કરવામાં મદદ કરે. મરણ કાળની ઘડીઓ ગણાતી હશે, તેવી પળોમાં તમે શું કરી શકવાના હતા ?

સાત્વિક વૃત્તિથી અલંકૃત એવો વિદ્વાન પુત્ર એકાદ હોય તો તે સંતોષજનક છે. દુર્ગુણી સો પુત્રો હોય તેથી શું ? અગણિત તારાઓ અવનીમાં શાં અજવાળાં પૂરે છે ? અને શાન્તિદાતા, અમૃત ઢોળતો એકલો ચન્દ્ર સૌનેજ આહ્લાદ ઉપજાવી રહ્યો છે.

નીચ કુળમાંનો નિવાસ, નિંદ્ય કુલમાંનાં રહેઠાણ, તમોગુણી ભોજન, કુટિલ દારા, મૂર્ખ સંતાન, અને વિધવા દીકરીઃ આ છ વસ્તુથી વિના અગ્નિએ પણ અંતરમાં ભડકા ઉઠયાં જાય છે.

સ્ત્રી એજ કે, જે સદ્દગુણી ને પવિત્ર છે, સ્ત્રી એજ કે જે પતિવ્રતા છે, સ્ત્રી એજકે જેનો સ્નેહ સ્વામી પામ્યો છે, અને સ્ત્રી એજ, કે જે સત્યજ વ્હાતી હોય.

સમય, સ્થિતિ અને સંજોગોનો વિચાર, સારાસારની તુલના, તથા સ્વાત્મતું આવશ્યક જ્ઞાનઃ આટલાનો અભ્યાસ, જે મનુષ્ય હોય તેણે હમેશાં કરવો ઘટે છે.

બ્રાહ્મણ, ક્ષત્રી, ને વૈશ્યના દેવતા અગ્નિમાં રહે છે, ત્યારે મુનિઓના દેવતા હૃદયમાં રહે છે, વળી મૂર્ખોના દેવતા કેવળ મૂર્તિયોમાં રમતા હોય છે ' પણ જ્ઞાનીને મન સમસ્ત વિશ્વજ દેવમય છે.

પાંચમો પ્રસંગ.

વિદેશખાતે ત્હમારો સાચો સાથી વિદ્યાજ છે, અને ગૃહસંસારમાં સ્ત્રી, રોગીનું સાથી ઓષધ, તથા અવસાનકાળ બાદ એકલો ધર્મજ સાથી છે.

પિતા જેટલાજ પૃજ્યઃ પાંચ પ્રકારના ગણાય છે—એક જન્મદાતા, બીજા યજ્ઞોપવિત આદિ સંસ્કાર દેનાર, ત્રીજા વિદ્યાનુંદાન દેનાર, ચોથા અન્નદાતા, પાંચમા ભયમુક્ત કરનારા—આમાંજ રાજા, ગુરૂ, શ્વસુર, પાલકપિતા અને મિત્રનો સમાવેશ થાય છે અને એમની પત્નીઓ એજ પાંચ પ્રકારની માતાઓ મનાય છે.

શાસ્ત્રોના અધ્યયને ધર્મ-જ્ઞાતા થવાય, તે વડે બુદ્ધિનો વિકાસ થાય, તે વડે જ્ઞાની થવાય, ને તેના પ્રતાપે મોક્ષ મળે.

ખૂબી તો જુવો, કે યોગી, બ્રાહ્મણ ને ભૂપાળ ભ્રમણ કરતાં વિશેષ પૂજ્ય બને છે, ત્યારે સ્ત્રી ભ્રમણ કરતાં ભ્રષ્ટ થાય છે!

પૈસાનું પ્રબળ તે કેટલું? પૈસા હોયતો મિત્રો મળે, બન્ધુતા વધે, માન મરતબો વધે અને પંડિત તરીકે ગણીને **તેની** પૂજા પણ થાય—"તેની" એટલે ધનદની નહિ પણ ધનની!

નૃપાલ નિર્દય હોય તેથી ન હોય તે સારો, મિત્ર શઠ હોય તે કરતાં મિત્ર વિહોણા રહેવું બ્હેતર છે, શિષ્ય દુરાચરણી હોય તેથી તો તેનું અસ્તિત્વજ ન હોય તો સારૂં, અને સ્ત્રી પણ ન હોય તો હરકત નહિ—પણ કભારજા હોય હોય તો તે શું કામની?

કેમકે નિર્દય નૃપાલના રાજ્યમાં સુખ—શાન્તિ ક્યાંથી? અને શઠ મિત્રમાંથી આનન્દ શાનો? કભારજા સ્ત્રીના ગૃહસંસારે કલહ સિવાય શું પમાય? અને એમજ શિષ્ય માટે પણ.

તમારે જો સુખી થવું હોયતો, અન્ન—ધનના વ્યાપારમાં, વિદ્યાના અભ્યાસમાં, ભોજનમાં, અને શાસ્ત્રોના અવલમ્બનમાં કદિ લજ્જા ન ધરો; વળી, સ્ત્રી, ધન, તથા ભોજનમાં જે મળે તેટલાથીજ સંતોષ માનો પણ જ્ઞાન પામવામાં, સત્યો શોધી તેને ટકાવી રાખવામાં અને પારમાર્થિક વૃત્તિને વહેવરાવવામાં સદા અતૃપ્તજ રહો કેમકે શાશ્વત સુખનો માર્ગ આમાંજ છે.

પ્રસન્નતાની ખૂબીઓ પણ ઓર છે! જેમકે ભોજન ટાણે

બ્રાહ્મણ, ધનની ગાજવીજ વેળાએ મયુર, પરાયાંની સુખી જીંદગી જોઈ સજ્જન, તથા તેથી ઉલટું બીજાના દુઃખે દુર્જન પ્રસન્ન થાય છે.

સિંહની ગુફામાં જવું જેટલુ દુર્ઘટ છે, તેટલુંજ હિતકર પણ ખરૂં; પણ સબુર, સિંહની ગુફામાં જવાવાળા કેસરી—વીરને મન તે દુર્ઘટ ન હોય ! અને સિંહની ગુફામાંથી શૂરવીરો શું મેળવી શકે ? હસ્તિના કપોળમાંનું મોતીઃ પણ શિયાળવાની બોડયનેજ પસંદ કરનારાં "શિયાળવાં" તેવી બોડયમાંથી તો વાછડાં કે ગોધાઓનાં પૂછડાં વગેરેજ પામવાના.

અધમજન કેવળ ધનનેજ વાંચ્છતા હોય છે, મધ્યમ પદની વ્યક્તિતો ધન સાથે માન ચાહે છે, પણ મહાત્માઓને નહિ માન કે નહિ ધન, માત્ર સેવાજ તે ચહે છે.

"અન્ન તેવા ઓડકાર" આ કહેવત કાંઇ ખોટી નથી, જો કે સૌના અનુભવની વાત એ છે, કે દીપક અન્ધારાનો આહાર કરે છે ત્યારે તેનામાંથી કાજળજ જન્મ પામે છે !

વસ્તુ હિતકર છતાં તે સમયેજ સારીઃ અર્થાત્ અપચા વખતે, પાણીનાં પાન એ અવશ્ય ઔષધની ગરજ સારે છે, પણ એજ પાણી અન્ન હજમ થઇ ગયેલા ઉદરમાં સિંચાય, તો તે કમતાકાતી બક્ષસે, વળી ભોજન જમી રહ્યા પછી પાણી પીવું એ પણ એવુંજ અવગુણકારી છે.

વૃદ્ધાવસ્થામાં થતું સ્વપત્નીનું અવસાન, ચોરાયલું હોય તે ધન, અને પરાધીન ભોજન એ વિષમ ત્રિપુટી છે.

છોને કુલના મોટા હોય, પણ જો તે વિદ્યા વિભૂષિત ન હોય, તો પ્રભુને ત્યાં—અરે આ લોકમાં પણ વસ્તુતઃ ઉતરતી પંક્તિમાં જ ગોઠવાવાનાઃ અને કહેવાના ઉતરતા કુલના છતાં વિદ્વાન બનેલાઓ દેવતાઓમાં પણ પૂજાય છે.

વિમાન દ્વારા પણ ઠેઠ ગગનવિહારી નથી થઇ શકાતું. ત્યાંની વાતો પણ નથી સમજી શકાની, કે નથી કોઈ કળી શક્યા ત્યાંની મૂળ વિદ્યા, છતાં, અંહી રહ્યાં રહ્યાંજ જે સૂર્ય કે ચન્દ્રને ગ્રહણ લાગ્યાની વાતો સ્પષ્ટ કરી બતાવે છે એ વિદ્વાન કેમ નહિ ?

વિદ્યાર્થી, સેવક, પ્યાસી, ક્ષુધાતુર, ભયભીત, ભંડારી, અને દ્વારપાલ; આ સાતેય યદિ નિદ્રાવસ્થામાં હોય તોપણ સમય પરત્વે તેમને જગાડવામાં કશુંજ ખોટું નથી; પણ એથી ઉલટું—સર્પ, સિંહ,

રાજા, વરૂ, બાલક, બીજાનો કુતરો અને મૂર્ખ એટલાને જાગ્રત કરો માં. કેમકે તેમાં જોખમ છે.

બેશક, નિર્ધન કાંઇ વસ્તુતઃ નિર્ધનતા નથી, પણ નિર્ધન તો એજ કે, જે વિદ્યા વગરનો હોય.

જોઇને પગલાં ભરો, વસ્ત્ર ઢાંકી પાણીનું પાન કરો, સત્યને અવલંબી વચન વદો, અને મનને પૂછીને કામ કરો કેમકે સરલતા સઘળી આથીજ જળવાશે.

કવિ શું નથી અવલોકી શકતા ? સ્ત્રી શુ નથી કરી શકતી ? શરાબી બકવામાં શુ બાકી રાખે છે ? અને કાગડો શું નથી ખાતો ? અર્થાત્ આ સૌ પોત પોતાની કક્ષામાં રહી, ધારે તો "ધાર્યુ" કરવા સમર્થ છે

લોભીને મન માગવાવાળો, મૂર્ખને મન શિક્ષા દેનારો, વ્યભિચારિણી સ્ત્રીને મન પતિ અને ચોરને મન ચન્દ્ર શત્રુ સમાન તુલ્ય લાગે છે.

૭ ઠ્ઠો પ્રસંગ.

હસ્તી જેવું મહા સમર્થ પ્રાણી ન્હાનકડા અંકુશને આધિન છે, તો શુ અંકુશ તેની બરાબરીમાં ઉતરે એવું છે ? પણ એમ નહિં હજુ જરા વધારે દૃષ્ટાંત જુઓ—દીપક પ્રદિપ્ત જતાં તિમિર નાશ પામે છે, મોટા મોટા પર્વતોને પણ ન્હાનીશી વીજળી માટીની પેઠે ગેરવી નાખે છે, તો આ ન્હાની વસ્તુઓને પણ પેલા મોટાઓ કેમ હઠાવી શકતા નથી ? કેમકે વસ્તુ ન્હાની છતાં તેમનામાં ઉજાશનું જોર જબરૂં છે અને જેનામાં ઉજાશ છે એજ બળવાન છે. બીજા પ્રકારનાં બળ (ધન, વગેરે) એની આગળ નિસ્તેજ અને નાશવંત છે.

સંસારાશક્તિવાળામાં વિદ્યા નવી નહિ વસે, માંસાહારીનામાં દયાનો ગુણ નહિ, લોભીનામાં સચ્ચાઇ નહિ અને દુરાચારીમાં પવિત્રતા ન હોય.

કામ, ક્રોધ અને લોભ, સ્વાદ, શૃંગાર અને ખેલ, અતિ નિદ્રા અને સેવા આટલાં વાનાં વિદ્યાર્થી વર્ગે ત્યાજ્ય ગણવાં જોઇએ.

વિશેષતઃ ધન્ય તથા સુન્દર ગૃહસ્થાશ્રમ તો એજ કે, જેના નિવાસ સ્થાનમાં શાન્તિ અને પવિત્રતા તથા સ્વચ્છતા સદા પથરાયલાં

રહેતાં હોય, સંતાનો વિદ્યા વિભૂષિત હોય, પત્ની સ્નેહથી સરિતા સમોવડ અને સૌન્દર્ય સાથે માધુર્યથી ભરેલી હોય, આર્થિક સ્થિતિ પણ સારી હોય, સ્ત્રી પ્રત્યે પોતાનો સદ્ભાવ અને અમી હોય, નોકર ચાકર આજ્ઞાપાલક હોય, તથા તેમના હૃદયમાં પ્રફુલ્લતાજ રમતી હોય, અતિથિ તથા ઇષ્ટ દેવની યોગ્ય સેવા થતી હોય, અને સત્સંગ દ્વારા નિર્દોષ પણ મહત્વનો વિનોદ અને વિનોદજ વહતો હોય.

કેરડાના વૃક્ષપર પાન ન આવે, તેથી કાંઇ વસન્તનો દોષ છે? દિવસે (ઘુવડ) ન દેખે તેમાં સૂર્યનો શો અપરાધ? ચાતકના મ્હોંમાં ઘનજળ ધારા ન પડે તેમાં વરસાદનો શો વાંક? મતલબ એજ કે વિધિના લેખ કેમ મટે? *

સાધુ પુરૂષનાં દર્શન મહા પુણ્યદાયક છે, કેમકે તેઓ તીર્થ રૂપ છે; તીર્થ તો કોઈ વેળા સમય પરત્વે ફળ દે છે, પણ સાધુજન તો દર્શ માત્રે જીવનમાં નવચેતન મૂકે છે.

દેહ નશ્વર છે, સંપત્તિ પણ ચંચળ છે, અને મોત તો નિર્માણજ છે, તો અસ્તિત્વ હોય, તેટલી તકમાં બને તેટલો ધર્મ, અને નીતિનાં તત્વોનો સંગ્રહ શા સારૂ ન કરી લેવો? કે જેથી અવસાન પછી પ્રાણને પોષણ આપવા ઉપયોગી નિવડે.

જેમ પાણીની પાતળી ધારથી પણ ધીમે ધીમે કુમ્ભ ભરાઈ જાય છે, તેમ વિદ્યાદિ જ્ઞાન વાસ્તે ન્હાની ન્હાની પગલીઓ ભરવામાં આવે તો તેથી પરિણામે મગજ, હૃદય અને આત્મા પ્રપૂર્ણ ભરાઇ જાય.

સાતમો પ્રસંગ.

વિતેલી વાતનો શોચ ન કરો, ને ભવિષ્યમાં આવનારી વિપત્તિની ચિન્તા કરી બેસી ન રહો, હાલ જે વર્તમાનકાળ તમારા હાથમાં છે, તેનો સારામાં સારો ઉપયોગ કરો—અર્થાત વિતેલી વાતને ભૂલવા, તથા ભવિષ્યની બીતિને ટાળવા વર્તમાન કાલમાં સાધન સંપન્ન થાવ.

---

* पत्रंनैव यदि करीर विटपे दोषो वसन्तस्य किम् " આ શ્લોક ભર્તૃહરિ નીતિશતકમાં પણ છે.

રાજા ધર્માત્મા હશે, તો પ્રજા પણુ તેવી થશે, ને રાજા અધર્મી તો પ્રજા પણુ પાપીજ નિવડવાની-તાત્પર્ય કે "રાજા તેવી પ્રજા"

કલ્પનાનુસાર સર્વ સુખો કોઇ પામતું નથી, ને પામશે પણુ નહિ માટે સંતોષ ધરવામાંજ શ્રેય છે.

જેમ હજારો ગાયોમાંથી પણુ વાછડું પોતાનીજ મા પાસે જાય છે, તેમ જે કંઇ કર્મ કરવામાં આવે છે, તે કરનારની કનેજ જવાનાં. હાથે તે સાથે.

ફળ, કર્મને આધિન છે, અને બુદ્ધિ કર્મને અનુસરીને ઘડાય છે, તથાપિ વિચારશીલ સજ્જન સર્વ કામ વિચારપૂર્વકજ કરે છે.

જીવન પોષણુ માટે જો કોઇપણુ સાચાં રત્નો હોય, તો તે જળ, અન્ન અને પ્રિય વચન છે તથાપિ મૂર્ખોને મન જડ પદાર્થના ટુકડાઓજ 'રત્ન' છે!

પ્રાણીમાત્રને માટે પોતાનાં પાપ વૃક્ષરૂપ છે અને દારિદ્રય, રોગ દુઃખ તથા બન્ધન એ તેનાં ફળરૂપ છે.

એક આ બાબત નિર્વિવાદ છે કે મનુષ્ય ઐક્યથી, શત્રુના બ્હોળા સમૂહને પણુ હઠાવી દે છે, અને શત્રુના પરાજય પણુ કરે છે. જેમ એક એક તરણાથી છવાયલું છાપરૂં વરસાદના પાણીને અંદર ઉતરતું રોકી શકે છે તેમ.

પાણીમાં તેલ, દુર્જનમાં છૂપી વાત, સુપાત્રમાં દાન, બુદ્ધિમાનમાં શાસ્ત્ર, આ થોડું થોડું પણુ હોય, તો પણુ તેની વૃદ્ધિમાં વાર લાગતી નથી.

તેજ મનુષ્યનું જીવતર ધન્ય છે, કે જે ધર્માત્મા અને સદ્ગુણી હોય. ગુણુ, ધર્મથી રહિત મનુષ્ય જીવતાં છતાં મુવા જેવોજ માના.

જેનું કોમળ હૃદય, પરની પીડા દેખીને દયાળીનું થઇ જતું હોય તેવી વ્યક્તિને જટા, ભસ્મ કે ભગવાં કપડાંની કશીજ આવશ્યકતા નથી.

ખલ, અને કાંટાથી બચવા વાસ્તે બે ઇલાજ મૂખ્ય છેઃ—એકતો તેના મ્હોં ઉપર જુતું મારી ડબાવી દો, અથવા તેનાથી દૂર રહો.

મેલાં કપડાં પહેરવાવાળાનો, જેના દાંતમાં મેલ ભરેલો રહેલો હોય એનો, અતિ આહારીનો, કઠોર વાણી વદનારનો, સૂર્યોદયે અને અસ્તેજ શયન કરવાવાળાનો, લક્ષ્મી ત્યાગ કરે છે. ચાહે તો તે સાક્ષાત્ વિષ્ણુ જેવો હોય તો પણુ શું થયું ?

ન્હાયતો કોઇ મણિને પગે પહેરતો હોય, અને કાચને માથાપર મૂકતો હોય; પણ વેચતી વખતે તો મણિ તે મણિ અને કાચ તે કાચજ!

બન્ધનના તો બહુ પ્રકાર છે, પણ પ્રેમના બન્ધનની વાત ઓર છે–ભલભલા મોભને કોચી નાખનાર ભ્રમર, કમળ જેવા કોમળ પાત્રને વિંધી શકતો નથી એ સામર્થ્ય સ્નેહનુંજ છે.

ગુણ પ્રમાણેજ મનુષ્યની ઉચ્ચ નીચતા અંકાવી જોઇયે, કાંઇ ઉંચા હોદ્દા કે ઉંચા આસન પ્રમાણે જરાયે નહિ. મહેલની ઉંચી અટારીએ ચઢી બેઠેલા કાગડા કાંઈ ગરૂડ ગણાય છે?

તૃણ એ ઘણી હલકી વસ્તુ છે, વજનમાં એથીયે હલકું રૂ છે, પણ તેનાથી હલકો યાચક (ભિખારી) ગણાયો છે. પોતે હલકો છતાં પવન એને કેમ પોતાની પાંખમાં ઘાલી, પેલા તરણા પેઠે કે રૂ પેઠે હવામાં લઇ જતો નથી? કેમકે એને ભય રહે છે કે કદાચ મારી પાસે ભિક્ષા માગી મને ભ્રષ્ટ કરે! મતલબ કે કામ કરો અને આજીવિકા નિભાવો.

ખરૂં છે કે સંસારરૂપ વૃક્ષ કડુ છે, તથાપિ તેમાં બે ફળ મિષ્ટ હોય છે, એક મિષ્ટ અને રસાળ વાણી, અને બીજું સત્સંગ.

વિદ્યા, માત્ર પુસ્તકમાંજ રાખી મૂકી હોય, અને પોતાનું ધન છતાં તે પારકે ઘેરજ મૂકી પરવાર્યા હોઇએ, તો અણીને વખતે તે શા કામનાં?

ઉપકાર કરનારપર ઉપકાર કરો અને દુષ્ટનીસાથે દુષ્ટતાજ વાપરો.

જો લોભ હોય, તો બીજા દોષોથી શું? જો કોઇ નિંદક હોય, તો અન્ય પાપોથી શું? અને એ રીતે જો મનુષ્યનામાં સત્યતા હોય તો તેને અન્ય તપ જપની શી જરૂર છે? સજ્જનતા હોય તો બીજા સદ્‌ગુણો ન હોય તોય નભે, મહિમા હોય તો અન્ય અલંકારો શું કરવા છે? અને વિદ્યાની કદર હોય તો ધનની શી તમા છે? અને યદિ કલંક કે અપયશ મળ્યાં હોય તો તે કરતાં મૃત્યુ વધારે સારૂં.

અન્ન જળ કરતાં પણ અધિક વિદ્યાદાન છે, સૌ તિથિમાં ઉત્તમ દ્વાદશી છે, ગાયત્રી સમાન કાંઈ મંત્ર નથી, અને માતા સમાન કોઇ દેવી દેવતા નથી.

સર્પના દાંતમાં, માખીના મસ્તિષ્કમાં અને વિંછીના પુચ્છમાં વિષ રહે છે, પણ દુર્જનનું તો આખું દિલ વિષથી ભરચક હોય છે.

હસ્તની શોભા દાનથી છે; કંકણથી નહિ. શરીર સ્નાનથી શુદ્ધ રહે છે; ચન્દનથી નહિ. તૃપ્તિ સન્માનથી થાય છે; ભોજનથી નહિ. મુક્તિ જ્ઞાનથી થાય છે, છાપાં તિલકથી નહિ.

ભય, આહાર અને મૈથુન તો, મનુષ્ય તથા પશુ સૌમાં સમાન હોય છે, પણ મનુષ્યનામાં વિશેષતા જ્ઞાનનીજ છે ત્યારે જેનામાં જ્ઞાન સંપાદન કરવાની શક્તિ નથી, એ મનુષ્ય, મનુષ્ય છતાં પશુ શા માટે નહિ ?

વિદુર.

પહેલો પ્રસંગ.

પ્રસંગવશાત્ રાજા ધૃતરાષ્ટ્રે દ્વારપાલને, વિદુરને મળવાની ઉત્કંઠા દર્શાવી; આજ્ઞા થતાં પ્રતિહાર વિદુર પાસે ગયા, અને "ઉત્કંઠા" નિવેદન કરીઃ વિદુર, ધૃતરાષ્ટ્રની સેવામાં હાજર થયા અને આજ્ઞા વાંચ્છી.

ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું:—"મહામતિ સંજય મારી નિન્દા કરીને ચાલ્યો ગયો, એ, કાલે આવીને પાછો ભરસભામાં યુધિષ્ઠિરના સમાચાર કહેશે, અને તે શું સમાચાર લાવ્યો છે, તે મને જ્ઞાત નથી. અને એજ મને અતિ સાલે છે—રાતે નિરાંતે નિદ્રા પણ નથી આવતી માટે કાંઇ આશ્વાસન મળે એવું શાન્તિદાયક કાંઇક બોધશો. કેમકે આપ તો ધર્મ—અર્થે ચતુર છો; જ્યારથી પાંડવના પક્ષમાં સંજય ભળ્યો છે, ત્યારથી મારૂં રોજ લોહીનું પાણી થઈ જાય છે, બુદ્ધિ સર્વ બ્હેર મારી ગઇ છે અને "સંજય શા સમાચાર સંભળાવશે ?' એના એ ખ્યાલનીજ લત લાગી રહી છે."

મહારાજ વિદુરજી નીતિ શાસ્ત્રમાં મહા નિપૂણ હતા, એમણે ધૃતરાષ્ટ્રની કથની શાન્ત ચિત્તે શ્રવણ કરીને આસ્તેથી ઉદ્ગાર કહાડયો કે—

હે રાજન્! નિદ્રા તો છ પ્રકારની વ્યક્તિને ન આવે; એક તો બળવાનના કબજે પડેલાને, બીજું દુર્બલને, પછી સાધન હિનને,

વળી જેનું ધન હરાયું હોય એવાને અને કામીને તથા ચોરને: હે રાજન! આ પૈકી એકાદને આપ મળતા આવો છો?

ધ્વનિયુક્ત વિદુર વાક્ય વિદિત થતાં ધૃતરાષ્ટ્ર મહા પ્રસન્ન થયા, અને ઉમળકો આણીને બોલ્યા કે:—અહો વિદુરજી! આપનાં વચનામૃતનો હું તરસ્યો છું, મને તમારા શબ્દો કલ્યાણક લાગે છે; કુલમાં એક ધર્મજ્ઞ મહા પંડિત તરીકે તમને હું માનું છું, માટે કૃપા કરી વચનામૃતને અસ્ખલિત પ્રવાહે વહેવા દો.

ગુરૂવર્ય વિદુરજી સ્વભાવે સ્પષ્ટ વક્તા હતા, એટલે એમને ખાલી ખુશામત કરવી ગમતી નહિ; એમણે ધૃતરાષ્ટ્ર પ્રત્યે જવાબ વાળ્યો કે—હે ધૃતરાષ્ટ્ર! જે નૃપાલ, રાજાઓને શોભાસ્પદ એવા ઉત્તમ લક્ષણોથી યુક્ત છે, જે પોતાના સદ્‌ગુણોના પ્રભાવે ત્રિભુવનમાં રાજ્ય કરવાને યોગ્ય ઠરે છે, અને જે આપના ભક્ત, તથા ઉદાર સેવક છે, એવા સત્યાવલંબી અને સ્વધર્મ પરાયણ યુધિષ્ઠરાદિને તમે કાવતરાં રચી વનવાસ કરાવ્યો; કદાપિ તમે પંડિત હશો, રાજા હશો, સર્વોત્તમ મનાતા હશો, તથાપિ અન્ધાપો પામેલા તમે રાજ લક્ષણથી છેક અજ્ઞાન છો, અને તેથી રાજ ચલાવવાને પણ નાલાયક છો.

યુધિષ્ટર તો પ્રભાતના પહોરનું નામ છે. પોતે ધર્મ રાજા તે ધર્મરાજાજ છે. હૃદયના દયાળુ છે, સ્વભાવના ઉદાર છે, સ્નેહ અમી અને સત્યથી એમનો આત્મા દેદિપ્યમાન છે, પરાક્રમી અને પવિત્ર છે, માનતા હો તો અચૂક, આપની વૃધાવસ્થામાંની આવી નિષ્ઠુરતા પર દયા આણી તે ભાઇઓ સઘળું સહી રહ્યા છે. દુર્યોધન, કર્ણ દુઃશાસન વગેરેને રાજ્યાધિકાર સમર્પી આપ આપનું મંગલ વાંચ્છો છો? વાંચ્છતા હો તો તે મિથ્યા ભ્રમ છે.

રાજન! જે જીવાત્મા પરમાત્માની ઝાંખી પામી શકે છે, જે કરવા યોગ્ય કર્ત્તવ્યમાંજ મચ્યા રહે છે, જે સહનશીલ હોઇ સાત્વિક વૃત્તિ ધરી રહ્યા છે, અને જે ક્ષણિક—માયાવી પ્રલોભનોથી લલચાઇ પ્રભુના નિયમોને ઉલંઘી પાપાચરણ કરતા નથી એમનું જીવન સ્તુત્ય આદર્શ અને સફળ છે અને મહારાજ! એઓનો અવતાર મરવા વાસ્તે નથી. વળી જેનામાં ઉચ્ચકોટિની શ્રદ્ધા છે, જેનામાં સમષ્ટિ ભાવમય ઉન્નત ભાવનાઓ ભરેલી છે અને જે સૌના ભલામાંજ પોતાનુ ભલુ જૂવે છે એજ પંડિત છે, એજ રાજા થવાને લાયક છે. અન્ય નહિ.

પંડિત એજ કે જેનામાં ક્રોધ, હર્ષ, લજ્જા, ભય, અભિમાન, આશક્તિ, વગેરેને સ્થાન નથી.

બાહોશતો એજ કે, જેના વિચારને અને વિચારને અંતે આરંભેલા કામ સુદ્ધાં તને કોઈ જાણતું નથી, પણ કામની સિદ્ધિને સારી આલમ જાણે.

બોલવામાં, ચાલવામાં અને પ્રત્યેક બાબતમાં જેના મનપર કાબુ રહેલો છે, તે વ્યકિત આદર્શ છે.

ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિથી જેને હર્ષ નથી, અને પ્રાપ્ત વસ્તુના નાશથી જેને શોક નથી—અર્થાત્ જેની વૃત્તિ ઉદાસીન છે એ વ્યક્તિ આદર્શ છે.

નદીના વહેતા પ્રવાહમાં કોઇ ગમે એટલા પ્રહારો કરે, અને અન્તરાયો નાખે, તો પણ તે પોતાના કેન્દ્રથી ચલિત નહિ થતાં, કે નહિ પૂંઠ પાછળ જોતાં આગળને આગળ ધપ્યે જાય છે, તેમ અનેક વિઘ્નો આવતાં છતાં, સંકલ્પની સિદ્ધિને અર્થે જે સતત્ શ્રમ આદરી રહેલ છે એ વ્યકિત આદર્શ છે.

જે સત્કારથી પ્રસન્ન થઇ ફુલાઇ જતા નથી, અને અનાદરથી ખિન્ન થતા નથી પણ, ગંગાજળથી ભરેલા કુંડ પેઠે સદા ગંભીર તેમજ અચલ રહે છે એવા પુરૂષો પ્રશંસનીય છે.

કર્ત્તવ્યોની ખૂબીઓ, કળા, ઉપયોગિતા અને અસ્તિત્વનાં પ્રમાણોથી જે જ્ઞાત છે એજ બુદ્ધિમાન્ કહેવાય.

શબ્દો જેના સંગીન હોઇ, શ્રોતાને સચોટ અસર કરે એવા જાદુઇ હોયં; કથન જેનું, મંદમંદ વરસતી અનિલ લહરીઓ જેવું સ્વચ્છ, પરિમલયુક્ત અને હળવું તેમજ સરલ છતાં આત્માને શીતળ કરનારૂં હોયઃ શક્તિ જેની પ્રતિભાસંપન્ન હોય; અને ધાર્મિક તથા નૈતિક અને તાત્વિક જ્ઞાન જેનું ઉંડું હોય એવા મહાત્માઓ સર્વ પૂજ્ય છે.

વાતો જોઈએ તો "બાવન તોલા ને પા રતિ" પણ પાણી કહે ત્યાં કાદવ સરખો ના હોય; પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇ પ્રકારના અનુભવો દ્વારા પોતે પરિપકવ તો હોય નહિ, ને જ્યાં ત્યાં સલાહકારક તરીકે માથું મારવા તૈયાર થઇ જાય; દારિદ્રનો તો ઢગલો હોય, ને મનોર્થ કરે મોટા—ગગનમાં ઉડવાના; કામ કરવામાં કેવળ નબળો અને શઠ છતાં ફળની વાંચ્છના ભૂલે નહિ. એવા મનુષ્યને ત્હમે મૂર્ખ માનો.

તેમ પોતાનામાંની અપૂર્ણતાથી વિસ્મૃત થઇ સ્હામાનામાં ઉણપ જોઇ એને ઉતારી પાડે છે, એ પણ મૂર્ખ છે; વળી પોતેજ ડૂબેલો હોવા છતાં બીજાને તારવાનો મિથ્યા યત્ન આદરનારો પણ મૂર્ખ છે.

જે કોઇ ચ્હાવાની ખાતર ચ્હાતા નથી, પણ માત્ર સ્હેવાની ખાતર, ન ચ્હાવાલાયકને ચ્હાય છે તે પણ મૂર્ખ છે, શત્રુને મિત્ર બનાવે, ને મિત્ર સ્હામે દ્વેષ કરે એવા લોક પણ મૂર્ખ છે.

ઠેકાણે ઠેકાણે જેમ સવિતાનારાયણનાં કિરણ વેરાયલાં હોય છે, તેમ સૌ સ્થાને કામ—કામ ને કામ ફેલાવી રહ્યા હોય, કામનો પાર ન હોય, ને કામનો ભલીવાર પણ ન હોય, વળી ડગલે પગલે કામના આરંભમાં શંકા અને ધાસ્તી રાખ્યા કરતા હોય એવા સર્વ ઠેકાણે બાથડીયાં મારનાર લોક પણ મૂર્ખ છે. શ્રદ્ધા પૂર્વક પિતૃશ્રાદ્ધ નહિ કરનારા, હોમ–હવનાદિથી દેવ પૂજન નહિ કરનારા, તથા જીવનના વિસામારૂપ સન્મિત્ર નહિ પામનારા પણ મૂર્ખ છે; વગર તેડે જનાર, ને વગર બોલાવ્યે બોલનાર, તથા અવિશ્વાસુમાં ભરૂંસો રાખનાર પણ મૂર્ખ છે; પોતાનામાંના દોષ પર ઢાંક પીછોડો કરી, સ્હામાના દોષ ગાયાં કરનાર તથા અસમર્થ છતાં "દુર્વાસા" [ક્રોધી] બનનારા પણ મૂર્ખ છેઃ પાત્રાપાત્રનો ભેદ જાણ્યા સિવાય દાન (કોઇ પણ પ્રકારનુ) દેનાર, અન્ધશ્રદ્ધાથી પૂજ્યની ઉપાસના કરનાર, તથા નીચ જનની સેવા કરનાર પણ મૂર્ખ છે.

તથાપિ, હે રાજન! અસીમ દ્રવ્ય, ન્હોળી વિદ્યા તથા ઉત્તમ ઐશ્વર્ય પામ્યા છતાં જેના હૃદયમાં ગર્વનો છાંટો નથી એવા પંડિતો પૂજ્ય છે.

પણ જે એકલ ચરો છે, સૌનો સાથ છોડી વિવિધ પ્રકારના આનન્દો એકલોજ ઉડાય છે, એનાથી બીજાને કોણ વધારે નિન્દિત હશે?

બેશક બાણાવળીના હાથમાંથી છૂટેલા બાણથી કોઇ બચી શકે પણ ખરો, તથાપિ બુદ્ધિમાને ચલાવા માંડેલી બુદ્ધિ, (રૂપ બાણ) દેશ સમસ્તને ચાકળે ચઢાવી શકે! અને આમજ, વિષ રસથી, તેનું પાન કરનાર મરણ પામે. શસ્ત્ર તો એકનોજ પ્રાણ લે છે, પરન્તુ મિત્રનો વિપ્લવ અનેકનો ખોડો કાઢી નાંખે છે!

મિષ્ટ "વાનીઓ" એકલાજ ન આરોગો, કોઇ કામનો વિચાર પણ એકલા ન કરો, અજાણ્યા રસ્તે પણ એકલા ન જાઓ, તેમ,

જ્યાં સઘળાજ શયન કરી રહ્યા હોય, તેની વચમાં એકલા જાગો પણ ના.

રાજન્! આલમમાં અનુપમ વસ્તુ કેવળ એકજ છે, કેજે સંસાર રૂપ સાગરને તરી પાર ઉતરવા ' નાવ ' ની ગરજ સારે છે, અને સ્વર્ગગામી થવા સીડીની ગરજ સારે છે. અને એનું નામ "સત્ય". આપ તેને નથી ઓળખતા ?

ક્ષમા શીલો જ્યારે બીજાને ક્ષમા કરેછે, ત્યારે મૂર્ખલોક તેમનાપર નિર્બલતાનો આરોપ ઢોળી પાડે છે! પણ વસ્તુતઃ આ દોષ કહેવાયજ નહિ ક્ષમા, એતો અગાધ બલ ભરી વસ્તુ છે, અલબત, નિર્બલજનો પણ ક્ષમા સેવેછે, તથાપિ તે ક્ષમા ક્ષમાની ખાતર હોતી નથી પણ ક્ષમા દેવાની ખાતર હોય છે.

અર્પણ કરાતી ક્ષમા, એ તો પરમ સમર્થ સાધુઓનું પણ ભૂષણ છે, સહૃદય વ્યક્તિના અંગની શોભા છે. ક્ષમા વડે સઘળો સંસાર સર થઇ શકશે, અથવા ક્ષમા શું નથી કરી શકતી ? ક્ષમા રૂપ અસિ હસ્તગત કરો અને પછી જૂવો કે ક્રૂર લોક પણ તમને કશી કરામત કરી શકે છે ? મૂળે જ્યાં તૃણજ ન હોય, તો ત્યાં અગ્નિ શું કરવાનો હતો ? એવી–ખાલી–જગાપર અગ્નિ પણ આપોઆપ શાન્ત થઇ જવાનો; ત્યારે જ્યાં ક્ષમા નથી, ત્યાં અનેક પ્રકારની ઉપાધિયો રચુ રહેવાની. ખસુસ માનો કે સ્વધર્મ, એ પરમ કલ્યાણરૂપ છે. વિદ્યા એ પરમ તૃપ્તિરૂપ છે. સૌ પ્રકારની અહિંસા એ પરમ સુખરૂપ છે. ક્ષમા, પરમ શાન્તિ રૂપ છે.

ન્યાયથી કમાયલા ધનને નિકળી જવા વાસ્તે બે દ્વાર ખુલ્લાં છે, એક અપાત્રને દાન, બીજું વિપમ વૃત્તિ.

હે રાજન! સ્ત્રી, સેવક ને સુત, આ ત્રણે અધન છે. અર્થાત્ એઓની પાસે ધન હોય તોપણું તે તેમની પાસે ન હોય તે ત્રિપુટી જેની છાયામાં હોય, તેની પાસે રહે છે.

જે પોતાનો ભક્ત છે, જે આપણી સેવા કરે છે, અને " હું તમારો છું " જે આવું કહે છે, એવા ત્રણેને આપત્તિ કાળે ત્યજવા જોઇએ નહિ.

નૃપાલને વિદિત થાવ કે આ ચાર પ્રકારના મનુષ્ય સાથે કશું કામ, સલાહ કે વિચારો ન કરો–જડ બુદ્ધિ વાળા, દિર્ઘસૂત્ર–અથવા મહા પ્રમાદી, શિઘ્રકારી અથવા ઝક્કી, તથા ખુશામતી.

હે ધૃતરાષ્ટ્ર ! અગ્નિ સમાન છે જે આ પાંચ એમની સદા સેવા કરવી જોઇએ–પિતા, માતા, અગ્નિ, સ્વાત્મ અને ગુરૂ.

સાવધાન ! પાંચ ઇન્દ્રિઓ પૈકી એકાદ ઇન્દ્રિમાં પણ જો ખોટી વૃત્તિ રૂપ છિદ્ર પડયું, તો તે છિદ્ર દ્વારા બુદ્ધિ એવી રીતે નિતરી જાય છે કે જેમ કાણા કુમ્ભમાંથી પાણી ટપકી જતું હોય.

ઉન્નતિની અપેક્ષા છે ? હોય તેણે આ છ પ્રકારના દુર્ગુણથી દૂર થવું જોઇએ–સામા ઉલંઘન કરવાથી નિદ્રા, તંદ્રા, ડર, ક્રોધ, આળસ, મુલતવી રાખવા પણું.

તસ્કરોનું જીવન બેતમા રાખનારા પ્રમત્તોમાં છે, રોગવડે વૈદો ટટાર રહ્યા છે, દુરાચરણી દારાઓનાં જીવન કામીના અર્ધાંગણુપર છે, યજમાનોવડે યાજક ટકયા છે, અને હે રાજન્ ! મર્ખોમાં પંડિતનું જીવન જાગતું છે.

કામ પત્યું કે છોડી દેવાય એવી પાંચ વ્યક્તિયો જગજાહેર છે, અને તે આ રહી:–અભ્યાસ પૂરો થતાં શિષ્ય ગુરૂથી છૂટો પડશે, પત્ની આવી એટલે પુત્ર માતાને ભૂલતો જશે, કામપર વૈરાગ્ય ઉપજતાં પતિ પત્નીને ત્યજશે, જળની પાર ઉતરી ગયા પછી નાવનો ત્યાગ થશે, અને રોગ મુક્ત થતાં દર્દી વૈદ્યને વિસારે પાડશે.

અંગે આરોગ્યતાનાં અખંડ અજવાળાં, અને જાતપર ઋણનો છાંયડો ય નહિ, સજ્જન સાથે સહવાસ અને આજીવિકાનો મોકળો માર્ગ, નિર્ભયતાભરી દ્રઢતા અને સ્વાશ્રમનાં સ્મરણો: આ સૌ સુખ દેનારાં સાધનો છે. અને ઇર્ષ્યાની આગ અખંડ પ્રોજ્વલ રાખનાર, ધાલમેલીઆ સ્વભાવશાળી હૃદય, અમરવેલશી તૃષ્ણાને તાંતણેજ હમેશ લટકનારો ક્રોધનો ધોધ અને ચિન્તાનો ચ્ચાહક એવો આદમી સદા દુઃખનાંજ દર્શન પામશે.

રાજન્ ! બુદ્ધિનાં પ્રાબલ્ય અને ઉમદા કુલ, કૂર્મ જેમ ધારે તે ટાણે પોતાના અવયવોને સંકેલી લે છે તેમ ઇન્દ્રિય સંયમથી ટેવાયેલ એવું નર, વેદાદિનાં ઉંડાં અધ્યયન, મોંઘા (થઇ પડતા–થોડા બોલાતા) શબ્દો, અને સ્થિતિના પ્રમાણમાં છાજતાં દાન 'આ'વું આ'વું' સજ્જનોની સજ્જનતામાં શોભાસ્પદ સમજો.

જે કોઇ બુદ્ધિમાન વ્યક્તિ દેશના સમસ્ત વ્યવહારોને, સમયને, જાતિના ધર્મોને જાણી, અનુસરી વર્તન રાખનાર હોય છે તે આદિ તથા અન્તના જાણકાર છે એમ સ્વીકારો પછી તે ગમે ત્યાં જાય,

પણ સઘળે સ્થળે સત્કારાશે, મહાન્ બનશે, સજ્જનો એને પોતાના પૂજ્ય કબુલશે.

દંભ, અભિમાન અને પાપ, રાજ્યદ્રોહ, નિન્દા અને કોઇ પણ સમાજપ્રતિ દ્વેષભાવ, મમતાળુ અને દુર્જન લોક સાથેનો સહવાસ આ બધું ત્યજી દેનાર સમસ્ત વિશ્વમાં શ્રેષ્ટ છે.

દાન, દયા અને દીનતા, સ્નેહ, શ્રદ્ધા અને સત્યતા, સરલતા, સાદાઇ અને પવિત્રતા આ બધુ ગ્રહણ કરનાર દેવથી ઉતરતી કોટિનો નથી.

માધુર્ય, ઔદાર્ય અને ભલમનસાઈ, સાદઇ, શુભેચ્છા અને સજ્જન સંસર્ગ આ બધુ ગ્રહણ કરનાર સર્વ શિરોમણિ છે.

સૂર્ય સમોવડ સમષ્ટિ ભાવનાના ભોગી, અને અગ્નિ સમોવડ મલિન વસ્તુ (વાસના માત્ર) નો દાહક—તથા મલિનને બાળી પોતાના (અગ્નિ) સ્વરૂપમાં આણનાર એવો પ્રભાવશાળી પુરૂષ સૌને વન્દન કરવા યોગ્ય છે.

આ પ્રમાણે નીતિને લગતાં ઘણાં તત્વો શ્રવણગોચર કરાવીને વિદૂરજીએ ધૃતરાષ્ટ્રને વળી કહ્યું કે—હે રાજન્! શાપદગ્ધ રાજા પાંડુને, અરણ્યમાં, ઇન્દ્ર સમાન પાંચ પુત્ર ઉત્પન્ન થયા છે. આપેજ એમનું પાલણ પોષણ કર્યું છે, અને આપેજ એમને શિક્ષા પ્રબોધી છે, અરે હાલ પણ તમારીજ આજ્ઞાથી વનવાસ સેવે છે તો હે તાત! હવે હદ થઇ છે, ન્યાય સામે નજર કરી, સરજનહારને લક્ષમાં લઇ એમને ઉચિત રાજ્ય આપો. સૌ પુત્રો સાથે આપ હળીમળીને આનન્દથી દિવસ નિર્ગમન કરો. જો શક્તિનો સદુપયોગ કરો તો, હે રાજન્! દેવતાઓમાં પણ આપની બરાબરી કરી શકે એવો ઇતિર કોઇજ નથી.

બીજો પ્રસંગ.

મહાત્મા વિદૂરના વદનથી આટલાં વચનામૃત શ્રવણ કરી રહ્યા પછી ધૃતરાષ્ટ્રે વિનય વાણીથી નિવેદન કર્યું કેઃ—

હે તાત! આપ તો ધર્મ તથા અર્થની કળામાં કુશળ છો, માટે કૃપા કરી કોઇ એવી વાતો કહી સંભળાવો કે જેથી જાણી બુજીને વ્હોરી લીધેલી ઉપાધિથી દાઝી રહેલું અંદર શીતળ થાય. મહા બલીષ્ટ વિદૂરજી! પોતે તો સર્વજ્ઞ છો, અને તેથી આપ મને

યુધિષ્ઠરના આંતર વિચારોનું ભાન કરાવો, સાથે સાથે એવું પણ બતાવતા રહો કે જેથી કૌરવ કુલનું કલ્યાણ થાય, પાપોની મને ભીતિ છે, અને તેનાથી ખરેખર, હું ગભરાયો છું. માટે હવે મને વધારે વાર આવી અવ્યવસ્થિત સ્થિતિમાં રાખોમાં. કહેવા માંડો કે અરણ્યમાં રહી યુધિષ્ઠર કેવા કેવા વિચારોને જન્મ આપી રહેલ છે.

ત્યારે આ'વું સાંભળીને વિદુરજીએ વલણ વાળ્યું કે વ્યક્તિ જેનું ભલું વાંચ્છે, તેને તે બાબતમાં સૌએ સહાનુભૂતિ આપવી જોઇએજ; ચાહ્ય તો તે પૂછે, વા ન પૂછે; તો હે રાજન્ ! જેમાં કૌરવનું કલ્યાણ સમાયલું છે, એવી વાતો હું કરૂંછું તે સ્થિર ચિત્તે શ્રવણ કરો.

" હું રાજા છું " સમજીને કાંઇ અનુચિત કાર્ય કરવાનો રાજા થનારને કશોજ હક્ક નથી; તેમ કરતાં તો પ્રિયકર :વસ્તુનો નાશજ થાય; જેમ વૃદ્ધાવસ્થામાં સૌન્દર્ય વિલય પામે છે તેમ.

ઉન્નતિને વાંચ્છનારાંએ એક આ નિયમ પણ ખાસ લક્ષમાં લેવો જોઇએ કે મિતાહાર—અને ખોરાક તેપણ જલ્દી હજમ થઈ જાય એવો હળવો, તથા સાત્વિક હોવો આવશ્યક છે.

વૃક્ષપરનાં કાચાં ફળ તોડી એકઠાં કરી રાખનાર ફળના રસનો ભોક્તા થઈ શકતો નથી અને ઉલટું બીજનો પણ નાશ થાય છે, કિન્તુ તેથી ઉલટું પરિપક્વ ફળ થવાની રાહ જોનાર ધૈર્યવાન મુમુક્ષુ તેનો યથાર્થ ઉપયોગ કરી શકશે. આમજ કર્ત્તવ્યોનાં ફળ માટે સમજવું. ' ઉતાવળ ' નકામી છે. કરવાનાં કામની માહિતી, તે કરવાનું કારણ, તથા તેના પરિણામ વગેરેનો અગાઉથી સંપૂર્ણ વિચાર કર્યા પછી તેનો આરંભ કરવો—આરંભ પછી વિઘ્ન આવે તો પણ તેથી કંટાળીને તેને ત્યજી ન દેવું એ ડાહ્યા માણસોનું લક્ષણ છે.

જે નૃપનો ક્રોધ તથા પ્રસન્નતા નિષ્ફળ નિવડે છે તે નૃપનો રાજભોગવટોય નકામો છે. વળી જે રાજા, શરૂઆતથીજ સદાચાર પાળે—પળાવે છે, તેના રાજમાં લક્ષ્મીની રેલમછેલ થઇ રહે છે; પણ જે રાજા સ્વધર્મને ભૂલી અધર્મભર્યાં આચરણ કરવા માંડે છે, તેના રાજની દૃષ્ટિ પણ સંકુચિત હોઈ પોતે નિર્માલ્ય બની જાય છે.

આથી આ ધ્વનિયુક્ત વાક્ય સદા સ્મૃતિમાં રાખો કે જે વસ્તુ વગર તપાવે નરમ રહે છે, તેને કોઇ તપાવનાર નથી. લાકડી જો સ્વયં વળેલીજ રહે છે તો તેને કોઇ વાળવાની કોશિષ કરતું નથી તેમ.

રાજન્ ! તમે સંરક્ષણ સંબંધી પૂછો છો ! તો વિદિત થાવ કે ત્યથી ધર્મની, યોગાભ્યાસથી વિદ્યાની, શુદ્ધિ કરવાથી સૌન્દર્યની,

અને આચરણથી કુલની રક્ષા થાયછે. ઉત્તમ કુલમાં અવતાર થયો હોય તેથી કાંઇ તે ઉત્તમ નથી, પણ તે ઉત્તમ ત્યારેજ છે કે અધમ કે મધ્યમ—તે તેનાં આચરણ કરે.

હે રાજન્! વસ્તુ માત્રને બે રીતે ઉપયોગમાં લેવાય છે. 'યોગ્ય' અને " અયોગ્ય ". યોગ્ય રીતે કરવામાં આવતો વિષય વસ્તુનો ઉપયોગ પણ અમૃતની ગરજ સારશે. એથી ઉલટું સારી વસ્તુનો દુરૂપયોગ વિષની ગરજ સારશે. ઘી ઉત્તમ હોવા છતાં પાણીમાં ખૂબ ઘુંટવાથી તે વિષ બની જાય છે અને સોમલના રાસાયનિક પ્રયોગે તે અમૃત તૂલ્ય બનશે. આમજ વિદ્યા, ધન તથા કુટુમ્બ વાસ્તે છે; અર્થાત્ આ ત્રિપુટી વડે સજ્જન હોય તે સુખી થશે, ને મહાન્ધ મૂર્ખાઓ દુઃખી થવાના.

ભ્રમના આડા પડેલા દુનિયામાંના પડદાને લીધે, ભરસભામાં પણ સારાં કપડાં લત્તાંથી " ટાટ " હશે તે સારૂં સ્થાન પામશે, ખુશામતખોર પુષ્કળ ખોટાં માન પણ ખૂબ ખાટી જશે, સ્વારીવાળાને વાસ્તે માર્ગ પણ મોકળા થશે. તથાપિ સુશીલ માણસને સારૂ સારો સંસાર મોકળો છે, શીલ એજ પુરૂષોમાં મૂખ્ય ગુણ છે. શોભાસ્પદ છે, ને જેનામાં એ નથી તેની વિદ્યા, સંપતિ કે જીંદગીનું અસ્તિત્વ હોય ત્હોય શુ કે ન હોય ત્હોય શું ?

માલ મશાલા વિનાનું કેવળ સાદું ભોજન પણ રાંક હૃદયને મહા સ્વાદિષ્ટ લાગે છે. ખૂબી એ છે કે એમની ક્ષુધાજ એમાં સ્વાદ મૂકે છે! મતલબ કે નિર્ધનોને જેવું ધાન્ય મળે તેવું, ઉત્સાહથી સ્વાદિષ્ટ ગણીને આરોગે છે. પણ આ પ્રકારની ક્ષુધા ધનિકોમાં નથી દેખાતી! કે નથી છાજતી!

મન અને મન્ત્રિને મારીને નહિ, પણ જીતીને જે રાજા શત્રુ સામે યુદ્ધમાં ઉતરે, તો તે વિજય પામે નહિ તો પરાજીત થાય. આત્મ સંયમી નથી જે આત્મા તે અર્થને અનર્થ, દુઃખને સુખ અને અહિતમાં હિત સ્વીકારી લે છે. ને તેનું પરિણામ વિપરિત આવે છે. કેમકે આત્માનો સ્વભાવજ એવો છે કે, તેને જો સત્કાર્યો તો તે બંધુની ભીડ ભાગશે અને અનાદરે શત્રુતા, પાપીના પાપના છાંટા અપાપીને પણ લાગે છે માટે પુણ્યશાળીએ પાપીનાં પરિચિત થવું ઘટતું નથી; અલબત! પુણ્યોના પ્રભાવે તેઓ ભલે મેળે મેળે સુધરતા જાય નહિ તો જેમ સુકાઈ ગયેલ કાઠીમાં ભેગુ ભળી ગયેલું કોઇ લીલું કાષ્ટ પણ સાથે સાથે અંગારમાં બળી જવા માંડે છે તેમ પાપના પ્રબળમાં પુણ્ય પણ તણાઇ જશે.

સત્તાનો વ્યય પણ ભિન્ન ભિન્ન રસ્તે થાયછે. જેમકે દુષ્ટોનાં બલનો ઉપયોગ બીજાંને દુ:ખ દેવામાં, રાજાઓનાં બલ રક્ષણ કરવામાં ને નઠારો રાજા હોય તો દંડ દેવામાં, સ્ત્રીઓનાં સામર્થ્ય સેવામાં ને નઠારી હોય તો કલહ કરવામાં અને ગુણી પુરૂષોનાં બલ ક્ષમા બક્ષવામાં ઉતરે છે.

વિદુરજી કહે છે કે વાણીપર સંયમ રાખવો મુશ્કેલ તો છે, પણ જો સંયમ રખાય તો ન ધારતા હોઇએ એવો લાભ થાય, અને નહિ તો તેટલોજ ગેરલાભ. બાણોની વૃષ્ટિથી છિન્નભિન્ન થઇ ગયલું વન સમય પરત્વે ફરી નવજીવન પામશે, પણ કટુ વચન રૂપ પડેલા પ્રહારથી ભેદાયલાં હૃદયનો ઘા રૂઝાય કે કેમ એ સવાલ શંકાસ્પદ સ્થિતિ ભોગવે છે. તો હે ધૃતરાષ્ટ! વાણીમાં નથી સંયમ જેને, એવા તમારા પુત્રોની બુદ્ધિ બ્હેર મારી ગઇ છે, અજ્ઞાનને લઇ વિના કારણ પાંડવો સાથે દ્વેશ કરી રહ્યા છે. અને શું તે તમે નથી સમજી શકતા? એકાન્તે શાન્ત ચિત્તથી વિચાર કરી જૂવો.

ત્રીજો પ્રસંગ.

ભઠ્ઠીમાં નંખાયલુ લોખંડ, જેમ અગ્નિના પ્રભાવે ઓગળી નરમ થવા માંડે, અને મલરહિત બને, તેમ, તમ લાગતાં પણ એટલાંજ હિતકર શ્રી વિદુરજીનાં વચનામૃતનો રસ કર્ણગોચર હોઇ હૃદયમાં ઉતરતાં ધૃતરાષ્ટ્રના જીવનમાં કંઇ જાદુઇ અસર થતાં જેમ ફેરફાર થાય તેમ થવા લાગ્યો, એટલુંજ નહિ પણ જેમ જેમ પોતે વધારેને વધારે નીતિ નિયમો શ્રવણ કરતા ગયા તેમ તેમ તેમની શ્રવણ કરવાની જાસ્તી અભિરુચિ થતી ગઇ.

આગલા સાપેક્ષ મનોવૃત્તિવાળા રાજા ધૃતરાષ્ટ્રે વળી વિદુરજીને વિશેષ વિસ્તારથી પ્રસંગાનુકૂળ વચનો ઉપદેશવાની વિજ્ઞાપના કરી અને વિજ્ઞાપનાનો સ્વીકાર કરીને વિદુરજીએ વાતને વિસ્તારી.

ધૃતરાષ્ટ્રની વૃત્તિ અને વલણનો વિચાર કરીને વિદુરજી કહેવા લાગ્યા કે—હે રાજન? સર્વ તીર્થમાં સ્નાન કરવું અને સર્વ પ્રાણી પ્રત્યે કોમલતાથી વર્તવું એમાં કશોજ અંતર નથી અથવા પહેલા કરતાં બીજામાં વધારે પુણ્ય છે, વાસ્તે આપના પુત્રોને કોમલતાને કેળવવાનો ઉપદેશ આપો; માનવો કોમલતાના પ્રતાપે ઐહિક સુખ ભોગવી, મનુષ્યના અવસાનકાળ પછી સ્વર્ગના સુખના ભોગી બને છે.

અને આના પૂરાવા માટે કેશિનીને સારૂ વિરોચન તથા સુધન્વાનો સંવાદ મોજુદ છે. ધૃતરાષ્ટ્રને આ સંવાદ સુણવાની જીજ્ઞાસા થઇ અને વિદૂરજીએ વાત આગળ ચલાવી.

એક કન્યકા હતી, તેનું નામ કેશિની હતું, તે રૂપરૂપનો અંબાર હતી. રૂઢિ પ્રમાણે એનાં લગ્ન સારૂ સ્વયંવર રચાયો. પોતાના સમોવડ બેલડી ખોળવા લાગી; આ સ્વયંવરમાંજ વિરોચન પણ હતો. વિરો-ચનને ન ઓળખનારાને વિદિત થાવ કે તે દાનવનો દીકરો હતો. કે-શિનીએ વિરોચનને જોયો, ને એને સહસા પ્રશ્ન કર્યો કે હે વિરો-ચન ! શ્રેષ્ટ કોણ—બ્રાહ્મણ કે દાનવ ? આ સુધન્વા પલંગપર કાં બેસતો નથી ?

વિરોચને જવાબ વાળ્યો—પ્રજાપતિનો પુત્ર શ્રેષ્ટ છે; આથી અમે સૌથી ઉત્તમ છીએ. એ લોકો હમારાજ છે. દેવતા કે બ્રાહ્મણ એ કોઇ ભિન્ન વ્યક્તિ નથી.

સુણીને કેશિનીએ કહ્યું કે—ઠીક, કાલે સવારે સુધન્વા પણ આવશે, મને કોડ છે કે કાલ સવારે તમે ઉભય સાથે મને મળો. વિરોચને આ કબુલ્યું.

પછી, હે રાજન્ ! પૂહો ફાટયો, ને પ્રભાતકાળ થયો. સૂર્યોદય સમયે સુધન્વા ત્યાં આવી પહોંચ્યો. અગાઉથીજ કેશિની તથા વિરોચન વાટ જોઇ બેઠાંજ હતાં સુધન્વાને આવતો જોઇ ઉ-ભય એમને કોટિ કરી મળ્યા અને આદર આપ્યો. કેશિનીએ એક અલાયદા સુન્દર આસનપર બેસવાની જોગવાઈ કરી આપી. બેસતાં બેસતાંજ સુધન્વા વિરોચન પ્રત્યે બોલ્યો—હે વિરોચન ! હું ઉત્તમ આસનપર બેસુંછું તે તુ જો, અગર જો કે અહીંના આગમનનું કા-રણ આપણુ ઉભયને એકજ છતાં હું તારા આસનની બરાબરીમાં બેસી શકતો નથી કેમકે હું ઉત્તમ છું.

ત્યારે સ્મિત કરતાં વિરોચન વદ્યો, બેશક તમારે વાસ્તે હજુ કોઈ વધારે ઉંચા પાયાનું આસન જોઇએ ! અરે ભલા ભાઇ ! મારી કને બેસવાને તુંજ લાયક નથી !

સુધન્વાએ સામે દલીલો દર્શાવી બચાવ કરવા માંડયો.

વિરોચન ? ત્હારો મિથ્યા ભ્રમ છે; બાકી એતો ઉઘાડુંજ છે કે પિતા અને પુત્ર એક આસને બેસી શકે અને શોભે પણ એજ. ને પ્રમાણે બે બ્રાહ્મણે બ્રાહ્મણ, ક્ષત્રિયે ક્ષત્રી, વૈશ્યે વૈશ્ય તથા શુદ્રે શુદ્રો સાથે શોભે; પરન્તુ કોઇ વચ્ચે મિશ્રતા થાય તો તે યુગલ

શોભે નહિ, બેસવું એ લાજમ નથી; અને તું તારીજ વાત કર્ય, કે તારા પિતા મારાથી નીચા આસને બેસે છે ! તો તું મારી કને વિવાદમાં ઉતરનાર કોણ વારૂ ?

ત્યારે વિરોચને નમ્ર વચને કહ્યું કે—ત્હારાથી યે અધિક અમે સંપત્તિપૂર્ણ છીએ. મોટાં છોટાંની પ્રતીતિ માટે કોઇ તટસ્થને નિમાય, તો તકરારનું કારણ ના રહે.

પછી સુધન્વાએ પ્રત્યુત્તર વાળ્યો કે—સુવર્ણ, હસ્તિ, અશ્વ આદિ ધન તમારી પાસે હશે પણ અમારે એની સાથે કશીજ નિસ્બત નથી. ઇચ્છા હોય તો નીમો.

આ ઠરાવ પણ વિરોચને કબુલ કર્યો, પણ તટસ્થ કોને નિમવો તે બદલ તકરાર ઉભી રહી. કેમકે દેવો પાસે કે મનુષ્યો પાસે વિરોચને જવાનું ઠીક નહિ. ત્યારે સમાધાન કરતાં સુધન્વા બોલ્યો કે પ્રાણોની સરત લગાવીને તારાજ પિતા પાસે જઇએ અને મને ખાત્રી છે કે પુત્રને માટે કાંઇ પિતા જુઠું નહિ બોલે.

હે ધૃતરાષ્ટ્ર ! આ પ્રકારે પ્રાણોની શરત લગાવીને, મમતે ભરાયલા બન્ને જણ વિરોચનના પિતા પ્રલ્હાદ પાસે ગયા. અને ઉભયને આવતા જોઇ પ્રલ્હાદ મનસ્વી બબડયો.

અહો ! બન્ને તો કદિ સાથે રહેતા નથી, ને આજ વિષધારી સર્પોની માફક છંછેડાયલા હોય તેમ એકજ રસ્તે આવતા જણાય છે એ શું ?

પછી પાસે આવી ઉભા રહેલા પુત્ર વિરોચનને પિતાએ પૂછ્યુ કે શું સુધન્વા સાથે મૈત્રી થઇ ગઇ ! કેમકે પહેલાં તો તું એની સાથે લેશ પણ હરતો ફરતો ન હતો; ત્યારે વિરોચને કહ્યું કે નહિ; મૈત્રી તો નથીજ થઇ. કિન્તુ એની સાથે આજ પ્રાણોની શરત થયેલી છે; તેના નિરાકરણ અર્થે અમે બન્ને અહીં આવ્યા છીયે, તો પિતાજી ! તમને જે પૂછવામાં આવે તેનો જવાબ સાચેસાચો આપશો. પક્ષાપક્ષ ન કરશો.

શાન્તિથી આ હકીકત શ્રવણ કરીને પછી બ્રહ્મકુમાર સુધન્વાનો, પ્રલ્હાદે સારી રીતે આતિથ્ય સત્કાર કરવા માંડયો, પણ સુધન્વા અત્યારે કોઇ બીજોજ બન્યો હતો, એટલે એણે કહ્યું કે અમારો સત્કાર થઈ ગયો છે. હવે આપ, હું પૂછું તેનો યોગ્ય જવાબ આપશોજી. કહો કે બ્રાહ્મણ શ્રેષ્ઠ કે આ તમારો વિરોચન ?

પ્રલ્હાદ પ્રથમ તો જરા સંકોચ પામ્યો, એક તરફ પોતાનો પુત્ર

ને બીજી બાજુ બ્રહ્મ કુમાર સુધન્વા રૂબરૂજ ઉભો છે; કેવો ઉત્તર આપવો તે, તેને સમઝાયુ નહિ; સાચું કે જુઠું કશુંજ ન કહેવું ને મૌન ધારવું એમાં કાંઇ દોષ ખરો ? આવું પ્રલ્હાદે પૃછયું ત્યારે સુધન્વાએ કહ્યું કે દોષ તો ન્હાનોસુનો નહિ, પણ મહાન લાગે છે અને તેના અંગે અતિ દુઃખદ કષ્ટ ભોગવવાં પડે. કહેવાય છે કે પશુઓની ખાતર જુઠું બોલવા વાળાને પાંચ પ્રાણીની હત્યા લાગે છે, ગાયને લીધે જુઠું બોલનારને સો પ્રાણીની, ને પુરૂષનેમાટે જુઠું બોલવાવાળાને હજાર પ્રાણીની હત્યા લાગે છે, ધનનેમાટે જુઠું બોલનારને બહુજ પાપ લાગે છે, પૃથ્વિને માટે જુઠું બોલનારને પૃથ્વિનો સંહાર કર્યા બરાબર પાપ લાગે છે, તો હે પ્રલ્હાદ ! આ નશ્વર શરીરને સારૂ જુઠું બોલવાનો વિચાર કરશો ?

પ્રલ્હાદ મહા ધર્માત્મન હતો, ધર્મને અંગે એણે પુત્રની જરા પણ પરવા કરી ના. એણે સાચું સાચું કહી દીધું કે હે પુત્ર વિરોચન ! સુધન્વાના પિતા અંગિરા મારાથી શ્રેષ્ટ છે, એથી સુધન્વા તારાથી શ્રેષ્ટ ઠરે છે. તો પુત્ર ! સુધન્વાએ તને જીતી લીધો છે. હવે એ ત્હારા પ્રાણનો સ્વામી છે. આવો અદલ ઇન્સાફ આપ્યા પછી પ્રલ્હાદે સુધન્વાને કહ્યું કે હે સુધન્વા ! હવે જો તમારી ઇચ્છા હોય તો હું આજીજીપૂર્વક મારા એકના એક પુત્રની યાચના કરૂં છું.

સુધન્વા પણ બહુ નેકી અને દયાળુ હતો અને પોતે પ્રલ્હાદની સચ્ચાઇપર ઘણો પ્રસન્ન થયો હતો, તેથી એણે સહર્ષ કહ્યું કે હે પ્રલ્હાદ ! હું તમારી સત્યવૃત્તિ પર પ્રસન્ન છું. ને તેથી યાચનાનો સ્વીકાર કરીને તમારો એકનો એક આ લાડીલો પુત્ર (વિરોચન) પાછો સોંપૂ છું, પણ એક વાતનો એવો ઠરાવ કરીનેજ કે કુમારી કેશિનીની સંમુખ વિરોચન મારા ચરણ પખાળે.

આટલા સુધી વાત કહી સંભળાવ્યા પછી શ્રી વિદૂરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે-હે રાજન્! તમે પણ ભૂમિને વાસ્તે જુઠું બોલોમાં. પુત્રના હિતની ખાતર તમે મંત્રી સહિત પોતાનો નાશ કરો માં. અને ચોક્કસ માનો કે દેવતા લાઠી લઇને કોઇની રક્ષા નહિ કરી શકે કિન્તુ એ જેની રક્ષા ચાહે છે, તેની બુદ્ધિ શુદ્ધ પણ કરે છે. ભાવના પ્રમાણે જીવન, સંસાર અને ભવિષ્ય બંધાય છે. હમેશ તમે આમ હિણપત લગાડનાર પેંતરા રચ્યા કરશો તો પછી ઉત્તમતાને ક્યારે પામશો ?

મદિરાપાન અને લડાઇનાં તાન, સમાજ સાથે વેર, અને આંખોમાં ઝેર, (ઇર્ષ્યા) દંપતીમાં કલહ, અને કુટુમ્બમાં અંતર, દેવ

પર બેતમા અને હૃદયની નિષ્ઠૂરતા આ સૌમાંથી જે કંઇ હોય તે બને તેટલી ત્વરાથી જતું કરવું જોઇએ.

રાજન્! અગ્નિમાં સુવર્ણની પરીક્ષા થાય છે, આચરણોથી ઉત્તમ પુરૂષોની, વ્યવહારમાં સાધુજનની, ભયમાં શરવીરની, કઠિન કામોમાં ધૈર્યવાન પુરુષની, વિપત્તિકાળમાં મિત્રની, તથા સમય પરત્વે સર્વ પરીક્ષા તો થવાનીજ.

વૃદ્ધાવસ્થા રૂપને, આશા ધૈર્યને, મૃત્યુ પ્રાણુને, નિન્દા ધર્મને, ક્રોધ લક્ષ્મીને, નીચની ટહેલ શીલને, કામ લજ્જાને, અને અભિમાન સૌ વસ્તુને હરી લે છે.

યજ્ઞ અને અભ્યાસ, દાન અને તપ, સત્ય અને ક્ષમા, દયા અને સંતોષ—આ આઠ પ્રકારના ધર્મના માર્ગો છે એ પૈકી પહેલા ચાર તો આડંબરી લોકો પણ આચરણમાં લઇ શકે છે. પણ પાછલા ચારનું સેવન કરવું કઠિન છે. પવિત્રાત્માઓ તેને સેવે છે અને ઉત્તમતાને પામે છે.

તે સભા, સભા નથી કે જ્યાં બીલકુલ વૃદ્ધ આદમી વિરાજમાન ન હોય; એ વૃદ્ધ કશા કામનો નહિ કે જે ધર્મનાં તત્વોને સારી રીતે અનુભવાવી ન શકતો હોય; એ ધર્મ, ધર્મ નથી, કે જેમાં સત્યનો સમાવેશ ન થતો હોય, અને એ કર્ત્તવ્ય કર્ત્તવ્ય નથી, કે જેમાં કાવત્રાં ભરેલાં છે.

પાપ કરવું એટલે બુદ્ધિમાં સળો પેસાડવોઃ માટે બુદ્ધિને ક્ષીણુ બનાવવી હોય તો પાપ કરો. પ્રભુથી નિરાળા થવું હોય તો અધર્મ કરો.

પૂર્વાવસ્થામાં એવી કરણી કર્યા જાવ, કે જેથી ઉત્તરાવસ્થામાં સુખ પ્રાપ્ત થાય. અને જીવનમાં એવી કરણી કરો, કે જેથી મરણુ પછી ઇતર સૃષ્ટિમાં પણુ સુખી થવાય.

મન જીતનારનો શિક્ષક ગુરૂ છે, દુષ્ટોનો શિક્ષક રાજા છે, અને પાપીના શિક્ષક પરમાત્મા છે.

હે રાજન્! શકુની દુર્યોધન, દુઃસાશન અને કર્ણના હાથમાં રાજ્ય સોંપીને તમે કેવી રીતે સમૃદ્ધિ ભોગવવાના હતા ? કેમકે એમનામાં સાધુ જનને શોભે તેવા સદ્‌ગુણો ક્યાં છે ?

મિથ્યા મમત ભૂલી જાવ, થોડી પળો એકાગ્ર ચિત્તથી સ્વસ્થ થઇને એકાન્તે બેસો, અને તમે તમારા હૃદયને પૂછો કે, આ ઉભો

કરેલો કલહ વાજબી છે ? પાંડવોને તમે અપરાધી ગણો છો પણ વસ્તુતઃ તે અપરાધી છે ? કે સ્વાર્થ આગળ કશું સત્ય સમઝાતુંજ નથી ? મને કહેશો ? કે વિના કારણ આરંભેલા કલહનું પરિણામ શું આવશે ? દુનિયાં તો ઢંગ ધડા વગરની છે. કોઇ કાંઇ કહેશે ને કોઇ કાંઇ કહેશે; પણ તમારે લોકોની ઉશ્કેરણી પર અવલમ્બીને રહેવાનું શું કારણ છે? પાંડવ જેવા પુત્રો તમે પામ્યા છો તો તે તમારા દુર્યોધનાદિનું અહોભાગ્ય માની સંતોષી બનો, સૌને સલાહ કરી આપો. તમે વૃદ્ધ છો, તેથી તમારે તે ઉપર રહીને તમાસો જોવો ઘટે છે કે સલાહ સંપને વધારી આપવો છાજે છે ? રાજન્ ! મારૂં લગાડશોમાં. જે ખરૂં અને ઘટિત છે તે તમને કહું છું. કહેવું એ હું મારૂં કર્ત્તવ્ય સમજીને કહુંછું, તો કહેવા પર ધ્યાન દઇ, તે સંબંધી પૂર્ણ વિચાર કરવાનું કર્ત્તવ્ય તમારૂં છે તે બજાવો.

ચોથો પ્રસંગ.

વિદૂરજી કહે છે કે—હે રાજન્ ! પાંડવો તમને પિતા તુલ્ય માને છે, અને જો મ્હારા આ શબ્દોમાં બરાબર ભરૂંસો હોય તો, તમારે તેમને પુત્ર સમાન માનવા જોઇયે અને જો ન માનો તો પરમાત્માના મહા અપરાધી અને પાંડવોના વિશ્વાસ ઘાતક ઠરશો. ધૃતરાષ્ટ્ર ! આ વિષે દત્તાત્રય, તથા સાધ્યોનો સંવાદ સાંભળવા જેવો છે. પ્રાસંગિક છે વાસ્તે કહું છું;—

પરિક્રમણ કરી રહેલા એક પરમહંસને સાધ્ય દેવોએ પૂછ્યું કે હે મહર્ષિ અમે સૌ સાધ્ય દેવ છીએ, અમે આપના અનન્ત જ્ઞાનને અવલોકી શકીએ છીએ, આપ વેદજ્ઞ, બુદ્ધિમાન, તથા ધીર છો, આપ કૃપા કરીને અમને કોઇ વિદ્વતા ભરી ઉદાર વાણી સંભળાવી શકશો !

આવું સાંભળીને પરમહંસે કહ્યું કે—હે દેવો ! આ એક અનુભવ સિદ્ધ વાત હું કહું તે સાંભળોઃ—ધૈર્ય, મનની શાન્તિ, અને ધર્મનો પ્રતાપ સૌમાં ફેલાવો. મનુષ્યોમાં આવી પ્રેરણા પ્રેરો કે જુઠું બોલનાર સાથે મૌન ગ્રહવું ઉત્તમ છે, સાચું બોલવું એ વળી અધિક ઉત્તમ છે, પ્રિય સત્ય બોલવું એ એથી પણ ઉત્તમ છે અને ધર્મ—યુક્ત બોલવું એ સૌથી શ્રેષ્ઠ છે.

ઉત્તમ, મધ્યમ અને અધમ આ ત્રણ કોટિનાં માનવની ઓળખાણ માટે એમનામાં જૂદા જૂદા સ્વભાવ તથા ગુણ રહેલા હોય છે તે તપાસવા, જેમકે સૌના ભલામાં રાજી, સત્યને ચ્હાનારા, કોમલ, મનેન્દ્રિ અને આત્મસંયમી તથા સ્નેહશાળી માનવ પ્રથમ પંક્તિમાં મૂકાય છે; તેમ આજ્ઞા પૂરતુંજ કામ કરે, સાથે સાથે પોતાનામાંની શક્તિનો સદ્વ્યય કરવામાં ચિંગૂસ, પર દોષ જાણવા આતુર, મીઠું બોલી સ્વાર્થ ખાતર કોઇને પણ ખોટું નહિ મનવનારા અને એવા એવા અન્ય ગુણો જેનામાં હોય, તે માનવ બીજા પ્રકારની પંક્તિમાં સમાય છે. પોતાના ભલા સારૂ ઉપદેશ કરનાર પર પણ જેને શ્રદ્ધા નથી, દુરાચરણમાં જે મોહ પામતા હોય છે, બ્હીકણ તથા બેશરમા (વિવેક–નીતિ વિહોણા) હોય છે તેમનો છેક ઉતરતી પંક્તિમાં સમાવેશ થાય છે. માટે પોતાનું શ્રેય વાંચ્છનાર વ્યક્તિયે ઉમદા કુલમાં અવતરેલા એવા સાધુ જનની સેવા કરવી અને એમના શબ્દોમાં શ્રદ્ધા રાખી ભક્તિ કરવી જોઇયે.

રાજા ધૃતરાષ્ટ્રે વિદૂરજીને ઉમદા કુલનું સ્પષ્ટીકરણ કરવાની વિનતિ કરી, ત્યારે વિદૂરજીએ કહ્યું કે જે કુલમાં તપ, ઇન્દ્રિય સંયમ, વેદ, દાન, યજ્ઞ, પવિત્ર વિવાહ, સદા અન્નાદિ દાન, આ સાત કામ થયાં જાય છે એ કુલ ઉમદા કહેવાય છે.

જે કુલનાં માનવી પવિત્રાચરણ કરે છે, પ્રસન્નતાથીજ ધર્મ કર્મ કરે છે, કુલની કીર્તિને સૂર્યપ્રભા પેઠે સર્વત્ર ફેલાવવા જેવાં કામો કરે છે એવા કુલવાનો ઉમદા કુલના કહેવાય છે, પણ તેથી ઉલટું એટલે યજ્ઞોના ત્યાગથી, બુરા વિવાહોથી, વેદની જડ ઉખાડનારાં નાસ્તિક કર્મોથી, અને સ્વધર્મની આજ્ઞાના ઉલ્લંઘનથી કુલ નષ્ટ થઇ જાય છે.

દેવના ધનને બગાડવાવાળા, બ્રાહ્મણ–ધનને હરિ લેનારા, તથા વિશ્વાસથી સોંપાયલી લક્ષ્મીને ' હોઇઆં ' કરી જનારા અધમ કુલમાં ઉછરેલા અંગારા કહેવાય છે.

ગમે તો કોઇ કુલમાં ગાયો, કુટુંબવર્ગ, કે ધનનો સમૂહ ઝાઝો ભલે ન હોય, પણ જો તે સદાચરણી હોય તો બ્હોળા સમૂહવાળા કૂર કુલ કરતાં હજાર દરજ્જે ઉત્તમ છે, બળવાન છે, યશસ્વી છે, આચાર વિચાર વગરનાં કુલ પ્રજાપતિને ત્યાં રહેતા ગોધાના કુલ કરતાં ચઢિયાતાં નથી.

બેસવાને આસન, આરામ વાસ્તે સ્વચ્છ ભૂમિ, પીવા વાસ્તે ગંગાજળ જેવું નિર્મળ પાણી તથા પ્રિય વચન આટલાં વાનાં સદા સજ્જનોની પાસેથી મળેજ.

મંત્રી તો તેજ કે જેમાં સ્વાર્પણ, શ્રદ્ધા, સત્ય અને નિઃસ્વાર્થી સ્નેહ સમાયલો હોઇ અનાયાસે મિત્ર થવાયું હોય. અન્ય નહિ.

સંતાપના તાપથી રૂપ, બલ, અને બુદ્ધિમાંથી ચેતનતત્વ ઉડી જાય છે. માટે હે રાજન્! ચિન્તા કરોમાં. એનાથી લાભ કશોજ નથી, ને હાનિ ઘણી છે, શરીર ક્ષીણ થઇ જાય, ને તેથી શત્રુ પ્રસન્ન હોઇ, એમના બળમાં ઉમેરણ થાય માટે મનમાં કદિ શોચને સ્થાન ન આપો. સુખ દુઃખ, જન્મ મૃત્યુ, લાભ—હાનિ, વગેરેનાં જોડકાં જીવનપર્યન્ત ક્રમપૂર્વક મનુષ્યને ભોગવવાનાં હોય છેજ, તો પછી ઉદાસિન વૃત્તિ કાં ન ધારણ કરવી !

ધૃતરાષ્ટ્રથી હવે બોલ્યા વિના રહેવાયું નહિ, એટલે એક ઉંડો નિશ્વાસ નાંખીને એમણે કહ્યું કે—અગ્નિ જેવા તેજસ્વી તથા પવિત્ર રાજા યુદ્ધિષ્ટરનું મારાથી ભારે અપમાન થયું છે, અને તેથી અવશ્ય મારે તે પાપનું ફળ મારા પુત્રોદ્વારા ભોગવવું પડશે. આ કારણથી મને મહા સંતાપ થાય છે. શાન્તિ, સુખ કે નિર્ભયતાનાં સ્વપ્નાં શી રીતે આવે? માટે કૃપાળુ! મને કોઇ એવો માર્ગ બતાવો કે જેથી હું સંતોષ પામું.

ત્યારે વિદુરજીએ કહ્યું કે મયાના આચરણનો પડદો ખસેડી, મોહથી મુક્ત થયા સિવાય, આત્મસંયમી થયા સિવાય, મમતા અને ભેદાભેદ ભરી સંકુચિત દૃષ્ટિ દૂર કરવા સિવાય તમને શાન્તિ શી રીતે મળે? તે મને સમજાતું નથી. આગમાં બળતા બળતણનો નોખો કટકો બળી નહિ જતાં જેમ ધુંધવાયાં કરે છે, તેની સ્થિતિ બન્ધુત્વથી નોખા પડનારની સમજવી.

હે રાજન્! જે માનવ ગાયો પર, સ્ત્રી પર, તથા બ્રાહ્મણ પર શૂરવીરતા દાખવે છે તે પતિત થાય છે. જેમ જાણે વૃક્ષ પરથી ખરી પડેલું ફળ.

ભૂમિમાં અતિ ઉંડાં મૂળ ઉતર્યાં હોય, તોપણ વનમાં એકલું વૃક્ષ પવન આગળ ટક્કર ઝીલી શકતું નથી, તેવીજ સ્થિતિ માનવ માટે પણ સમજવી. સંખ્યા થોડી છતાં પણ ઐક્યથી તે દિર્ઘકાળ પર્યંત ટકી રહેશે, એકલો હશે—એકબીજાથી નોખા પડેલાનું આયુષ્ય અલ્પ સમજવું—ને એકબીજા વચ્ચે ભ્રાતૃભાવ હોય સૌ

હળીમળીને ચાલે તો તેઓ, જળાશયમાં ખીલતાં કમળો માફક કલ્લોલ કરતાં પોતાના જીવનને સુખી અને ઉન્નત બનાવી શકશે.

જે કટુ છે, જે શિરમાં રોગ પેદા કરનાર છે, જેને અધિન થવામાં પાપ છે, જેના સંગ્રહથી પ્રભુની કૃપાના પાત્ર થવાતું નથી, જે મહા તવ છે, તીવ્ર છે, ગરમ છે, સજ્જનોજ જેનું પાન કરવાને હક્કદાર છે એવો "ક્રોધ" તમે તમારા પુત્રોને પીતાં શિખવો કે જેથી–જેના નષ્ટ થવાથી હૃદયમાં શાન્તિ નિવાસ કરશે-કરાવશે.

હે ધૃતરાષ્ટ્ર ! જો તહમારે ભય મુક્ત થવું હોય, જો તમારે ચિન્તાથી છૂટવું હોય, જો તમારે શાન્તિને અનુભવવી હોય, જો રાતે નિરાંતે નિદ્રા લેવી હોય, જો શાશ્વત કલ્યાણ ચ્હાતા હો, જો અવનીમાં આદર્શભૂત નિવડવું હોય, જો પરમાત્માના પ્રિય ઠરવું હોય તો સહેલો અને સરલ ઇલાજ એક છે ને તે એજ કે પાંડવોની સાથે મળી જાઓ, એમને પ્રસન્ન કરો. કેમકે એમનાથીજ તમારૂં શ્રેય છે, એમનાવડેજ તમે શોભશો, અને વિચારશો તો તમે સમજી શકશો કે વસ્તુત: એ અને આપ ભિન્ન નથી.

પાંચમો પ્રસંગ.

વિદૂરજીએ કહ્યું કે હે રાજન્ ! મહાત્મા મનુ ભગવાને સત્તર પ્રકારના મનુષ્યોનો પરલોકમાં અનાદર થવાનો જણાવ્યો છે અને તે સત્તર પ્રકાર આ પ્રમાણેઃ—શિક્ષા ન દેવા યોગ્યને શિષ્ય બનાવનાર, વગર કારણ અટ્ટહાસ્ય કરનાર, શત્રુની સેવા કરનાર, સ્ત્રીઓના સંરક્ષણને અંગે સંભોગ સુખ ભોગવનાર, અસ્થાને કંઇપણ માગણી કરનાર, વૃથા ખુશામત, આપબડાઇ અને સાચાંજુઠાં કરનાર, કુલિન હોઇ કુકર્મ કરનાર, નિર્બળ હોવા છતાં બળવાનો સાથે અદાવત કરનાર, અશ્રદ્ધાળુઓને ઉપદેશનાર, ન ચહાવા યોગ્યને ચહાનાર, પુત્રવધુ સાથે ઠઠ્ઠા મશ્કરી કરનાર, તેની સાથે રહી પ્રતિષ્ઠા વધારવાની ચાહના ધરાવનાર, પરાયા ખેતરમાં બી વાવનાર, નાહક પારકાની લાગણી દુઃખાવનાર, લઇને ઇનકાર કરનાર, દાન કરીને પોતાની મેળે બડાઇ મારનાર, ન બનારને થયું માનનાર, આ સઘળા માનવીનો સ્વર્ગમાં સમાવેશ થતો નથી. અરે ઇહલોકમાં પણ એમને માટે સ્થાયી શાન્તિનું સ્થાન નથીજ.

રાજા ધૃતરાષ્ટ્રે શંકાશીલ થતાં વિદૂરજીને પૂછયું કે, શાસ્ત્રમાં આયુષ્યની અવધ લગભગ સવાસો વર્ષની જણાવી છે, છતાં તે ઉલ્લેખ હવે કેમ ખોટો ઠરે છે! ત્યારે વિદૂરજીએ સમાધાન કરતાં કહ્યું:— શાસ્ત્રોકિત ખોટી પડેજ નહિ, પણ બાબત એવી છે કે શાસ્ત્રના સૂચનને ઓળંગી જવાથી મૂળ નિયમમાં ફેરફાર થયલો જણાય છે. જેમકે અયોગ્ય કાળે લગ્ન કરવાં, ચિન્તામય જીવન રચવું, અનેક દુરાચરણથી ઉત્પન્ન થતી વ્યાધિઓનું અંગમાં ઘર થવું વગેરે.

હે રાજા! મીઠા બોલવાવાળા ખુશામતખોર તો બહુ મળશે, પણ માતાતુલ્ય કડવું ઓસડ પાઇ આન્તરહિત ઇચ્છનાર મળવાં દુર્લભ છે.

કુળને માટે કોઇને ત્યજવો પડે તો તેનું કાંઈ નહિ ગામને માટે કુળને પણ તજાય, દેશને સારૂ ગામ પણ છોડવાનું થાય તો છોડવું, અને સ્વાત્મ સંરક્ષણાર્થ સમગ્ર દેશ ત્યાગવો પડે તો તેથી સંકોચ ધરવો નહિ. કેમકે પોતાના આત્માથી પોતે સાબુત હશો તો ઉપલી સઘળી વસ્તુઓ પુનઃ મેળવતાં મળી શકશે. આમજ આપત્કાળ વખતે ઉપયોગમાં આવે, માટે ધનનો સંચય કરવો આવસ્યક છે, ધનથી પણ જારતી સ્ત્રીની રક્ષા કરવી ઉચિત છે, અને સ્ત્રીથી પણ અધિક તો પોતાની જાત સંભાળવી બ્હેતર છે.

હે રાજન્! રાજ દૂતમાં આઠ પ્રકારના પ્રાયઃ ગુણ હોવા જોઇયે, ને તે નીચે પ્રમાણેઃ— કામ કરવામાં ચાલાક, પ્રમાદ—વગરનો, સ્વભાવે દયાળુ, જરૂર પૂરતી વાત કરનાર છતાં, ઉપયોગી બાતમીઓ મેળવી લાવનાર, શત્રુની પ્રાપંચિક બાજીથી ફૂટે નહિ તેવો, રોગહીણો, તેમજ મનનો અને દેહનો ચોખ્ખો.

માનવના જે વર્ગ સાથે અતિ વ્યવહાર રાખવાનો નથી, તે વર્ગ નીચે પ્રમાણેઃ—જે પુષ્કળ દયાળુ હોય (કે જે દયા, નિર્દયતાની ગરજ સારતી હોય) રાજા, નાયકો, રાજકર્માચારી, પુત્ર, ભાઇ, જેનો પુત્ર બાલક હોય એવી વિધવા સ્ત્રી, સૈનિક, જેની સંપત્તિ હરાઇ ગઇ હોય એવા; પ્રયોજન એ છે કે આ લોકો સાથે ઝાઝો વ્યવહાર રાખવામાં નવીન જંજાળો ઉત્પન્ન થાય છે અને અણધાર્યા બખેડામાં લબ્ધાવું પડે છે

મિતાહારીના જીવનની બલિહારી તો જુવો! એ શું શું પામે

છે ? હે રાજન્! એકતો પોત્તે આરોગ્ય રહે છે, આયુષ્ય-ક્ષણુ થતું, બલીષ્ટ બને છે, સુખી રહે છે, સંતાન સારાં નિવડે છે—વગેરે.

ગૃહસ્થાશ્રમીને આ અતિ ઉપયોગી સૂત્ર છે, કે સન્તાનોત્પત્તિ પછી, પોતે ગૃહસંસારમાંની ફરજોમાંથી ઘણે અંશે મુક્ત થાય છે અર્થાત્ ત્યાર પછી, એટલે પુત્રને મિત્ર તરીકે સ્વીકારાય એટલી પુત્રની વય થતાં પોતે વાનપ્રસ્થાશ્રમને છાજે તે પ્રકારનાં નિવૃત્તિમય પ્રવૃત્તિ કરતાં સંકોચ રાખવાનો નથી.

આજીવિકાની કાળજી કોને નથી હોતી ? જેનામાં કેળવાયલી બુદ્ધિ અને અનુભવથી પરિપક્વ હૃદય છે, પ્રતિભાશક્તિ છે, પ્રભાવ છે, બળ છે, નૂર છે, સ્ફૂરતી છે, હિમ્મત છે એને માટે ભરણુ પોષણના માર્ગો મોકળાજ છે.

રાજન્! પાંડવ જેવા પ્રતિભાશાળી, પવિત્ર અને પુણ્યવંતા પ્રાણુ સાથે વેર કરવામાં—લડાઇ કરવામાં આટલી વિપત્તિયો ગળે વળગે છે'— દેવતાઓને દુઃખ, પુત્રોથી વેર, હમેશ ભયના ભણકારા યશ—સંપત્તિ અને સુખનો નાશ તથા શત્રુઓને આનન્દ.

વળી હે રાજન્! ઇન્દ્ર સમાન પરાક્રમી રાજન્! જુવો કે ભીષ્મનો કોપ, આપનો કોપ, દ્રોણુનો કોપ, તથા સ્હામી બાજુ રાજા યુદ્ધિષ્ટરનો કોપ આખા જગતને ઉથલપાથલ કરી નાખે એમ છે. જેમ આકાશમાં ખરી પડતો શ્વેત ગ્રહ! તો આને બદલે તમે એવું કામ કરો કે જેથી તમારા સો પુત્ર, કર્ણ તથા પાંચ પાંડવ સૌ મળી સુખરૂપ સમૃદ્ધિ અને સામ્રાજ્ય ભોગવો.

બેશક, તમારા પુત્રો વન રૂપ છે, અને પાંડવો કેસરી રૂપ છે તો સિંહ સહિત તમે વનની રક્ષા કરો; અને વનથી સિંહોને, અને સિંહથી વનને પરસ્પર પાયમાલ કરો માં...સિંહ સિવાય વન નકામુ છે, અને વનમાંજ સિંહ શોભે છે: માટે મહને તો એજ ઉચિત લાગે છે કે પરસ્પર-એક બીજાની રક્ષા કરવી.

અને હે રાજન્! ધર્મને પ્રસંગે ધર્મ, અર્થ ટાણે અર્થ, અને કામ વેળાએ કામ જે કરે છે, તે આલોક તથા પરલોકમાં સુખ પામે છે—ઇતર નહિ. મતલબ કે સૌ કામ સમયાનુસાર કરવું એ શાણા સજ્જનોને છાજતું છે.

બળના પણ ચાર પ્રકાર છે; એક તો પોતાનું ભૂજબળ, ઉત્તમ

પુરૂષોની સલાહનું બળ, આર્થિક બળ, તથા પરમ્પરાથી ચાલતા આવેલા કુળ સમ્બન્ધી બળ. પણ આ ચારેય બળથી વધારે ઉત્તમ બળ એક પાંચમું છે અને એ "આત્મબળ" છે.

સર્પ અને સિંહ, અગ્નિ અને કુલીન પુત્ર; એમનો નાહક તિરસ્કાર કરવામાં મહા હાનિ થાય છે. કેમકે એ બધા તેજસ્વી છે અને એમના તપોબળનું તેજ, તિરસ્કાર કરનારને બેહાલ બનાવી દે છે. છૂપાઇ રહેલો અગ્નિ જો કે કાષ્ટમાં અખંડ હોય છે જ, પણ તેને કાંઈ તે દહતો નથી, પણ કોઈ જ્યારે તેને પ્રદિપ્ત કરે, ત્યારે તે કાષ્ટની ભસ્મજ બનાવી દે છે. તાત્પર્ય એજ કે તેજસ્વી પુરૂષને જ્યારે છેડવામાં આવે ત્યારેજ તે છંછેડવાનું પરિણામ બતાવી આપે છે, માટે પાંડવોને છેડવામાં કશો સાર નથી.

છઠ્ઠો પ્રસંગ.

હે રાજન્! સાધુ એજ કે જેણે ક્રોધને અનુભવ્યો પણ ન હોય, સુવર્ણ અને માટીને સમાન માને, વૃત્તિ જેની સદા ઉદાસિન હોય, લડાઇ ઝગડથી દૂર રહેતો હોય, નિંદા, કે પ્રશંસાથી પણ પોતે દૂર હોય, 'આ વસ્તુ વ્હાલી અને આ અળખામણી" એવો ભેદ જે ભૂલ્યો હોય, અને અભેદમાર્ગ પ્રવાસી બન્યો હોય. એવા સાધુ સદા પૂજનીય અને સ્તુત્ય છે.

બુદ્ધિમાનનું તાડન કરતાં, તેને સતાવતાં, સ્હામા પક્ષે એમ ન સમજવું જોઇએ કે હું તેનાથી છેટો અને છૂટો છું. કેમકે બુદ્ધિમાનની ભૂજા કદાચ બહુ લાંબી નહિ હશે, પણ તેની ગતિ તો દૃષ્ટિ ન પહોંચે એટલી આઘે જાય એવી બળવાન હોય છેઃ અને તેથીજ ધારે તો તે દુર્બુદ્ધિની ઘટિત સજા—દોષવાન ગમે ત્યાં હોય ત્યાંથી પણ—કરવા શક્ત છે.

સંભાળજો; દુનિયાં બહુ જાદુ ભરેલી છેઃ તમે તેને માટે જેવું અને જેટલું વજન બાંધો, તેવી અને તેટલી તે નહિ પણ હોય. માટે એકદમ તમારૂં હૃદય સોંપશો ના. અર્થાત્ વિશ્વાસ ન કરવા યોગ્યનો વિશ્વાસ તો ન કરો, પણ જે વિશ્વાસપાત્ર લાગ્યો હોય, તેનો ભરૂંસો પણ, બહુ કસોટી પછીજ કરવો. કેમકે વિશ્વાસથી પેદા થયેલો ડર જડને પણ કાપીને ફેંકી દે છે! માનવને એ ન્હાવા લાયક છે કે, તેણે

કોઇની સાથે ઈર્ષ્યા કરવી નહિ, અનાથોને બને તેટલું સંરક્ષણ આપવું, આપકમાઇ પર આજીવિકાનો આધાર રાખવો, મિષ્ટ વચન બોલવાં, નમ્રતા, સાદાઇ અને સ્વચ્છતાથી સંસારને શોભે એવો આચાર, વિચાર રાખવો.

સ્ત્રીઓ એ ગૃહની લક્ષ્મી છે, જીવનનો પ્રકાશ છે અને માટેજ એ સત્કારવા યોગ્ય છે; સ્ત્રીનામાં બે પ્રકારનો પ્રવાહ વહે છે. જો તેને રીઝાવીને કામ લેવાય, તો તે દેવી, સતી અને સાચી ગૃહિણી સ્વરૂપે સંસારમાં સ્વર્ગ ઉતરાવી સદનને આદર્શ નમૂનો બનાવશે, અને એથી ઉલટું જો તેના દુરૂપયોગથી તે વંઠી, તો પછી ગૃહસંસાર, કુમ્ભિપાકથી પણ ઉતરતી પંક્તિમાં આવી જાય એ અક્ષરશઃ યથાર્થ છે.

અને હે રાજન્! પિતા રણુવાસમાં ભલે જાય, રસોઇ કરવા સારૂ માતા રસોડામાં છોં જતાં, ગૌ ચારવા કદિ આપણા જેવો કોઇ ગોવાળ (કે ગોપાળ) ભલે બને, પરન્તુ ખેતી કરવા સારૂ તો આપણે પોતેજ જવું એ શ્રેયસ્કર છે. કૃષિનું કામ બીજાના ભરૂંસા પર ન સોંપાવું જોઇએ.

ક્ષમાશીલ સજ્જન કાષ્ટમાંના અગ્નિની પેઠે છુપાઈ રહેલ હોય છે. એમના હૃદયના ગુપ્ત ભેદને, એમના ભાવોને અને એમના વલણને કોઈ સમજી શકતા નથી.

દશે દિશાની ખબર રાખતા રહેનાર રાજા લાંબી મુદત લગણ રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થાય છે; ધર્મ અર્થ આદિનાં કામો, કરતાં પહેલાં કહી બતાવવાં એ શાણુપણનું કામ નથી; અને સલાહ સંકેત કરો તો હે રાજા ! પર્વતપર ચઢીને, મહેલના એકાન્તાવાસે, જંગલમાં, કે કોઈ શાન્ત જગ્યામાં કરવી; વળી જે મિત્ર નથી, તેની સલાહ કોઈ કામમાં લેવી પણ યોગ્ય નથી.

ગમે તો મૂર્ખ હો કે પંડિત; પણ જેણે પોતાના મનને જીત્યું નથી, એવાને રાજાએ પોતાનો મિત્ર બનાવવો નહિ; સારા મિત્ર (મંત્રી) થીજ સૌ વાનાં સારાં થાય છે અને સલાહો ગુપ્ત રહે છે. વળી જે રાજાનો ક્રોધ તથા પ્રસાદ વ્યર્થ નથી થયો, જે સ્વયં ભ્રમણ કરી, ત્યાં મેળવેલા નવા અનુભવોનો લાભ પોતાની પ્રજાને આપે છે, એવા રાજા લોકપ્રિય હોઇ બ્હોળી સમૃદ્ધિવાન બને છે.

સામાન્ય નિયમ તો એવો છે કે, બ્રાહ્મણજ બ્રાહ્મણને બરાબર

ઓળખી શકે, સ્ત્રીનું હૃદય સ્વામીજ સમજી શકશે, મંત્રિનું મૂરાતન રાજાનેજ માલમ છે, પણ એક રાજાને, બીજો રાજા બરાબર પીછાની શકતો નથી !

દેવતા અને બ્રાહ્મકુમારો, નૃપ, અને બાલક, વયોવૃદ્ધ, અને રોગી આટલા ઉપર ક્રોધ કરવામાં મહા પાપ અને હાનિ છે; વળી વેર કોઇ સાથે પણ ન કરો, વેર ન કરનાર બન્ને લોકમાં શાન્તિ ભોગવે છે.

બુદ્ધિનો ઉપયોગ કેવળ આર્થિક સ્થિતિની ઉન્નતિમાંજ ન થવો જોઇએ તેમજ મૂર્ખતાની મતલબ માત્ર દરિદ્રતા ન હોવી જોઇએ, પણ સંસારના ફેરફારને તો વિદ્વાનોજ જાણે-અજ્ઞાની નહિ.

તમારે તમારૂં જીવન અપવિત્ર અને ગંદુ બનાવવું છે ? જો તેમ ચ્હાતા હો તો, દુરાચરણી, મૂર્ખ, ચાડી ચુગલ કરવાવાળા, અધર્મ કટ્ટતા ભરનારા, ક્રોધી, અને ટુંકામાં પ્રભુના નિયમોને ઓળંગી જઈ સ્વચ્છંદે વર્તવાની ટેવ પાડો ! અર્થાત્ આવી હેવાથી અવતાર એળે જાય છે. અરે એવાને છાંયડે પણ ન ઉભા રહો; કિન્તુ જે વ્યર્થ બકવાદ ન કરતો હોય દાન, દયાને તથા દીનતાને સારી રીતે સમજી અનુભવમાં આણતો હોય, સમયની સારી રીતે કિમ્મત તથા કદર કરવાવાળો હોય, વાણીપર કાબુ, ઇન્દ્રિયોને પરાજીત કરનાર અને આત્મા પ્રત્યે સાચો સ્નેહ ધરાવનાર હોય એવા પૂજ્યોની પાસે જીવન વહન કરો કેમકે જન્મની સફળતા એમાંજ છે.

સમિધાથી જેમ અગ્નિ વધે છે, તેમ લક્ષ્મી પણ વધે છે, લક્ષ્મીને વધારનારી સમિધા આ રહી !—ધૈર્ય, શાન્તિ, સંયમ, પવિત્રતા, દયા, કોમલતા વિમલ અને નમ્રવાણી, તથા મૈત્રીભાવ.

જે મનુષ્યોથી આપણી શાન્તિ અને ઉન્નત માર્ગમાં ખલેલ નડતી હોય, એવા અંગ બળી, જડ બુદ્ધિના અને "લ્હેરી લાલાઓ" નો સમય પરત્વે પ્રસંગ પડે તો તેને તમે અપ્રસન્ન કરશો નહિ, પણ તેને રૂચે તે પ્રકારનો નિર્દોશ આનંદ દઇ લઇ એનાથી મુક્ત થાવ.

મહારાજ ! જે મનુષ્યની કપટીજન ખુશામત કરે છે, જેની ભાંડ લોક તારીફ કરે છે, અને જેની વેસ્યા વર્ગ બેહદ ઉપાસના કરે છે એ માનવીને મરેલો સમજવો—એ જીવતા છતાં જીવતો નથી !

હે ધૃતરાષ્ટ્ર ! તમે મહા પરાક્રમી પાંડવોનો પરિત્યાગ કરીને

ભારતના સામ્રાજ્યને દુર્યોધન જેવાને હસ્તગત કર્યું છે એ લગીરે ઠીક થયું નથી. અલબત, એથી તો આ રાજ્ય તાપથી ગળી જતા દુર્યોધનને તમે થોડા કાળમાં ભસ્મિભુત થયેલ જોશો કેમકે રાજ્યનો તાપ સહેવાને હજુ તે પાંડવો જેવો પાત્ર નિવડયો નથી. અને તમે જાણો છો કે "સોમરસનું પાન" તો જેને યોગ્ય છે તેજ કરી શકે, નહિ તો સોમરસ અતિ ગુણકારી છતાં કુપાત્ર તેનો આહાર કરીને દુર્ગતિને પામે છે.

સાતમો પ્રસંગ.

આટલું શ્રવણ કરીને ધૃતરાષ્ટ્રે વિદુરજીને સવિનય નિવેદન કરવા માંડયું કે હે પુણ્યાત્મન્! માનવમાત્ર હાનિ-લાભની પ્રણાલિકામાં જકડાયેલ છે, પરતંત્ર છે. એને વિધાતાએ દૈવને અધિન રાખેલ છે—જેમ ધાગામાં કાષ્ટ પુતળી બાંધી હોય તેમ—માટે આપ વચનામૃતનું પાન કરાવ્યે જાવ, હું સ્વસ્થતાથી અને શાન્તિથી ગ્રહણ કરૂં છું.

રાજા ધૃતરાષ્ટ્રની આવી ઇન્તેજારી જોઇને, પવિત્ર સાધુ શ્રીવિદુરજીએ નીતિનો ઉપદેશ કરવો ચાલુ રાખ્યો—

જે મનુષ્ય સમયની વિરૂદ્ધ બોલે છે, બે મુખે વાત કરે છે, એ ભલે હાય તો બુદ્ધિમાં બ્રહસ્પતિ કેમ ન હોય, તોપણ તેનું અપમાન થયા વિના રહેશે નહિ.

અર્પાને વ્હાલા થવું, કે મીઠાં વચનથી વ્હાલા બનવું એના કરતાં સલાહસંપથી ચાલવામાં વ્હાલા થવું એજ "વ્હાલ" વાસ્તવિક છે અને હિત પણ તેજ કરે.

સાધુજન, બુદ્ધિમાનો, તથા પંડિતો સાથે કદિ દ્વેષ કરવો નહિ; ભલાં કામોમાં પ્રીતિ અને બુરાં કામો પ્રત્યે અભાવ રાખવો જોઇએ; અને એજ પ્રમાણે બુરા લોકને ત્યજવા જોઇએ.

હે રાજન્! દુર્યોધનના જન્મ વખતેજ મેં તમને કહ્યું હતું કે તમે એનો ત્યાગ કરો; એના ત્યાગથી તમારા સો પુત્રનું અસ્તિત્વ રહેશે, અને નહિ ત્યજવાથી—એકને લીધે—બધાનો નાશ થશે. પણ તમે તે માન્યું નહતું. હે રાજન્! કોઈ ધનથી મોટા હોય છે, તો કોઇ

ગુણથી મોટા હોય છે; પણ તમે ધનથી મોટા બનેલાને પરિહરોજ કે જે ગુણહિણા હોય.

રાજા ધૃતરાષ્ટ્રે જોયું કે વિદૂરજી અત્યારસૂધી એવુંજ વાંચ્છે છે કે દુર્યોધનના ત્યાગમાં મારો જયવારો છે અને તેથી આવો ઉપદેશ આપી રહ્યા છે, ત્યારે પછી વિદૂરજીને કહ્યું કે હે વિદૂરજી! તમારૂં કહેવું યથાર્થ છે, તમારો ઉપદેશ સુખદાયક છે, તમારૂં કથન વિદ્વાનોમાં સમ્મત છે, અને એ પણ હું સમજુ છું કે જ્યાં ધર્મ છે ત્યાંજ જય છે, પણ કરૂં શું? મોહ એ મહા માયાભરી અને બળવાન વસ્તુ છે ને તેથી પુત્રને મ્હારાથી ત્યજાતો નથી.

વિદૂરજીએ આ વેણુ શ્રવણ કર્યા, અને પુનઃ ઉપદેશ ઉપદેશવો શરૂ કર્યો:—જે માનવનામાં વિનય છે, જેનામાં નમ્રતા છે, જે સદ્‌ગુણી છે, તે કોઇના થોડા સરખા નાશને પણ જોઇ, ખમી શકતો નથી એ તો સદા દીન હૃદયની રક્ષા કરવામાં મશગૂલ રહે છે. આપ જાણતા હશો કે, ચાલુ તો પોતાનો ભાઈ બહુ બાહોશ ન હોય તોપણ તેનો ત્યાગ ન કરવો જોઇએ, તો પાંડવો તો બાહોશ ઉપરાંત સમર્થ સાધુ હૃદયી છે, અને એ તો તમારી પ્રસન્નતામાંજ પોતાને સુખી સમજે છે. તો આવા ઉદાર પવિત્રાત્માઓના પરિત્યાગથી તમે શું સારાં ફળ ભોગવવાના હતા વારૂ? પાંડવોના સત્કારથી જગતમાં આપનું સારૂં કહેવાશે, પરમાત્માની પ્રસન્નતા પમાશે, સૌ તમને ધન્યવાદ દેશે. આપ વૃદ્ધ છો, વિચાર કરો; અને આપના પુત્રોને બરાબર સમજણ પાડો. મને પણ ત્યારેજ શાન્તિ મળશે કે જ્યારે આપ, આપના દુર્યોધનાદિ પુત્રો સાથે સદાચરણ અને ધર્મનીતિને અવલંબીને ચાલશો. મહારાજ' મારાં સુખ અને હિતનો સમાવેશ પણ તમારી સાધુતામાંજ છે—શઠતામાં નહિ. કહેશો? ભલું ચ્હાનાર, પોતાના ભાઇઓથી વિરોધ કેમ કરાય? એથી તો આપણું અને આપણા અંગે ઘણાંનુ અહિત થાય. સઘળો એકજ પિતાનો પરિવાર છે. તો સૌ ભેળા મળો, અને સાથે બેસી એક પંગતે ભોજન કરો, ગૃહસંસાર અને રાજ્યનીતિને લગતો વાર્તા વિનોદ કરો; અમર તો કોઇ છોજ નહિ, તો વેર, કુસંપ અને કુટુમ્બમાં ક્લેશ શા જીવ્યા સારૂ? કેટલા જીવ્યા સારૂ! શું લઇને આવ્યા હતા? અને મહારાજ! વિચારો કે આપ શું લઇને જશો? અથવા જ્યાંથી આવ્યા એજ સ્થાને જઇ શકો એવું ભાથું તૈયાર કરોછો?

કુટુંબની ફૂટથી કે કુટુંબમાંના વેરથીજ સંસાર વંઠી જાય છે અને હાલ બેહાલ થાય છે તે વિસ્મૃત થાય છે, માટે હવે વૃદ્ધ છો, તો વૃદ્ધત્વનો બરાબર રીતે સદુપયોગ કરો. તમ જેવા તે ખાઇમાં પડેલા ગાડાને કળે કળે બહાર કઢાવી આપે, કે તેને વધારે ઉંડી ખીણમાં ઉતારવાની અજુકતી સલાહ આપે ? તમને શું શોભાસ્પદ છે તે પોતે નહિ જોઇ શકો ?

હે રાજન્! જે મનુષ્ય બુદ્ધિમાનના શબ્દોમાં શ્રદ્ધા રાખી, એમની સલાહ પ્રમાણે ચાલે છે તે બહુ સુખી થાય છે. વળી, બૃહસ્પતિ સમાન બુદ્ધિમાન પણ વૃદ્ધોની સેવાના ધર્મ વિના, અર્થને જાણતા નથી. સમુદ્રમાં પડેલી વસ્તુ નષ્ટ થઇ જાય છે, અને તે ફરી શોધવા જતાં મળતી નથી. તેમ કહેલું ન માનનારને કંઇપણ ઉપદેશવું એ વ્યર્થ છે, મૂર્ખને માટે શાસ્ત્ર નકામાં છે.

મહારાજ! વિદ્વાનોના સેવકને, વૈદ્યોને, ધાર્મિકને, સુરૂપને, જેના અતિ મિત્ર છે એવાને, હિતકર બોલવાવાળાને અચ્છી રીતે નિભાવવા જોઇએ. પણ આ તમારાથી ક્યાં અજાણ્યું છે ?

દુઃખ પીડીતોને, પ્રમાદિયોને, નાસ્તિકોને અને અધર્મીને લક્ષ્મી ચ્હાતી નથી. તેમજ જે લોક ઉત્સાહ રહિત રહે છે, તેઓ પણ નિર્ધન અને પરમાત્માના પન્થથી બહુ દૂર રહેવાવાળા ઠરે છે.

અતિ મેલા મનુષ્યને, અતિ દાતાને, અતિ શૂરવીરને, અતિ વ્રત કરનારને, અને બુદ્ધિના અભિમાનીને લક્ષ્મી વરતી નથી. હકીકત એવી છે કે લક્ષ્મી અતિ ગુણશાળી પાસે રહેતી હોતી નથી, કે નથી રહેતી બિલકૂલ ગુણ વગરની વ્યક્તિ પાસે.

વેદ પઢવાનું ફળ અગ્નિહોત્ર છે, વિદ્યાભ્યાસનું ફળ સુશીલ તથા સદાચાર છે, સ્ત્રીનું ફળ પુત્ર તથા દાનનું ફળ દાન—ભોગ કહેવાય છે.

વ્રતભંગ નહિ હોવાની આઠ વસ્તુઓ કહેવાય છે તે આ રહીઃ— જળ, મૂળ, ફળ, દૂધ, હવિ, બ્રાહ્મણની ઇચ્છા, ગુરૂનું વચન, અને ઔષધ.

કોઇની સાથે પણ તમે એવું વર્તન ન કરો કે જે તમને પસંદ ન હોય.

ક્રોધને, શાન્તિ તથા ક્ષમાથી જીતી શકાશે, અસાધુને સાધુતાથી, કૃપણને કંઇક આપીને, તથા જુઠાને જુઠથી નહિ પણ સત્યથી જીતાશે.

શરીરી (દેહધારી) ને અતિ પ્રવાસ કરવામાં વૃદ્ધાવસ્થા વહેલી પ્રાપ્ત થશે. પર્વતોની વૃદ્ધાવસ્થા પાણીથી, સ્ત્રીયોની વૃદ્ધાવસ્થા નકામું બેસી રહેવામાં, અને મનની વૃદ્ધાવસ્થા (શિથિલતા) બુરા વચનથી છે.

હે રાજન્! આત્મા એક નદી છે, પુણ્ય એનો કિનારો છે, સત્ય એનું જળ છે, ધૈર્ય એનો ઘાટ છે, દયા એની લહરી છે, પુણ્યાત્મા આવી નદીમાં સ્નાન કરીને પવિત્ર બને છે. પણ જો માનવ લોભ રહિત હોય, તો તે, વગર સ્નાન કર્યે પણ પવિત્રજ છે.

વળી હે રાજન્! એક બીજા પ્રકારની નદી પણ છે. જેમાં કામ તથા ક્રોધ બે પ્રચંડ ગ્રાહ છે, પંચેન્દ્રિ એનું જળ છે. આવી નદીને ધૈર્યરૂપી નાવ બનાવીને જન્મરૂપ દુર્ગ દુઃખ) ને તરી જવાય.

ઉદર તથા ગુપ્તેન્દ્રિયને ધૈર્યથી બચાવી લ્યો. હાથ પગને નેત્રોથી બચાવો, નેત્રો તથા કાનને મનથી, અને મનને તથા વાણીને સત્કર્મથી સંરક્ષો.

હે રાજન્! ચાર વર્ણોના પ્રથક પ્રથક ધર્મો તમે જાણોછોજ, આમ કહેવાની મતલબ એટલીજ છે કે પાંડુના પુત્ર મહાત્મા યુધિષ્ટર ક્ષત્રિયોના ધર્મથી હિન થઇ ન જાય, માટે તેમને રાજધર્મમાં નિયુક્ત કરો—એમને હક્ક પ્રમાણે અર્ધ રાજ્ય આપો.

આટલો ઉપદેશ શ્રવણ કરીને ધૃતરાષ્ટ્ર બોલ્યા કે હે વિદૂર! જે પ્રમાણે આપ મને ઉપદેશી રહ્યા છો, એવીજ રીતે અનુસરવાની મારી અભિલાષા છે આપ જેવું ચાહો છો એવુંજ આચરણ મને પસંદ છે, પણ કોણ જાણે કેમ! દુર્યોધન પાસે જતાંજ વૃત્તિયો ફરી જાય છે અને હું કોઇ જૂદોજ બની જાઉછું અને છેવટ મને મારી સમતિમાં પારબ્ધજ મુખ્ય લાગે છે અને એજ સ્થિર જણાય છે—પુરૂષાર્થ નહિ.

આવું સાંભળી વિદૂરજીએ મૌન ગ્રહ્યું અને પછી વિદાયગીરી લઈ પેતાના આવાસે ગયા.

" શુક્ર. "

પહેલો પ્રસંગ.

રાજાઓની આ એક મ્હોટી અને પહેલી ફરજ છે કે તેઓએ પોતાને વાસ્તે યોજાયલી નીતિને જાણવી અને તેને અનુસરીને ચાલવું. મહારાજા શ્રી રામચન્દ્ર નીતિનો એક આદર્શ નમૂનો હતો અને તેથીજ તે પૂજ્ય, સમર્થ અને મહાત્માઓના પણ મહાત્મા તરીકે સર્વવંદ્ય છે. નીતિ-નિપુણ રાજાઓજ શત્રુનો પરાજય કરી સંસાર અને સૃષ્ટિમાં સૌને પ્રિય થઇ શકે છે—ફરજ, સખ્તાઇ, કે બીજા પ્રકારની સખાવતો વગેરેથી નહિ; વળી, જેમ ભોજન સિવાય દેહ ટકી રહેતો નથી, તેમ નીતિ સિવાય શાસ્ત્રનો કોઇપણ વ્યવહાર બરાબર નભી શકતો નથી. રાજા-ઓને શિર પ્રાધાન્ય કર્તવ્યો બે ઝઝૂમી રહેલાં હોય છે, એક તો પ્રજાનું પાલન અને બીજું શત્રુઓનો નાશ. અને આ ઉભય કર્તવ્યો નીતિ સિવાય ફલિત થઇ શકતાં નથી.

રાજદંડના ડરથી સૌ લોક પોતપોતાના કામમાં નિયમીત રીતે ગુંથાયલા માલમ પડે છે, તથાપિ જે પોતાના ધર્મમાં દૃઢ છે એજ ધન્યવાદને પાત્ર છે; કેમકે ધર્મજ સુખદાયી છે, ધર્મજ પરમ તપ છે; અને ધર્મથીજ શ્રેય છે. રાજાઓ પણ ધર્મને અધિન છે. અને ધર્માત્મા માનવના તો દેવ પણ દાસ થઇ જાય છે, તો પછી મનુષ્ય માટે તો કહેવુંજ શું ? ધર્માત્મા રાજા, પ્રજાને પણ ધર્મમાં સ્થિર બનાવે છે. જે રાજા ધર્મથી પ્રજાનું પાલણ કરે છે, પોતાને કરવાના જે યત્નો કરે છે; જે શૂરવીર છે, વિષયોમાં જે આશક્ત નથી અને જે સત્વગુણી છે એ રાજા મોક્ષનો પૂર્ણ અધિકારી છે.

સુખ તથા દુઃખનું કારણ પોતાનાંજ કર્મ છે. અને પૂર્વ જન્મ કૃત કર્મ એટલેજ પ્રારબ્ધ.

પ્રારબ્ધનો ખોટો અર્થ કરીને ઘણા લોકો લમણે હાથ દઇ બેસી રહે છે, પણ સદાચારી તથા બુદ્ધિમાન મનુષ્યો પુરૂષાર્થનેજ અવલમ્બી કામ કર્યા જાય છે, અને પુરૂષાર્થના પ્રતાપેજ સ્વ હસ્તે સંગીન પ્રારબ્ધ તૈયાર કરે છે. અને યથાર્થજ છે કે, સર્વથી શ્રેષ્ઠ શ્રેયઃસ્કર તો પુરૂષાર્થજ છે. કેમકે યદિ તેલ તથા દીવેટ સહીત દિપ-

કની, હવા વગેરેથી રક્ષા કરવામાં આવે તો શું તે બુઝાઇ જાય છે? કદિ નહીં.

પ્રતાપી રાવણનો બગીચો (અશોકવન) એક મારૂતે (હનુમાને) વેડફાવી દીધો, તેમજ મહા પ્રતાપી ભીષ્મ, જે મ્હોટા મ્હોટા સમર્થ દેવોથી પણ પરાજય ન પામે એવા, એક અર્જુન જેવાથી માર્યા ગયા; વગેરે વાતોના વિચારથી સ્પષ્ટ માલમ પડે છે કે દુનિયામાં હમેશ કંઈ ગડમથલો થયાંજ કરે છે.

જો સત્કર્મથી સુખ અને અસત્કર્મથી દુઃખજ મળે છે, તો પ્રત્યેકે સત્કર્મજ શા સારૂં ન કરવાં?

રાજ્યમાં સાત અંગ પ્રાધાન્ય ગણવાં જોઇયે-રાજા, મંત્રી, મિત્ર, કોશ, દેશ, દુર્ગ, તથા સૈન્યઃ આ સૌમા મુખ્ય રાજા છે—આધ્યાત્મિક રીતે હવે જોઇએ તો-નેત્ર એ રાજાનો મંત્રી, કાન મિત્ર, મુખ,—કોશ, મન—સૈન્ય, હસ્ત—દુર્ગ, અને ચરણ એ દેશ છેઃ રાજા જો બરાબર રીતે નીતિ ન પાળે, તો તેની પ્રજા થોડાક કાળમાં નષ્ટ થઇ જાય—જેમ તોફાને ચઢેલા સિન્ધુમાંનું નાવ.

ધર્માત્મા રાજાઓમાં દેવતાનો વાસ હોય છે અને પાપી રાજાઓમાં રાક્ષસોનો. રાક્ષસી અંશવાળા રાજાથી ધર્મનો લોપ થાય છે, અને પ્રજા દુઃખી બને છે. તેમજ ધર્માત્મા રાજાથી તેથી ઉલટું.

રાજા નળ, તથા યુધિષ્ટર જેવા પણ જુગારના છંદથી મહા સંકટમાં આવી પડયા હતા; વાસ્તે કોઇએ જુગારનો છંદ લગાડવો નહિ.

સંરક્ષણ ન કરવાવાળા રાજાનો, તપ ન કરનારા બ્રાહ્મણનો અને દાન ન કરવાવાળા ધનિકનો દેવ યથાર્થ દંડ ચૂકવ્યા સિવાય રહેતા નથી.

વાત એવી ન કહો કે જેથી સુણીને કોઇના પણ મનને ક્ષોભ થાયઃ

સર્વ પ્રાણી પર દયા, મિત્રતા, દાન, તથા પ્રિય વચન બોલવું અને એજ પારકાને વશ કરવાનું વશીકરણ છે.

રાજા ભલેઃબહુ ચતુર હોય, કે મહા નીતિજ્ઞ હોય, તો પણ તેણે મંત્રીની સલાહ વગર કશું કામ કરવું ઘટતું નથી.

માતા, ભગિની તથા પુત્રીની સાથે એકાન્તમાં કદિ બેસવું નહિ, તથા તેઓને જેમ નામ દઇને બોલાવાય છે, તેમ સ્વપત્નીને સમ્બોધન કરી, બોલાવવી નહિ.

તૂટેલું નાવ, તૂટેલી સ્વારી, તથા તૂટેલા વૃક્ષપર ચઢવું નહિ.

મનુષ્યે એવો ખ્યાલ ન કરવો જોઇયે કે મારાથી હજારો પાપ થતાં હશે, તો આ એક વધારે કરવામાં શો વાંધો છે? આવું સમજીને કદિ પાપમાં હાથ ઘાલવો નહિ, કેમકે પાણીના ન્હાના ન્હાના બિન્દુથી ધીમે ધીમે ઘડો ભરાઇ જાય છે. એમજ પાપ માટે સમજવું.

સત્પુરૂષોએ કરેલાં આચરણને હમેશાં સ્મૃતિમાં રાખવાં, અને શ્રુતિ સ્મૃતિમાં કહેલા ધર્મ કર્મને અનુસરી હમેશાં કર્ત્તવ્યપરાયણ થવું.

પોતાની યુક્તિયોથી કોઇની સરલ વાત છેદી નાંખવી ન જોઇયે, વિચાર પૂર્વક વાતનો ઉત્તર આપવો જોઇયે, અને જે જવાબ આપો તે તમારા અંતઃકરણને પ્રિય હોવો જોઇયે.

વિદ્યા, શૂર, નૂર, ધન, કુલ, તથા બળ વાસ્તે કદિ પ્રમાદ કરોમાં. તેમ તેનો કદિ ગર્વ પણ ન કરો. કેમકે જેને વિદ્યાનુ અભિમાન થાય છે, તે પોતાનાં અનર્થકર વાક્યોને પણ પરમ કલ્યાણકારી સમજી ઉંધે માર્ગે દોરવાય છે. તેમજ, જેને પોતાની શરવીરતાનો ઘમંડ થઈ જાય છે, તે શ ઓ સાથે કે નિર્દોષો સાથે પણ વ્યર્થ લડાઇ કરી બેસે છે અને પરિણામ એજ આવે છે કે તે પરહાથે-વિના મોતે મરી જાય છે.

વળી ધનના અભિમાની મનુષ્યને પોતાની અપકીર્તિનું ભાન સત્વર થતું નથી. અને તેની અજાણમાંજ પેલી અપકીર્તિ એને ચોગમથી ઘેરી લઇ કોઇ ઉંડા ખાડામાં ઉતારી પાડે છે. કુલાભિમાનીનેમાટે પણ આમજ છે, અર્થાત્, પોતે સદૈવ નિન્દિત કર્મો કરતો થકો સૌનો દ્વેષી હોઇ ભાતમાંના તરીઆ પેઠે આખરે નિરાળો પડી જઇ રીબી રીબીને એકલોજ અકાળે અપમાન પામે છે. બલનો અભિમાની આદમી, બલના દુરૂપયોગદ્વારા પોતાની સારી શક્તિઓને પણ ક્ષીણ કરી નાખી છેક શિથિલ થઇ જાય છે અને ટુંકી મુદતમાં તે નાશ પામે છે અને પ્રતિષ્ઠાભિમાની પુરૂષ વળી, પોતાનાં ચક્ષુથી બધા વિશ્વને તરણાસમાન સમજે છે પણ એ તરણુંજ પેલાં અભિમાની ચક્ષુમાં ભરાઈ, તેને અંધ અને પામર બનાવી દઇ પ્રતિષ્ઠાહીન કરી નાંખે છે.

અંધ, રાંક, લુલા, બ્હેરા વગેરે માણસની હાંસી કરવામાં મહા પાપ છે; હાંસી કરવા કરતાં તેમને રસ્તે પાડવામાં આવે તો તેટલુંજ પુણ્ય છે. ધૂળ પણ ઉપયોગી છે, તો ાણુસજાત કાંઇ અમુક ખોડને

લીધે નકામી નથી. એની સાથે કળથી કામ લેવામાં આવે, તો યોગ્ય શિક્ષણે તે વખત આવ્યે આપણુનેજ આપણી મૂર્ખતાને લીધે હાસ્યપાત્ર ઠરવનાર મહાન વ્યક્તિયો બની શકે છે—એકવાર અનુભવ કરી જોવાય તો આ સૂત્રની પ્રતીતિ સારી થાય.

બુરાં કામમાં તમે કદિ મન લગાવો ના. પોતાનું કામ, ઉદ્યોગ, બલ, તથા બુદ્ધિથી હમેશાં કર્યા જાવ. અને અણુધારી રીતે પણ સમય આવ્યે તેનાં ઘટિત ફળ તમને મળશેજ. પછી ચ્હાય તો તેની તમને વાંચ્છના હો, વા ન હો.

ઉપકાર કે તિરસ્કાર વગર વિચાર્યે કરો માં. ક્રૂરતા, શઠતા કે અતિ મૃદુતા પણ ન દાખવો.

કેવળ ધનનું નૂર શરીરને દીપાવે છે, અને વિદ્યાનું નૂર હૃદયાત્માને ખીલાવે છે, વિકસાવે છે અને શોભાવે છે. શરીરના નૂરથી કોઇના હૃદયાત્માને અધિન કરી શકાય નહિ પણ તેથી ઉલટું વિદ્યાના તપોબળે દીપકમાં જેમ પતંગીયાં અંજાય છે, તેમ સૌ કોઇ અંજાય છેજ. સો સો સલામો વિદ્યાજ ભરાવે છે—વિદ્યાભ્રષ્ટ ધન નહિ.

બીજો પ્રસંગ.

વિદ્યા અને શૌર્ય, તથા ચાતુર્ય, બલ અને ધૈર્ય આ સૌ મનુષ્યના સ્વાભાવિક મિત્ર છે અને બુદ્ધિમાનો આ મિત્રોની મદદથી પ્રત્યેક કર્તવ્યો કર્યાં જાય છે.

હિંસક, દુરાચારી, સ્વાભાવિક શત્રુ, ઋણ કરનારો ઉડાઉ પિતા, વ્યભિચારિણી માતાને આતતાયી સમજી એનાથી દૂર થવામાંજ શ્રેય છે.

શરાબી, ધૂર્ત, ચોર, જાર, ક્રોધી, હિંસક, વર્ણ અને આશ્રમનો ત્યાગી, નાસ્તિક, શઠ, વ્યર્થ દુઃખદાયી, નિન્દક, સજ્જન તથા દેવતાઓપરના અભાવવાળો, જુગારી, પરમાલ હરનારો, આજીવિકાનો નાશ કરનારો, બીજાની ઉન્નતિને ન ચ્હાવાવાળો, રૂશ્વત લેનાર, કુકર્મી, સલાહ કે કાર્યોને નષ્ટ કરવાવાળો, અનિષ્ટ કે કઠોર વચન વદનારો, જળ કે બગિચાનો નાશ કરનારો, કુમંત્રી, કુવૈદ્ય, અમંગલીસદા અશુદ્ધ રહેનારો, માર્ગની આડયે આવનારો, શપથ લેનારો,

ઉદ્ધત વેશ રાખનારો, અસીમ ખર્ચ કરનારો, આગ લગાડનારો, વેશ્યાગામી, ભારે દંડ દેનારો, પક્ષપાતિ સભાસદ, અન્યાયી, કલહ કરનારો, યુદ્ધમાં પીઠ બતાવી પાછો હડનારો, સત્યને છુપાવનારો, પરાયા ગુણોમાં દોષજ શોધનારો, શત્રુનો સેવક, માર્મિક ભાષી, ઠગ, વર્ણ સંકર, ગ્રામ કંટક, કુટુમ્બના ભરણુ પોષણુની કાળજી ત્યજીને કામ કરનારો, શક્તિ સામર્થ્ય છતાં ભિક્ષા માગનારો, કન્યાનો વિક્રય કરનારો, કુટુમ્બની આજીવિકાનો નાશ કરનારો, અધર્મનો સહાયક, રાજાનો અનિષ્ટકારી, વ્યભિચારિણીનો સ્વામી, અને ગુપ્ત રીતે રાજ્ય દ્રોહને લગતી પ્રવૃત્તિયો ચલાવનાર રાજાની આ એક મ્હોટી ફરજ છે કે આટલા જણને, રાજ્યમાં વીણી વીણીને પોતાની દૃષ્ટિ સન્મુખ ખડા કરવા જોઇએ અને એમને સન્માર્ગે વાળવા વાસ્તે પૂર્ણ સાવધાની સાથે કાળજી કરવી જોઇએ તેઓ ફરજને ન માને તો તેમને દેશપાર કરવામાં કશીજ અનીતિ નથી.

પૈસો પણ કેવી અજબ વસ્તુ છે? એને સંપાડવામાં મહા દુઃખ, વળી સંપાડયા પછી તેનું રક્ષણ કરવામાં ચાર ગણું દુઃખ, અને જો રક્ષામાં કંઇ ખેતમા થાય, તો તે હરાઈ જવામાં પણ એટલુંજ દુઃખ છે. ત્યારે "પૈસો એટલેજ દુઃખ" આમ કેમ નહિ?

પોતાના કામમાં પોતેજ પ્રમાદી રહે, તો બીજાના શો દોષ? જો તમારે તમારૂં કામ સારી રીતે પાર ઉતારવું હોય તો તમારા સહાયકોની સાથેજ તમે કામ કરવા મંડી જાવ. કામ કરવામાં શેહાઇ રાખવી એ શઠ બનવા બરાબર છે.

એકઠું કરવાનો જેનામાં કિમિયો છે, તે જો રક્ષણ કરવાની હિકમત ન જાણતો હોય, તો એનો સંચય માટેનો શ્રમ "ધુળ પર લીંપણ" જેવોજ જાણો.

દેશ પ્રત્યેનો ધર્મ, જાતિ પ્રત્યેનો ધર્મ, પરાપૂર્વથી ચાલતો આવેલો સનાતન ધર્મ, પ્રાચીન તથા નવિન ધર્મ; આ સૌનાં તત્વોથી જ્ઞાત થવું એ રાજાની ફરજ છે. અને સૌ તત્વોનો સાર—જે યોગ્ય હોય તે—પ્રજાનામાં પ્રેરાવવો એ ફરજ ધર્મગુરૂની છે.

વિદ્યા અને કળાની ગણુના થઇ શકતી નથી, કેમકે તે ઘણી છે; પણ તે પૈકી જે મુખ્ય કહેવાય છે તેમાં બત્રીસ વિદ્યા અને ચોસઠ કળાનાં નામ નીચે પ્રમાણે નિવેદન કરીએ છીએ:—

જે જે કામ, વાણીથી થઇ શકે છે, એને વિદ્યા કહેવાય છે, અને જે કામો મૂક રહીને પણ થઇ શકે છે એને કળા કહેવાય છે.

જેથી આકૃતિ અથવા હેતુની પરિસ્થિતિનું સારી રીતે જ્ઞાન છે એ ઋગ્વેદના રૂપ "આયુર્વેદ" નામથી ઓળખાય છે.

જેમાં અસ્ત્ર, શસ્ત્ર, તથા યુદ્ધની રચનાનું જ્ઞાન છે એ યજુર્વેદના ઉપવેદરૂપ "ધનુર્વેદ" તરીકે ઓળખાય છે.

ઉદાત્ત આદિ ધર્મયુક્ત સ્વરોથી-ગમે તો તે વીણાથી નીકળતા હોય કે કંઠથી–તાલ સહિત સંગીતનું જ્ઞાન થાય છે, એ શામવેદના ઉપવેદરૂપ "ગાન્ધર્વ વેદ" ના નામથી નામાંકિત છે.

જેમાં અનેક પ્રકારની પૂજાના પ્રયોગો છે, અને એના મંત્રોના પ્રયોગોની પૂર્ણાહુતિનું એના ધર્મ તથા નિયમો સહિત વર્ણન થયુ છે એ અથર્વવેદના ઉપવેદરૂપ તંત્ર છે.

જેમાં સ્વર, કાલ, સ્થાન, પ્રયત્ન, અને અનુપ્રદાનથી તથા સવન આદિથી અક્ષરો ભણવાની શિક્ષા ઓળખવામાં આવી છે એને "શિક્ષા" કહેવાય છે.

બ્રાહ્મણ ગ્રંથોથી જે યજ્ઞોના પ્રયોગ કહ્યા છે એ શ્રોતાકલ્પ છે, અને જે એનાથી વિપરિત છે એને સ્માર્ત કલ્પ કહેવાય છે.

જેમાં પ્રત્યયોનાં વિધાન કહેલાં છે, અને ધાતુ, સંધિ તથા સમાસથી શબ્દ તથા અપશબ્દનાં વર્ણન ઉપરાંત એક બે લિંગના ભેદથી વર્ણન છે એને વ્યાકરણ કહેવાય છે.

જેમાં વાક્યોના અર્થોથી એક અર્થનો સંગ્રહ કરવામાં આવ્યો છે, તથા જેમાં શબ્દે શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે એ "નિરૂક્ત" કહેવાય છે.

જેમાં નક્ષત્રો તથા ગ્રહોની ગતિથી સમયની વિધિ તથા સંહિતા તથા ગણિત છે, તેને "જ્યોતિષ" કહેવાય છે.

જેમાં મગણ, યગણ, રગણ, સગણ, તગણ, જગણ, ભગણ, નગણ, તથા ગુરૂ લઘુનાં પ્રમાણોથી પદ્યરચનાનું વિધાન છે, એ કલ્પરૂપ "છંદશાસ્ત્રમાં" કહેવાય છે અને એ વેદોનો અંશ છે.

જેમાં તરેહ તરેહના અર્થોની કલ્પના ગ્રંથવામાં આવી છે, એને "મિમાંસા" કહેવાય છે

જેમાં ભાવાભાવરૂપ પદાર્થોનો પ્રત્યક્ષ આદિ પ્રમાણથી અવિવેક વિવરણ થયું છે એને "તર્કશાસ્ત્ર" કહેવાય છે

જેમાં પુરૂષ, (ઇશ્વર) આઠ પ્રકારની પ્રકૃતિ અને સોળ વિકાર તથા તત્વાદિની સંખ્યાનો સમાવેશ થયેલો છે એ " સાંખ્ય " શાસ્ત્ર.

બ્રહ્મજ એક અદ્વિતીય છે, અન્ય માયા છેજ નહિ, અને સારો સંસાર અજ્ઞાનથી માયરૂપજ ભાસે છે એ ' વેદાન્ત ' કહેવાય છે. જેમાં પ્રાણ વગેરેને રોકવના સંયમની, તથા ચિત્ર વૃત્તિના નિરોધની અને ધ્યાન સમાધિના યોગની ક્રિયા વગેરે પ્રદર્શિત કરેલી છે એ " યોગશાસ્ત્ર " કહેવાય છે.

રાજાનાં કર્મ આદિના મિષથી જેમાં પ્રાચીન વૃતાન્તનું કથન વગેરે આવેલ હોય છે તેને " ઇતિહાસ " કહેવાય છે.

જેમાં સર્ગ, પ્રતિ સર્ગ, વંશ, તથા વંશોનાં ચરિત્રનું વર્ણન હોય છે, એને " પુરાણ " કહેવાય છે.

જેમાં વેદને અનુકૂળ ધર્મ તથા અર્થ શાસ્ત્રનું વર્ણન કરવામાં આવ્યું છે, અને " સ્મૃતિ " કહેવાય છે.

જેમાં યુક્તથીજ બળવાન પ્રમાણ મનાયાં છે, અને સૌ વસ્તુનું સ્વાભાવિક વર્ણન છે, તથા ઇશ્વર કોઇ પણ વસ્તુના કર્તાજ નથી, વળી વેદ, વગેરે બધું ધતિંગ છે. આ પ્રકારનું જેમાં વર્ણન કરવામાં આવ્યું છે એને " નાસ્તિક મત " કહેવાય છે.

શ્રુતિ, સ્મૃતિને અનુકૂલ, જેમાં રાજાના વૃતાન્તની શિક્ષા છે, તથા અન્ય યુક્તિયોથી ધનને એકઠા કરવાનું વર્ણન થયેલું છે. એને " અર્થશાસ્ત્ર " કહેવાય છે.

જેમાં શશ વગેરે ભેદોથ પુરૂષોનાં તથા પદ્મિની આદિ ભેદોથી સ્ત્રીયોનાં લક્ષણ ઉપરાંત સત્વાદિ દાનનાં લક્ષણનું વર્ણન છે તેને " કર્મશાસ્ત્ર " કહે છે.

ગૃહ, મૂર્તિ, બગીચો, પ્રાસાદ, વાવ, કુવા, તળાવ વગેરે રચનાની વિધિનું વર્ણન કરવામાં આવ્યું છે એને " શિલ્પ શાસ્ત્ર " કહેવાય છે.

સમાન, કમી જાસ્તી, આદિથી, તથા સારૂપ્ય વગેરેના ભેદોથી જેમાં પરસ્પર ગુણી–શોભાનું વર્ણન કરવામાં આવ્યું છે એને "અલંકાર શાસ્ત્ર " કહેવાય છે.

જેમાં રસ સહિત અલંકાર, ઉપરાંત શબ્દોના શુદ્ધાર્થ, અને શ્લોક આદિના ભેદથી વિલક્ષણ ચમત્કાર દેખા દે છે તે " કાવ્યશાસ્ત્ર."

"ભતૃહરિ."

અજાણપણે સ્નેહ અને સૌન્દર્યને, તેના દુરૂપયોગ દ્વારા વેડફી દેનાર પિંગલાના દુરાચરણથી, છેક કંટાળી જઇને રાજર્ષિ ભર્તૃહરિએ સંસાર પ્રત્યેના પોતાના મોહ અને માયાને 'સર્પ કાંચળી પેઠ' સરકાવી દઇ, શાશ્વત કલ્યાણનો માર્ગ પસંદ કર્યાની વાત જગજાહેર છેઃ એમના સ્વરચિત ચાર શતક પૈકી નીતિ શતકના આરમ્ભેજ માયાના આવરણને આઘું ખસેડી પિંગલાનો દાખલો દૃષ્ટિગત થાય છે અને તે આ પ્રમાણેઃ હમેશાં હું જેનું ચિન્તવન્ કરતો હતો, એ તો મ્હારાથી વિરક્ત થઇ, વળી મ્હને ત્યજીને તે જેની થઇ હતી તે (પુરૂષ) તો પાછો કોઇ બીજીમાં આસક્ત થયો છે, કોઇ બીજી કામાન્ધ વળી મને સ્મરતી હશે! ત્યારે એવા કામનેજ સૌની સાથે ધિક્કાર હો.

નીતિનાં બીજાં કેટલાંક સૂત્રોની વાનગી હવે અત્ર ઉતારીશું,

પ્રયત્ન કરતાં કદાચ કોઇ રેણુમાંથી તેલ કાઢી શકશે, કોઇ તૃષાળુ મૃગજળથી તૃષા છીપાવી શકશે, અતિ ભ્રમણે ક્વચિત્ સસલાનું શિંગડું કોઇ પામે, પણ મૂર્ખનું દુરાગ્રહી મન ફેરવવાનો પ્રયત્ન નકામો થવાનો.

હું જ્યારે અલ્પજ્ઞ હતો, ત્યારે અસ્તિના જેટલો મદોન્મત હતો, અને બધી આવડયનો શંકો રાખતો હતો, પણ જેમ જેમ સુજ્ઞોના સહવાસે, એમની મારફતે પ્રસાદી પામતો ગયો, ત્યારે મને મારી મૂર્ખતા માલમ પડી, અને પછી, ચંઢલો તાવ જેમ ઉતરી જાય, તેમ મ્હારો ગર્વ ગળી ગયો.

અતિ કૃમિવાળું, લાળથી રસાયલું, ગંદુ, દુર્ગંધયુક્ત, માંસ વગરનું કેવળ શુષ્ક એવું જે મનુષ્યનું અસ્થિ (હાડકું) તેને કરડતાં ભલે તેના પાસે ઇન્દ્ર ઉભો હોય તોપણ શ્વાન શરમાતું નથી. આમજ અધમજનો તુચ્છ તત્વોને ગ્રહણ કરતાં સંકોચાતા નથી. કે કોઇનું માનતા પણ નથી.

ગગનનો ય પડદો વિંધિને, અમૃતપુરમાંથી ગંગા ઉતરી, અને શિવની જટામાં ભરાઇ, વળી ત્યાંથી વછૂટી, તે પડી શૈલવર પર. અને ત્યાંથી અથડાતી—કૂટાતી ભૂમિપર વહેવા લાગી; ભૂમિથી વહેતાં

પાછી સિન્ધુમાં સમાઈ ગઇ! અધોગતિ થવાની હોય ત્યારે આમ અનેક નિમિત્તે થાય છે.

છત્રને છાંયડે સૂર્યનો તાપ ખાળી શકાય, લાગેલી લ્હાયને જળ વૃષ્ટિથી તાઢી પડાય, ઔષધના સેવનથી વ્યાધિ મટાડી શકાય, મંત્ર પ્રયાગે વિષ પણ ઉતારાય, આ બધાનાં અનુપાન છે, પણ શઠની સુધારણાર્થે કશી શાસ્ત્રોક્તિ નથી જડની.

સાહિત્ય, સંગીત કે કલા: કશાનું જેને જ્ઞાન નથી, એવાં માનવ, શૃંગ તથા પુચ્છ વગરજ પશુ તૂલ્ય છે, અને એવો વર્ગ તૃણને નથી ખાતો છતાં જીવતો જણાય છે, તો તે કરતાં મને તો પશુઓનુંજ અહો ભાગ્ય ભાસે છે.

નહિ વિદ્યા કે નહિ તપ, નહિ દાન કે નહિ ધર્મ, ન જ્ઞાન કે ન સદ્‌ગુણ, ન **શીલ** કે ન કર્મ—આમાંનું કશું જેનામાં નથી, એવા માનવી ભૂમિને વૃથા ભારભૂત છે—અથવા કહો કે પુરુષ રૂપે વિચરનારાં મૃગલાં છે.

ડુંગરાળ પ્રદેશમાં વનચર કને વસવું બ્હેતર; પણ શઠની સાથે (મ્હાયતો) ઇન્દ્રના પ્રાસાદમાં મ્હાલવું ઉચિત નથી.

જે કલ્યાણુક છે, તસ્કર જેને ચોરી શકતા નથી, સંગ્રહમાંથી બીજાને બક્ષતાં ભંડાર ખાલી ન થાય પણ વધ્યાં જાય, જે નશ્વર નથી, એવું સરસ્વતીરૂપી ગુપ્ત ધન જેની પાસે છે, તેવાની સાથે હે મહિશ્વરો! તમારાથી સ્પર્ધા નહિ થઇ શકે—ત્યાં નહિ રહે તમારૂં માન.

કમલિનીઓના વનમાં નિવસી રહેલા હંસોપર કોપ કરીને બ્રહ્મા ત્યાંથી તેમને નસાડી મૂકે, પણ હંસોની મોતીનો ચારો ચરવાની પ્રકૃતિને કાંઇ બ્રહ્માથી હરિ લેવાય તેમ નથી.

વ્યાકરણના સંસ્કારથી વિશુદ્ધ વાણીમાંજ પુરુષની શોભા સમાયલી છે, અને એવી વાણીરૂપી અલંકાર આગળ, સ્નાન, ચંદનલેપ, પુષ્પમાળ, કરકંકણ, કે વિસ્તૃત શ્યામકેશ જેવાં અન્યાભૂષણો સૌ તુચ્છ છે.

વિદ્યા, એ નરનું સાચું સ્વરૂપ છે, ધનનો છાનો ભંડાર છે, કીર્તિદાતા ગુરૂનોયગુરૂ છે, સુખનો આધાર છે, એજ પૂજ્ય છે, એજ બન્ધુ છે વિદેશ ખાતે એજ સાચો સુહૃદ છે એના સિવાયનાં માનવી પશુ સમાન છે.

સત્સંગનો પ્રબળ પ્રતાપ તો જૂવો ! તે માનમાં અભિવૃદ્ધિ કરે છે, કુબુદ્ધિને હરે છે, અંતરમાં વિશુદ્ધિ ભરે છે, અસત્યોને અળગાં કરે છે, અણુગણ્યાં પાપોનો સમૂળો નાશ કરે છે.

જરા–મરણથી નિડર એવો જેનો વિજયવંતો દેહ છે, શૃંગારાદિ નવરસ જેમને સિદ્ધ છે, એવા કવીશ્વરો પ્રતિદિન જય પામે છે.

ચારિત્રમય સન્તાનો, સાધ્વી સ્ત્રી, કૃપાળુ સ્વામી, સ્નિગ્ધ મિત્ર, નિખાલસ પરિજનો, વ્યાધિમુક્ત તનમન; વળી, સ્થાયી ઐશ્વર્ય, અને સુભાષિત વાણીદ્વારા સરસ્વતીનું સુખ વહન આ સઘળું જો મહેશની કૃપા હોય તો સહસા મળે.

અહિંસા, પરધન પ્રત્યે અભાવ, સત્યાચરણ, પુણ્યકાલે દાતાર થવું, પરદારાની વાતે મૌનગ્રસ્ત રહેવું, તૃષ્ણાનો ત્યાગ અને ગુરૂ પ્રત્યે પૂર્ણ પૂજ્યભાવ તથા સૌ પ્રાણીપર સમાનભાવ: આટલાં વાનાં સર્વ શાસ્ત્ર સંમત અને સર્વ શ્રેયઃકર છે.

અધમ જન તો વિઘ્નથી ડરીને કામનો આરમ્ભજ કરી શકતા નથી, ત્યારે મધ્યમ વર્ગ વળી થોડાક કાળે વિઘ્નો નડતાં આરમ્ભેલા કામને ત્યજી જાય છે, પણ ઉત્તમ કોટિના પુરૂષો અનેક વિઘ્નો આવવા છતાં આરમ્ભેલા કામને પૂર્ણ કરવામાં જરા પણ ડરતા નથી.

ક્ષુધાથી અતિ દુર્બલ થએલો હોઈ, બહુ દોહ્યલી દશાને પામ્યો થકો કેસરી, તેનો આહાર સિવાય પ્રાણ જતો રહેતો હોય અને છેક નિસ્તેજ તથા અશક્ત બની ગયો હોય, તો પણ જે હસ્તિના ગંડસ્થળને ચીરવા લાયક છે, તે કદિ પણ શુષ્ક ઘાસનો આહાર કરવા લલચાશે નહિ.

ચરબી અને નાડીઓ જેમાં રહી છે એવા પશુના અસ્થિના આહારે શ્વાન કદિ સંતોષ પામશે પણ તેથી ક્ષુધા તો નહિજ ટળે; કેસરી શિયાળ સામું નહિ ભાળે–એતો હસ્થિ જેવાનોજ શિકાર કરશેઃ આમજ મનુષ્ય માત્ર પોતાના સ્વભાવને અનુકૂળ ફલને ગ્રહશે–ને તે નહિ મળે તો દુઃખી રહેવામાં પોતાને સંતોષ માનશે.

ખાવાનું આપે તો પણ પગે પડી, પુચ્છ હલાવી, આળોટીને મ્હોં તથા ઉદરભણી નિહાળી પોતાને તુચ્છ જણાવે છે એવી પ્રકૃતિ શ્વાનની છે. પણ હાથીની ઉદારતા જોશો તો જણાશે કે પોતે ગ્રાસ લે છે, તે સૂક્ષ્મ અને સેંકડો મિષ્ટવચનો પછીજ.

ચક્રતુલ્ય સંસારમાં અવતરવું અને મરવું એતો સર્વ માટે નિર્માણ છે: પણ જગત્‌માં જન્મ્યો તેજ, કે જેણે પોતાના કુળને અજવાળ્યું હોય.

સમસ્ત ભૂમંડળને શેષે શિરપર ધારણ કર્યું છે, શેષને કુર્મરૂપ ભગવાને પીઠપર ધારણ કર્યો છે, અને એમને વગર પરિશ્રમ વેઠયે સાગરે પોતાના ઉત્સંગમાં લપાવ્યો છે આવી મહાત્માઓની અસિમ ચરિત્ર વિભૂતિયો છે.

સામાન્યદષ્ટિથી ચેતનહિન દેખાતો સૂર્યકાન્ત પણ સૂર્યકિરણથી દહવા માંડે છે, (એમાંથી અગ્નિ ઝરે છે) તો તેજસ્વી પુરૂષો નાહક પરાયું અપમાન શી રીતે સહી શકે ?

એજ ઇન્દ્રિયો, એજ વચન એજ કૃતિ, કુશાગ્રસમી અકુંઠિત એજ મતિ, અને એજ દીનતાઃ—શ્રીમંતાઇમાંની આવી વૃત્તિ અને સ્થિતિ, પ્રાપ્ત પૈસા નષ્ટ થતાં પળ વારમાં પલટાઇ જાય છે એજ વિચિત્ર છે.

એજ કુલીન, એજ વક્તા, એજ રમ્ય બુદ્ધિશાળી, એજ ગુણજ્ઞ ને એજ શાસ્ત્ર સંપન્ન છે–કે જે સંપત્તિવાન હોય, કેમકે સૌ કોઈ સુવર્ણના આશરા હેઠળ ટકી રહ્યું છે.

દુર્મંત્રીથી નૃપાલ, યુવતિથી યતિ, શિક્ષણ સિવાય સંતતિ ખંત સિવાય ખેતી, ભૂંડાથી સદ્‌વૃત્તિ, અવિનય થતાં પ્રીતિ, મદ્યથી લજ્જા, વિદ્યા વિના વિપ્ર, પ્રવાસ થકી સ્નેહ, અનીતિથી સંપત્તિ, કપુતથી કુલ, અને પ્રમાદથી પૈસો નષ્ટ થાય–થશે.

દ્રવ્યના વ્યય માટે ત્રણ માર્ગ મોકળા છે-દાન, વિલાસ અને વિનાશ; ત્યારે જે દાનેય ન કરે, કે ભોગવેય નહિ, તેના ઘરની સ્થિતિ ત્રીજા પ્રકારની થવાની.

રાંક અવસ્થામાં અડધી ખાલી જવ મળતા હોય તો તે મહા મૂલ્યવાન લેખાય છે, પણ એજ રાંક જો કાળબળે ધનદ થવા પામે તો તે જવરને તરણા તુલ્ય લેખે છે ! ત્યારે વસ્તુમાંજ વસ્તુતઃ ઓછા વત્તા પણું કશુંજ નથી, પણ મનુષ્ય સ્થિતિજ તેને લઘુ ગુરૂપણું અરપે છે. એ નિર્વિવાદ ઠરે છે.

રાજન્‌! જો તું ધરણીરૂપ ધેનુને દો'વા મ્હાતો હોય, તો વત્સની પેઠે સૌ પ્રજાને પોષતો રહે; તેમ કરવાથી કલ્પના સમાન અવની, ધન, ધાન્ય તથા ફલ વગેરે ત્હેને અર્પશે.

નીતિના રાહો ન્યારા ન્યારા હોય છે! અર્થાત્ સાચા જુઠાની મિશ્રતાવાળી, મધુરભાષિણી સાથે નઠોર, લોભી છતાં ઉદાર, કરૂણામયી છતાં કઠોર, ખર્ચાળુ તેમ અધિક સંગ્રહકારણી હોય. આવી વેશ્યા સમી નૃપ નીતિ બહુ રૂપાળી (રૂપાળીજ) હોય છે.

સત્તા અને કીર્તિ, મિત્ર રક્ષાનું વિધાન, સદ્વિપ્રોનું પાલણ, ભોગ અને દાનઃ જેનામાં આ પ્રકારના ગુણોનો નિવાસ ન હોય એવા રાજાને સેવવામાં શું સાર્થક?

જે કાંઇ થોડું ઘણું વિધિ નિર્મિત નાણું મળ્યું હોય, તેથી અસંતોષ રાખી નાહક વધારે મેળવવા મથે તો કોઇ મરૂ ભુમિમાંથી પણુ લાધવાનું નથીઃ વસ્તુ સ્થિતિ આમ છે તો ધનિક પાસે દીન થવા કરતાં ધૈર્ય કાં ન ધરવું. સાગર કે કુવામાં ભરછક પાણી છતાં યથાશક્તિ કુમ્ભ પોતાનામાં ઝીલે છે એ દૃષ્ટાંતનો ધડો લેવા જેવો છે.

મિત્ર ચાતક! સાવધાન મનથી મારી વાત શ્રવણ કર, કે ગગનમાં દૃશ્ય થતા સઘળા ઘનના કકડા કાંઇ દયાળુ નથી, ઘણાકતો અમસ્થા ગર્જના કરનારા હોય છે, ને કોઇ કોઇ પૃથ્વિને ભિંજવે છે માટે તે સૌથી નાહક રાંક બની જઇ બધાની તમા તું કરતો ના.

નિર્દયતા અને અકારણ અદાવત, સ્વજન બન્ધુ સાથે અસહિષ્ણુતા, પરદારા અને પરદ્રવ્યમાં રૂચિ—આ દુર્ગુણો દુષ્ટમાં સહસા હોય છેજ.

વિદ્યાથી વિભૂષિત હોય છતાં જો તે દુર્જન હોય તો તેનો સંગ કરીશ માં. વિચાર કે મણિવડે અલંકૃત છતાં ભૂજંગ શું ભયંકર પરિણામ નથી લાવતો?

દોરંગી દુનિયા, શરમાળને જડ કહે છે, પવિત્રને ઠગ કહે છે, વ્રત કરનારને આડંબરી કહે છે, શૂરવીરને ક્રૂર કહે છે; સરલ—હૃદયશાળીને બુદ્ધિહિન કહે છે, મધુરભાષીને રાંક કહે છે, સ્થિર પ્રકૃતિવાળાને નિર્બળ કહે છે, પ્રતાપીને ગર્વિષ્ટ કહે છે, વચનપટુને બહુ બોલો કહે છે, એવા કયા ગુણો ગુણીમાં છે કે જેનાપર નરાધમ લોકો આળ મૂકી શકે નહિ!

યૌવન વગરની યુવતિ, દિવસે પ્રકાશ વિહોણો ચન્દ્ર, સરોજ વિનાનું સરવર, સ્વરૂપે રૂપાળો પણ જેના વદનમાં સરસ્વતિનો વાસ ન હોય એવો, લોભ, દુઃખી સ્વામી અને નૃપના મહાલયમાં ખળનો નિવાસ આ સાત જણ સદા, હૃદયમાં શલ્ય રૂપ સાલ્યા કરે છે.

અતિ ક્રોધી ભૂપાળને કોઇ અંતરનું વ્હાલું હોય નહિ, જેમ હવિ દેવી ! હોમનાર હોમને અડકે, તો પણ ઉલટો હુતાશનો તેને ઝવાળા સ્પર્શાવે છે તેમ ક્રોધી રાજાના વ્હાલા થવામાંય પણ માલ નથી.

મૌનગ્રસ્ત રહે તો મૂગો ઠરે, વાક્ચાતુરી હોય તો ચાવલો કહેવાય, આઘે રહેતો હોય તો માંદો ઠરે, ને પાસે રહેતો નિર્લજ્જ કહેવાય, સહન કરતો હોય તો ભીરૂમાં ખપે, ને બોલ્યું વેઠી લે ના, તો કુલહિણો કહે; આ પ્રકારની પરાધીન સ્થિતિ ભોગવાતી નોકરી તો ખરેજ, કોઇ યોગીને પણ આકરી લાગે !

કેવળ નિરંકુશ, સઘળા ખળોની ઉન્નતિમાં ઉત્તેજન આપનાર, ને પૂર્વના કર્મ પ્રતાપે પ્રબળપણે અધમ વૃત્તિઓને અનુસરનાર, અને 'ગુણ સાથે' જેને જન્મથી વેર છે, એવા કોઇ અધમ આદમીને ભાગ્ય વશાત્ વૈભવ ભોગવવાના મળે, તો, તેની દૃષ્ટિયે ચઢેલો કયો પુરૂષ તેનાથી લવ પણ સુખ પામી શકે ?

આરમ્ભે મોટી થઇને પછી ક્રમે ક્રમે ઘટતી જતી હોય એ કોટિની મૈત્રી દિવસના ઉદયની છાયા જેવી હોઈ 'શઠ મૈત્રી' ના નામથી ઓળખાય છે, અને એથી ઉલટું—શરૂઆતમાં છોટી છતાં, વળતી ક્રમે ક્રમે વધ્યાં જનારી સૂર્યાસ્તની છાયા સમી મૈત્રી, સજ્જનની કહેવાય છે.

સજ્જનના સહવાસની વાંચ્છના, ખળ પ્રત્યે અભાવ, સદ્ગુણો પ્રત્યે સ્નેહ, ઇન્દ્રિય સંયમાર્થ શકિતનો વ્યય, ભક્તિભાવ, અને આત્મ વિકાસ માટે મન્થન, વિદ્યા પ્રત્યે અભિરૂચિ, લોકનો ભય, અને ગુરૂનામાં શ્રદ્ધા આવા નિર્મળ ગુણો વસ્યા છે જેનામાં, એવા પૂજ્યને અનેકવાર વન્દન હો.

સંકટ સમયે હિમ્મત હારે ના, અને ઉન્નત દશામાં ક્ષમાને વિસારે ના, સમાજ મધ્યે મિષ્ટ વચન—વિનોદ, અને સમરાંગણે રિપુના મદનો લોપ, વેદશાસ્ત્ર પ્રતિ અતિ આદર, અને સુભ યશ સારૂ સતત પ્રયત્નઃ આ પ્રકારના સઘળા સદ્ગુણો તો સજ્જનમાં જન્મની સાથેજ ઉતરી આવેલા હોય છે.

હાથની શોભા દાનથી, ને શિર તથા બન્ને બાહુની શોભા ગુરૂ આદિ પૂજ્યોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાથી, મનની શોભા સદ્વૃત્તિથી ને શાસ્ત્રની શોભા ઈશ્વરીય જ્ઞાનથીઃ અને સત્પુરૂષોને છાજતું તો આ ઘરેણુંજ છે.

તાપથી ધીકી ગયેલા તળાવમાં પાણીનું બિન્દુ પાડો તો તેનું નામ નિશાન પણ નહિ રહે, પણ એજ જળબિન્દુ જો કમળના દળમાં પડયું હોયતો જોનારને મોતી જેવું જણાશે, અને વળી સ્વાતિ નક્ષત્રમાં જો સાગરમાં પડયું હોય તો, શીપમાંથી સાક્ષાત્ તે જળબિન્દુનું મોતી બની જશે. આમજ સારો મધ્યમ કે અધમ ગુણ, મનુષ્યનામાં સંસર્ગ પ્રમાણે ઉતરે છે.

પુત્ર તો એજ કે જેની કૃતિથી પિતા પ્રસન્ન થાય, પત્ની એજ કે, જે સ્વામીનું સદા હિત વાંચ્છતી હોય, મિત્ર એજ કે જે હમેશાં. દુઃખ–સુખે સમાન હોય, અને પુરો પુણ્યવાન આત્મા તો એજ કે, જેને આ સમસ્ત સુખ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય.

લઘુતાથી જે પ્રભુતા પામ્યા છે, પરાયાં સદ્‌ગુણોને જે પ્રકાશમાં મૂકે છે, અતિ પરિશ્રમ વેઠી, જે પરહિતાર્થ સ્વાર્થ સાધી રહ્યા છે. અને અધમ આદમીને પરમ શાન્તિવડેજ દંડ દે છે એવા સર્વ માન્ય–આશ્ચર્યયુક્ત સાધુ ચરિત મહાત્માઓ કોને વંદ્યનથી ?

ફળ આવતાં વૃક્ષ નીચાં ઢળે છે, અને નવાં પાણીથી મેઘ પણ નીચો નમતો જણાય છે. આ પ્રમાણે સમૃદ્ધિ વેળાએ સજ્જન કદિ ગર્વ નહિ ધરતાં પરોપકારીના ધર્માનુસાર નમ્રજ રહે છે.

અહિતને આધાં કરે, હિતને સાધે, કલંકને ઢાંકે, સદ્‌ગુણને અજવાળામાં આણે, કષ્ટ વખતે ત્યજી જાય ના, માગ્યું આપી દે. આ સપ્ત ચિન્હોને સજ્જનવર્ગી સુહૃદનાં કહે છે.

કમલને નિરંતર સૂર્ય પ્રફુલ્લ કર્યા કરે છે, ચન્દ્ર વગર યાચના એજ કુમુદને વિકસાવે છે. મેહ પણ માગણીની વાટ જોઇને નથી વરસતો. તે પ્રમાણે સજ્જનો પણ આપેજ પરહિત કરવામાં ચિત્ત પરોવતા હોય છેજ.

સ્વાર્થને ભૂલી પરમાર્થ કરનાર ઉત્તમ કોટિની વ્યક્તિ ગણાય છે, સ્વાર્થની ખાતર અવરને જે ખુબ ખલેલ પહોચાડે છે, તે નીચની ગણનામાં ખપે છે, અને નિઃસ્વાર્થ કે સ્વાર્થ ઉભયનો નાશ કરનારને કઈ કોટિમાં મૂકવો તે કળી શકાતું નથી !

પાણીને પય સાથે સંબંધ થતાં, પય, પોતાના ગુણો પાણીને અર્પણ કરે છે, વળી અગ્નિના તાપથી તપાતા દૂધને શાન્તિ આપવા સારૂ પાણી, પાવકમાં હોમાય છે ! પણ પોતાના વાસ્તે મિત્ર (પાણી)ને

આવી આફતમાં આવેલ જોઇ, પય પાછું પાવકમાં પડવા જાય છે, અને પડતાં પહેલાં પાણીથી પોતે શાન્ત બને છે! આ પ્રકારની સદ્ગુણી મિત્રની મૈત્રી ચિરકાળ ટકી રહે છે.

એક ભાગમાં ભગવાન કેશવ, સર્વ શત્રુ અને દાનવોને લઇને શયન કરી રહ્યા છે, વળી એક ભાગમાં સઘળા શરણાંગત ગિરિએ નિવાસ કર્યો છે, પ્રલયકાળને સૂચવતા પાવકથી ભરેલો વડવાનલ વળી એક ખૂણે વસ્યો છે. આ સઘળાનો અથાગ ભાર સહન કરનાર એવું સાગરનું સબળ અંગ કેટલું પ્રૌઢ ! !

તૃષ્ણાનો ત્યાગ, ક્ષમા પ્રત્યે અનુરાગ, મદનું દમન, અને પાપોનું પતન, સન્માર્ગે સંચાર, અને પૂજ્યોને વન્દન, વિદ્વાન શું શિષ્યવૃત્તિ અને સત્ય ભાષણ, શત્રુને મનાવવાની શક્તિ, સત્કીર્તિ સંપાદિત, અને દુઃખીઓપર દયા: આ સૌ સંતનામાં ગુણો હોવા જોઇએ.

મન, વાણી અને કર્મે પુણ્યપીયૂષથી પ્રપૂર્ણ હોય, ત્રણ ભૂવનને ઉપકારની શ્રેણિથી જે તુષ્ટ કરતા હોય, પરાયાના સ્વલ્પ સદ્ગુણને પણ પર્વત જેવો મહાન લેખી જે પોતાના હૃદયમાં પ્રસન્ન થાય, એવા સંતો તો વિરલજ છે.

ભલે સુવર્ણ પર્વત હોય, કે રૂપેરી હોય, પણ ત્યાંના તરૂ, જો તરૂજ રહેતાં હોય તો તે પર્વતો અમારે કશા કામના નથી, તે કરતાં તો 'મલય' વધારે સારો, કે જેના વાતાવરણે નિમ્બાદિ તરુવર પણ ચન્દન સમા થઇ જાય ?

રત્નોના પ્રલોભને દેવગણ લલચાયા નહિ, કે વિષના ડરથી દબાયા નહિ; પણ ધાર્યું અમૃત પામ્યા ત્યારેજ વિરામ્યા; મહાપુરૂષોના ચારિત્રમાં ખૂબીજ એ છે.

શયન વાસ્તે કદિ સાથરો મળે કે પલંગ, ભોજનમાં કદિ ભાજી મળે કે દાળભાત, પહેરવા કદિ કંથા મળે કે દિવ્ય અમ્બર, કાર્ય કરનારા વિવેકી સજ્જનોને આવાં સુખ દુઃખની કશી તમાજ નથી હોતી.

વૈભવની શોભા સજ્જનતાથી, સંપત્તિની શોભા સત્પાત્રના દાનથી, વિદ્યાની શોભા વિનયથી, જ્ઞાનની શમથી, શૌર્યની સંયમથી, તપની ક્ષમાથી, ને ધર્મની નિખાલસતાથી, પણ આ બધા કરતાંયે ઉત્તમ આભૂષણ તો શીલનુંજ છે.

ન્યાયના અધિકારી નિન્દા કે વખાણો, ઇચ્છાનુસાર લક્ષ્મી મળો વા ન મળો, આજ મરણ થાવ કે કલ્પાંતે, તોપણ બુદ્ધિમાનો અસત્ પથ પકડશે નહિ.

ક્ષુધાથી હતાશ અને શિથિલ બનેલા સર્પના કરંડીઆને, કાણો કરીને કોઈ મૂષક અન્દર પ્રવેશ્યો (કશુંક ખાવાનીજ લાલચે) અને તેના વડે પેલા ભૂખ્યા સર્પની ભૂખ ભાગી, એટલુંજ નહીં પણ પડેલા છિદ્રદ્વારા કરંડિયામાંથી ક્ષુધાતૃપ્ત સર્પ બહાર નીકળી ચાલ્યો ગયો ! લલાટના લેખની વાત આંવી છે !

આળસ જેવો કોઇ બીજો શરીરનો મહાન્ રિપુ નથી, અને ઉદ્યમ જેવો બન્ધુ નથી—કે જેના પ્રતાપે સંકષ્ટ નષ્ટ થાય છે.

તરૂને કાપો, પણ પાછું તે ઉગવાનુંજ, શશી પણ ક્ષીણ બનીને પાછો વૃદ્ધિ પામે છે; અને આ વિચારને અવલંબી મહાપુરૂષો સંકટ સમયે કશી સોશણા કરતા નથી.

જેના તાબામાં, દેવો, સૈનિકો, વજ્રયુધ, ગુરૂ, તથા સૌ વર્ગનો નેતા હતો, વળી ઐરાવતની અનુકૂળતા અને હરિ સરખાની સ્હાય હતી, સ્વર્ગનો કિલ્લો પણ મહા મજબૂત, આંવાં ભિષણ સાધન છતાં રણસંગ્રામમાંથી શત્રુના તાપ પ્રતાપે ઇન્દ્રને ભાગી જવું પડયું હતું. માટે તકદીર સિવાય એકલો પુરુષ પ્રયત્ન કશા કામનો નથી.

જેના માથે તાલ પડી હતી એવો કોક માનવ તાપથી તપી ગયેલો હોવાથી, વિસામો લેવા સારૂ વિધિનો ખેંચાયો તાડના તરુ તળે જઈ સુઈ ગયો, ત્યાં ઉપરથી એક તાડનું મોટું ફળ પડયું અને એનું શિર ફૂટી ગયું ! માટે જ્યાં હતભાગી જાય ત્યાં દુઃખ આવી પડેજ.

કોઇને, ઘોર વગડાઉ વાટચે, કે ભિષણ જળ પ્રવાહે, શત્રુના સમુદાયમાં કે મહા નિદ્રામાં, અતિ કેફમાં કે જોખમ ભરેલી ભૂમિમાં કોઇ જો આણે તો પૂર્વનું પુણ્ય આગળ આવીને પેલા પુણ્યવાનને આ સઘળી આફતોથી તેનું રક્ષણ કરી લે.

જેના પ્રતાપે શઠ સાધુ બને, મૂર્ખ બુદ્ધિશાળી થાય, શત્રુ મિત્ર બની જાય, વિષ પણ અમૃત થઈ જાય, એ પ્રકારની વાંચ્છિત સક્રિયા ફલિત થાય તેવું શિક્ષણ તું પામ.

સારૂં કે નરસું ગમે તેવું કામ હોય, પણ આરંભ પૂર્વે તેના પરિણામનો વિચાર કરવો એ સજ્જનોનું કર્ત્તવ્ય છે. ઉતાવળે થતા કામના પરિણામનો અંત આવે ત્યાં સુધી તે હૃદયને દહન કરનાર હોઇ એક શલ્ય સમાન સતત્ સાલ્યા કરે છે.

ચન્દન કાષ્ટવડે, હીરા જડીત પાત્રમાં તલને શેકનારા, આકડાની જડ ઉખેડવા સોને મઢેલી કોદાળીથી ભૂમિ ખોદનારા ને કપુરનાં વૃક્ષને કાપી, તેની કોદશ વાવેલ ક્ષેત્ર સારૂ વાડ કરનારા,—એવા મંદભાગી, જપ તપ વિહોણા ગુમાનીને અમારે શું કહેવું?

ગમે તો મેરૂની ટોચે પહોચો, કે જળમાં નિવાસ કરો, શત્રુનો ભય ટાળો, કે વાણિજ્ય કૃષિ વગેરે કળા નિપુણ થાવ, ઉપરાંત પક્ષી પેઠે ગગનમાં ઉડો તોપણ જે નહિ થવાનું તે થશે નહિ, ને થનાર મિથ્યા નહિ થાય કેમકે સૌ કર્માધીન વાત છે.

"લાભ કયો?"
"લાયકનો સંસર્ગ."
"દુઃખ?"
"પામર સાથનો પ્રસંગ."
"હાનિ?"
"હસ્તગત તકને ગુમાવવી."
"ચાતુર્ય?"
"ધર્મ તત્વોનો અભ્યાસ."
"શૂરો કોણ?"
"જીતેંદ્રિય."
"ધન ખરૂં કયું?"
"વિદ્યા."
"સાચી સ્ત્રી?"
"પતિને પ્રભુ માની આજ્ઞામાં રહેનારી"
"સુખ?"
"સ્વદેશ નિવાસ."
"રાજ્ય?"
"આજ્ઞાફલ હોય તે."

ધીર માનવ દુ:ખી હોય ત્હોય તેનું ધૈર્ય નષ્ટ થતું નથી; જેમ અગ્નિનું મ્હોં નીચું કરતાં છતાં પણ તેની જ્વાળા નીચે નથી જતી તેમ.

નારીના નેત્ર કટાક્ષથી જેનું ચિત્ત વિંધાયું નથી, ક્રોધના પ્રબળ અનળથી જેનું મન તપ્યું નથી, અને લોભપાશ કે વિવિધ વિષયો જેને આધિન કરી શકતા નથી, એવો ધીર મનુષ્ય ત્રિભુવનને પણ જીતી શકે.

સમગ્ર ભૂમંડળને જેમ સૂર્ય પ્રકાશિત કરે છે, તેમ મહા પુરૂષો પોતાના જ્ઞાન પ્રકાશથી સૃષ્ટિને તારે છે.

પ્રાણી માત્રને ભયંકર એવી સદ્વૃત્તિનો જેનામાં નિવાસ છે, એવી મહાન્ વ્યક્તિ અગ્નિના પ્રચંડ સાગરને પણ નીરથી ભરેલી ન્હાની નદીરૂપ માને છે, મેરૂને સ્વલ્પ શિલા સમાન સમજે છે, કેસરીને કેવળ હરિણુજ લેખે છે, વિષને અમૃતવૃષ્ટિ સમાન માને છે, અને વ્યાલ (સર્પ) ને માળારૂપ પ્રમાણે છે.

લજ્જારૂપ ગુણના સમૂહને પ્રદિપ્ત કરનારી, પવિત્ર માતાતૂલ્ય, જેના વિમલ હૃદયમાં કશા સંશયને સ્થાનજ નથી, એવી પ્રતિજ્ઞાનું પાલણ કરતાં ભલે આ પ્રાણ, કાયાથી જૂદો થાય તોપણ તેજોમય એવા સત્યવાદી સજ્જનો કદિ પ્રતિજ્ઞાભ્રષ્ટ થશે નહી.

"રામકૃષ્ણ પરમહંસ."

આ મહાત્મા, ૧૮૩૫ ની સાલમાં બંગાળામાં જન્મ્યા હતા. ધર્મનાં વિશુદ્ધ તત્વો પરત્વેનાં એઓશ્રીનાં અનેક લખાણો ઘણી ભાષા દ્વારા પ્રકટ થયાં છે, અને એમના ધર્મ, ભક્તિ, જ્ઞાન, તથા નીતિ, પૂર્ણ,–આદર્શ, પૂજ્ય તથા સમર્થ જીવનમય સુન્દર લેખોથી સૌ આસ્થાળુ પ્રજાને પોતે જ્ઞાત છે.

ટુકામાં એઓશ્રીના જીવનની ઝાંખી કરાવીએ તો પોતે, સ્વામી વિવેકાનંદના ગુરૂહતા. પોતાના સહોદરે સ્થાપેલી દેવીની પૂજા કરવાનું કામ, પ્રસંગવશાત્, એમના હાથમાં સોંપાતું અને સેવા પૂજાની તન્મયતામાં એ આ શ્રીનુ પ્રભુનાં સત્યો ભણી ધ્યાન ખેંચાયું, ને તે એટલે સુધી કે ગૃહકુટુમ્બી જનો એમનું લગ્ન કરાવી કૈંક પરાધીન સ્થિતિ પ્રાપ્ત કરાવવાના ઇલાજ સિવાય ભક્તિ તન્મયતામાંથી મુક્ત કરવાનો અન્ય ઉપાય શોધી શકેલા નહીં:

લગ્ન થયું: પણ તેમની જ્ઞાન, અને પરમયભેદ ધ્યાન ભક્તિ— સેવાનું પ્રબલ એટલું પૂર જોશમાં વહેતું હતું કે તેમનાં પત્ની પણ, એઓશ્રીના માર્ગને વ્હાલાં થયાં અને સંસારમાંના માયા તથા મોહનાં આવરણોને ભૂલી ગયાં !

ઢેફ઼ અને સોનુ સરખું સમજનાર આવા મહાન પ્રતાપી, પુણ્યાત્મનનાં વચનામૃતો પૈકી થોડાંક અત્રે ઉતારી લેવામાં આવ્યાં છે.

ખરો ધાર્મિક મનુષ્ય એ છે કે જે એકલો હોય છે, એટલે કે જ્યારે તેની પાછળ જોનાર યા ઠપકો દેનાર કોઇ હોતું નથી, ત્યારે પણ કંઇ પાપ વા અધાર્મિક કૃત્યો કરતો નથી.

એજ ખરો ધાર્મિક મનુષ્ય છે કે જે જીવતાં પણ મૂએલો છે, એટલે કે જેની વૃત્તિઓ અને કામનાઓ મૃતશરીરની પેઠે સર્વ નાશ પામેલી છે.

સાંસારિક મનુષ્યો સાંસારિક ફળની આશાથી ઘણાં ધાર્મિક અને પુણ્ય કર્મ કરે છે, પણ જ્યારે તેમની પાસે દુર્દૈવ, સન્તાપ અને દારિદ્રય આવે છે ત્યારે તેઓ તે સર્વ ભૂલી જાય છે. તેઓ, જે પોપટ આખો દીવસ ઈશ્વરનું નામ "રાધા કૃષ્ણ, રાધાકૃષ્ણ" રટયા કરે

છે પણ બિલાડી પકડે છે ત્યારે પ્રભુનું નામ ભૂલી જઇ "ક્રી, ક્રી" કરે છે, તેના જેવા છે.

કમાનવાળું ઓશીકું, માણસ એના ઉપર બેસે છે ત્યારે દબાઇ જાય છે, પણ દબાણ ખસેડી લેવામાં આવે છે ત્યારે તરત પાછું પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરે છે. તેવું સાંસારિક મનુષ્યોનું છે. જ્યાં સુધી તેઓ ધાર્મિક વાતો સાંભળે છે ત્યાં સુધી ધાર્મિક ભાવોથી ભરાએલા હોય છે, પણ જગતના નિત્ય કાર્યમાં પેસતાની સાથે તેઓ એ બધા ઉચ્ચ અને ઉન્નત વિચાર ભૂલી જાય છે અને હતા તેવા અશુદ્ધ થઇ જાય છે.

જ્યાં સુધી લોઢું ભઠ્ઠીમાં હોય છે ત્યાં સુધી તે રાતુચોળ હોય છે પણ અગ્નિમાંથી બહાર કાઢવામાં આવે છે કે તરત કાળું થઈ જાય છે. સાંસારિક મનુષ્ય પણ એવાજ છે. જ્યાં સુધી એ દેવસ્થાનમાં કે ધાર્મિક મનુષ્યના સંગમાં હોય છે ત્યાં સુધી તે ધાર્મિક વૃત્તિઓથી ભરેલો હોય છે પણ જેવો તે એ સમાગમોથી બહાર આવે છે કે તરત બધું ગુમાવે છે.

એક જણે કહ્યુ—"જ્યારે મારો છોકરો હરીશ મ્હોટો થશે ત્યારે હું એને પરણાવીશ અને મારા કુટુંબનો અધિકાર એને સોંપીશ હું પછી જગત્ છોડી દઈશ અને યોગ કરવા માંડીશ."

આ ઉપર એક સાધુએ ટીકા કરી—"તને યોગ (ભક્તિ) કરવાની કોઇ પણ તક કદી મળવાની નથી. પછી તું કહીશ હરીશ અને ગિરીશ મને બહુ વળગ્યા છે, હજી મારી પાસેથી છૂટવા ચ્હાતા નથી પછી વળી કદાચ તું એમ માગીશ—' હરીશને છોકરો થવા દો અને એ છોકરાને પરણાવેલો જોઉં! અને એમ તારી ઇચ્છાઓનો અન્ત નહિ આવે.

માખીઓ કેટલીક વેળા કંદોઇની દુકાનમાં વેચવા મૂકેલી મીઠાઇ ઉપર બેસે છે; પણ જેવો રસ્તો સાફ કરનાર કચરાની ટોપલી લઇ પાસે થઇને જાય છે તેવીજ મીઠાઇને છોડી કચરાની ટોપલી ઉપર બેસે છે; પણ મધુકરિકા (મધમાખી) કદી મલિન પદાર્થ ઉપર બેસતી નથી, અને હમેશ પુષ્પમાંથી મધ ચૂસે છે. સાંસારિક મનુષ્યો (હલકી) માખીઓ જેવા છે. કોઇક વખત તેઓ દિવ્ય મધુરતાનો ક્ષણિક સ્વાદ લે છે, પણ મલિન પદાર્થ માટેની તેમની સ્વાભાવિક

વૃત્તિ તરતજ તેમને જગતરૂપી કચરાના ઢગલા ઉપર પાછી લાવે છે. એથી ઉલટું, સાધુ પુરૂપ દિવ્ય સૌંદર્ય (ઇશ્વર) ના આનન્દમય ધ્યાનમાં નિત્ય નિમગ્ન રહે છે.

ટીકાઃ—સાંસારિક મનુષ્ય નરકના કીડા જેવો છે. નિત્ય નરકમાં જીવે છે અને નરકમાં મરે છે, અને એને ઉચ્ચ વસ્તુનું કાંઈ ભાન નથી; દુનિયામાં સારો મનુષ્ય માખી જેવો છે કે જે વળી હમણાં કચરા ઉપર બેસે છે ને બીજી વાર મીઠાસ ઉપર બેસે છે; પણ યોગીનો સ્વતંત્ર આત્મા મધમાખીના જેવો છે, જે પ્રભુના પવિત્ર સાનિધ્યનું સદા મધ ચૂસે છે અને બીજું કાંઇજ કરતો નથી.

તારા પોતાના ભાવો તથા તારી શ્રદ્ધા (ભક્તિ) તારી પાસેજ રાખ. એ વિષે બહાર વાત ન કર. નહિતો તને બહુ ખોટ જશે.

એક લાકડાં કાપનાર નજીકના જંગલમાંથી આણેલો લાકડાંનો ભારો હમેશ વેચી, જે થોડા પૈસા મળતા તે વડે, બહુજ દરિદ્રાવસ્થામાં દિવસ ગાળતો. એક વખત એક સન્યાસી, જે જંગલમાં થઇને જતો હતો, તેણે તેને કાર્ય કરતો જોયો, અને જંગલના અંદરના એકાન્ત ભાગોમાં જવાથી તેને લાભ થશે એમ કહ્યું. લાકડાં કાપનારે એ સલાહ માની, અને એક સુખડનું વૃક્ષ આવ્યું ત્યાં સુધી ગયો, અને ખુશ થઈ, જેટલા કડકા એનાથી લઇ શકાય તેટલા લઇ ગયો, અને બજારમાં તે વેચ્યા અને બહુ નફો મેળવ્યો. પછી એ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે સન્યાસી બાવાએ મને સુખડના વૃક્ષ વિષે કેમ કંઇ ન કહ્યું, અને માત્ર જંગલના અંદરના ભાગમાંજ જવાની સલાહ આપી ? એમ વિચાર કરી બીજે દિવસે તે સુખડના ઝાડવાળા સ્થાનની પણ આગળ ગયો, અને છેવટ એક ત્રાંબાની ખાણ આગળ આવ્યો, અને લેવાય તેટલું ત્રાંબુ લઇ બજારમાં વેચી ને બહુ પઇસા મેળવ્યા. બીજે દિવસે ત્રાંબાની ખાણ આગળ ન અટકતાં, સાધુએ કહ્યું હતું તેમ, એથી પણ આગળ ગયો; અને રૂપાની ખાણ આગળ આવ્યો, અને લેવાય તેટલું રૂપુ લઇ, બધું બજારમાં વેચી એથી પણ વધારે પૈસા પ્રાપ્ત કર્યા. અને એમ હમેશ આગળ વધતાં વધતાં એને સુવર્ણની અને હીરાની ખાણો જડી અને એથી એ બહુજ ધનાઢ્ય થયો. જે મનુષ્ય સત્યજ્ઞાનની ઇચ્છા કરે છે તેનું આવુંજ છે. જો તે થોડીક, અસાધારણ અને દૈવી શ-

કિતઓજ પ્રાપ્ત કરીને ન અટકતાં આગળ વધે છે તો તે અન્તે નિત્યજ્ઞાનથી ખરેખર સમૃદ્ધ થાય છે.

મનુષ્યને મોક્ષ ક્યારે મળે છે? જ્યારે તેની અહંબુદ્ધિ નાશ પામે છે ત્યારે.

કુમળો વાંસ સહેલાઇથી વળી શકશે, પણ પાકટ વાંસને વાળવા જતાં તે ભાગી જાય છે. બાળકના હૃદયને સારા તરફ વાળવું સ્હેલું છે, પણ વૃદ્ધના હૃદયને તેમ વાળતાં તેના ઉપર કબજો રહેતો નથી.

જેમ હિંદુસ્તાનમાં ગામડાંની બાળાઓ, એક ઉપર એક, એમ ચરચાર પાંચ પાંચ પાણીના ઘડા, પોતાના સુખદુઃખની વાતો કરતી લઇ જાય છે, અને છતાં, પાણીનું એક ટપકું સરખું પણ ઢોળાવા દેતી નથી; તેમ ધર્મપ્રવાસીએ ધર્મના માર્ગમાં ચાલવું જોઇએ. ગમે તે સ્થિતિમાં તે મૂકાય પણ તેણે નિત્ય લક્ષ રાખવું કે સત્ય માર્ગમાં-થી તેનું હૃદય ખસવું ન જોઇએ.

બકલમાં કરતાં વધારે સહીસલામત અને વધારે સ્હેલો માર્ગ બીજો એકે નથી. "બકલમાં" એટણે પરમાત્માની ઇચ્છાને આત્મા સમર્પી દેવો, અને "મ્હારૂં" એવુ કાંઇપણ જાણવું નહિ તે.

જે પુરૂષ સારો વક્તા અને ઉપદેષ્ટા હોય, છતાં જેનામાં ધા-ર્મિકતા ખીલી ન હોય એવા માટે આપનો શો અભિપ્રાય છે? એ પારકાની થાપણ ઉડાવી દેનાર પુરૂપ જેવો છે. એ બીજાને સ્હેલાઇથી સલાહ આપે છે તેનું કારણ કે એમાં એને કાંઇ બેસતું નથી, કેમકે એ જે વિચારો દર્શાવે છે એ પોતાના નહિ પણ પારકા પાસેથી લીધેલા છે.

વિવેક અને વૈરાગ્યયુક્ત અન્તઃકરણ વગર શાસ્ત્રો જો જો કરવાં એ વૃથા છે. વિવેક અને વૈરાગ્ય વગર આધ્યાત્મિક અભિવૃદ્ધિ બની શકતી નથી.

આત્માને ઓળખ, એટલે અનાત્મા અને (સર્વનો પ્રભુ) પરમાત્મા બંનેને તું ઓળખીશ. જેને આપણે "હું" કહીએ છીએ તે શું છે? એ તે મારો હાથ, કે પગ, કે માંસ, કે રૂધિર, કે સ્નાયુ, કે શિર? ઉંડું વિચારી જોઇશ તો જણાશે કે "હું" એવો કોઇ પદાર્થજ નથી. ડુંગળીનાં છોડાં કાઢતા જઇએ છીએ તેમ જો "હું" ના પડદા પણ ઉકેલતા જઇએ, એવું પૃથક્કરણ કરીએ તો

જણાશે કે "હું" એવો વસ્તુતઃ કોઈ પણ પદાર્થ રહેતો નથી, આ સર્વ પૃથક્કરણ કરતાં છેવટે માત્ર પરમાત્માજ રહે છે. "હું" ભાવ જતો રહે છે ત્યારે પરમાત્મા પ્રત્યક્ષ થાય છે.

હાથી છૂટે છે ત્યારે ઝાડ અને છોડવાઓને ઉખેડતો ફરે છે, પણ મહાવત એને માથે અંકુશ લગાવે છે કે તુરત તે શાન્ત થઇ જાય છે; એજ રીતે જ્યાં સુધી મન છૂટું છે ત્યાં સુધી એ નકામા નકામા વિચારોમાં પુષ્કળ ભમ્યા કરે છે, પણ વિવેકરૂપી અંકુશ વાગતાં એ તરત શાન્ત થઇ જાય છે.

હરિનું નામ સાંભળી જ્યાં સુધી આનન્દાશ્રુ નથી વહેતાં ત્યાં સુધીજ ઉપાસનાની જરૂર છે. માત્ર હરિનું નામ સાંભળતાંજ જેને અન્તઃકરણ ઉભરાઇ આવે છે અને આનન્દાશ્રુ વહે છે તેને તો ઉપાસનાની કાંઇ પણ અપેક્ષા નથી.

સંત અને જ્ઞાનીનો સમાગમ એ ધાર્મિક અભ્યુન્નતિનું મુખ્ય સાધન છે.

મરણકાળે જેવી મતિ તેવી ગતિ; માટે ઉપાસનાની બહુ જરૂર છે. વારંવારના અભ્યાસથી સાંસારિક વિચારો મનમાં ઉત્પન્ન થતા અટકે છે અને આત્મામાં માત્ર પ્રભુનોજ વિચાર વ્યાપી રહે છે; જે મરણ વખતે પણ ખસતો નથી.

પ્રભુ ઉપર પ્રીતિ કેવી રાખવી? જેમ પતિવ્રતા સાધ્વી સ્ત્રી એના પતિ ઉપર રાખે છે, જેમ કૃપણ એના ધનસંચય ઉપર રાખે છે તેમ. ભક્તે પૂર્ણ અન્તઃકરણથી ભગવાન ઉપર પ્રેમ રાખવો.

સંત સમાગમ ચોખાના ધોવણ જેવો છે, ચોખાનું ધોવણ મદને ઉતારે છે. એજ રીતે સંત સમાગમ સાંસારિક મનુષ્યને વાસનારૂપી મદ્યથી ચઢેલા મદમાંથી મુક્ત કરે છે.

કેશવચન્દ્રસેન.

આ સાધુ પુરૂષનું નામ જગ જાહેર છેઃ બંગાળા ઇલાકામાં એમનો જન્મ થયો હતો, અને રાજા રામમોહનરાયે સ્થાપેલા બ્રાહ્મો સમાજના અમુક સિધાન્તો પોતાને રૂચિકર લાગતાં ન હોવાથી બ્રાહ્મો સમાજ સાથેના સંબંધથી છૂટા થઇ, એમણે "પ્રાર્થના સમાજ" નો જન્મ આપેલો. આ સંસ્થાને અંગે એ ઓ શ્રી એ ઘડેલાં વિવિધ વચનામૃતો પૈકી અમુક નૈતિક તત્વો—જે સર્વપ્રિય નિવડેલ છે—તે અત્રે ઉતરવામાં આવ્યાં છેઃ—

અભ્યાસ—

રાત્રે વાળું પહેલાં કે પછી પોતાની નવરાશની વેળાએ સારા સારા ગ્રંથો કે માસિકો વાંચવાં.

જેમ શરીરને અને આત્માને વ્યાયામની જરૂ છે તેમ તારા મનને પણ નિરંતર કેળવવાની જરૂર છે, કે જેથી તેની સર્વ શક્તિઓ પ્રબલ અને આરોગ્ય થઇને સત્ય અને જ્ઞાન ગ્રહણ કરે.

અમથું કે નકામું કંઇ વાંચવું નહીં, તેમ નીતિ ભ્રષ્ટ થાય એવું પણ કંઇ વાંચવું નહીં.

ગ્રંથો સોબતીઓ જેવા છે, નઠારાં પુસ્તકો દુષ્ટ સોબતીઓની પેઠે મનને છુપી રીતે બગાડે છે, ત્યારે સારાં પુસ્તકો સત્સંગતિ જેવાં શુભ સંસ્કાર લગાડીને રૂડું ફલ આપે છે.

ખરેખર જ્ઞાનનો ગ્રંથ આત્માનો શ્રેષ્ઠ શિક્ષક છે અને એકાંતનો મિત્ર છે. એવો ગ્રંથ વગર જીભે પુષ્કળ શીખામણ આપે છે, અને વગર હાથે શોકનાં આંસુ લૂછે છે.

ગૃહસ્થે ઘરમાં ઉત્તમ ગ્રંથોનો સંગ્રહ રાખવો, અને તે પરમ જ્ઞાનમય ઇશ્વરને અર્પણ કરવો.

અને તેણે વખતોવખત પોતાની શક્તિ પ્રમાણે બીજાં યોગ્ય પુસ્તકો આણીને તે સંગ્રહમાં ઉમેરો કરવો.

ઘરનો પુસ્તકસંગ્રહ ન્હાનો હોય તેની ચિંતા નહીં, પણ તેમાં શ્રેષ્ઠ ગ્રંથો હોવા જોઇએ અને યુગના મહાત્માઓનાં વચન અને લેખનનો મધુર ઉચ્છ્વાસ તેમાંથી નીકળવો જોઇએ.

વળી ગ્રંથો પસંદ કરવા તે અનેક નાના પ્રકારના વિષયોના

કરવા કે જેથી દેહની પેઠે મનને પણ તેના જુદા જુદા સ્વાદને રૂચતો નવો નવો ખોરાક દિનપ્રતિદિન મળતો જાય.

સૃષ્ટિજ્ઞાન અને સાહિત્ય, ધર્મશાસ્ત્ર અને ફિલસુફી, ઇતિહાસ અને જીવનચરિત્ર, કાવ્યો અને નાટકો, નીતિબોધક આખ્યાનો અને દેશદેશનાં વર્ણનાં, ધર્મવિષયક વ્યાખ્યાનો, અને ભક્તોનાં ઉદ્ગારો, અને મુખ્યત્વે કરીને સર્વ પ્રજાઓનાં ધર્મપુસ્તકો, એમ જુદા જુદા ગ્રંથો રાખવા.

પુસ્તકોને કિંમતી ખજાના જેવાં ગણીને મોટી સંભાળથી સાચવી રાખવાં. વળી પુસ્તકોને પવિત્ર માનવાં કેમકે એ પરમ સત્યના ભંડાર છે.

સત્ય માત્ર ઇશ્વરજન્ય છે એ લક્ષમાં રાખવું, અને જુદાં જુદાં સત્યમાં નીત, ઇતિહાસ, સૃષ્ટિજ્ઞાન એમ વિષયપરત્વે ભેદ હોય તેથી તેમની પૂજનીયતામાં ભેદ ન ગણવો.

અતિશય ન વાંચવું.

માપકસર રહેવું, કેમકે જેમ અતિશય આહારથી દેહ ઉપર બોજો આવી પડીને તેની સ્થિતિ મંદ થાય છે અને પાચનમાં હરકત પહોંચે છે, તેમ અતિશય વાંચ્યાથી મનની બાબતમાં પણ બને છે.

જો ખાધેલું પચાવી શકાય નહીં તો તે વિષરૂપ થઇ પડશે અને રોગ ઉત્પન્ન કરશે.

તેમજ જો હદ ઉપરાંત પુસ્તકો વાંચતાં તે મન ઉપર નકામો ભાર આવી પડીને તે નિર્બલ થશે અને તેના અંગોમાં પાકો વિચાર કરવાની શક્તિ રહેશે નહીં.

ખરા વિદ્યાર્થીએ રોજ થોડીક લીટીઓ કે થોડાંક પ્રકરણ વાંચવાં અને આગળ વાંચવા પહેલાં તે બરાબર ઠસાવવાની કાળજી રાખવી.

માહિતી કે ગમ્મત મેળવવી એ અર્થે વાંચવાનું નથી, પણ વિચાર વડે મનને કેળવી પાકું બનાવવું એ તેનો હેતુ છે.

મનને વિષે વિચાર જઠરાગ્નિનું કામ કરે છે, અર્થાત્ એના યોગે, બોધ મળતાં તેનું જ્ઞાન થાય છે. માહિતી મળતાં તેનાથી ગુણ બંધાય છે અને ગ્રંથોના જુદા જુદા વિષયોનું સૂક્ષ્મ લોહી અને ચરબી બનેછે.

માટે બહુ વાંચવાનો, કે બહુ શીખવાનો, કે બહુ યાદ રાખવાનો લોભ નહીં ધરતાં વિચારશીલ થવાને ઉત્સુક રહેવું કે જેથી બુદ્ધિ સદા આરોગ્ય, પ્રબલ અને તેજસ્વી થાય.

જે કાંઈ વાંચવું તેના ઉપર વિચાર કરવો અને મનન કરવું, અર્થાત્ પ્રસંગોપાત તોલન અને વિવાદ, સરખામણી અને સામાન્ય રૂપાંતર, પૃથક્કરણ અને સતીકરણ, અને પાકા નિયમોનું પ્રતિપાદન, એવા જુદા જુદા પ્રયોગો કરવા, કે જેથી બાહ્ય સત્યો તારા અંતરમાં ઉતરીને જીવન અને પ્રકૃતિ સાથે મળી જાય.

જે લોકો વિશાલ ગ્રંથસાગરની સપાટી ઉપરજ ભમ્યા કરીને માત્ર તણખલાં ભેગાં કરે છે તેઓને ધિક્ છે.

જે લોકો ડુબકી મારીને તળેથી મોતી લઇ આવે છે તેઓને ધન્ય છે.

ઉપરચોટીયા તથા વિચારશૂન્ય વાંચનારને આખા પુસ્તકાલય' માંથી કંઇ લાભ મળતો નથી, પણ વિચારવંતને તો ચાર શબ્દમાં જ્ઞાનનો ભંડાર મળી આવે છે.

શીખવવાનો કંટાળો આણવો નહીં, તેમજ હવે વયે એટલો બધો વૃદ્ધ થયો કે શીખાય નહીં એવો વિચાર કદી આણવો નહીં, પણ આયુષ્યના છેલ્લા દિવસ સુધી જ્ઞાન ગ્રહણ કરવામાં મચ્યા રહેવું.

પરમ શિક્ષકના ચરણારવિંદમાં સદા શિક્ષણ લેવું એ તો ખરેખર મોટા યશ અને અધિકારનું લક્ષણ છે.

પૃથ્વી એક શાલા છે અને તેમાં આપણે સર્વ શિક્ષણ અને સ્વભાવ નિયમન પ્રાપ્ત કરવા આવીએ છીએ એ વાત લક્ષમાં રાખવી; જેઓ એ શાળામાંથી કિંમતી વિદ્યા સંપાદન કરીને વર્ગ ચ્હડી સ્વર્ગમાં માન અને ઇનામ લેવા જાય છે તેઓને ધન્ય છે.

મલિન તથા ભ્રષ્ટ વિષયોના ગ્રંથોનો તારે સ્પર્શ પણ ન કરવો.

નાસ્તિક પુસ્તકોથી દૂર રહેવું, કેમકે તે મહા ત્રાસરૂપ છે.

કાલકાલનાં ધર્મગુરૂઓનાં રચેલાં શાસ્ત્રોને સૌથી વધારે માન આપવું અને તે સર્વને અભિન્ન ભાવે પૂજ્ય અને વંદ્ય ગણવા, કેમકે એ પવિત્ર લેખોમાં ઇશ્વરપ્રેરિત અગાધ જ્ઞાન રહેલું છે.

જે કાંઇ વાંચો તથા શીખો તે દ્વારા ' નવવિધાન 'ના સરસ્વતી મંદિરનો મહિમા વધે એમ થાઓ !

દાન—

જે ઘરમાં દાન થતું નથી તે ઇશ્વરનું ઘર નથી, પછી તેમાં

નિત્ય સેવાનું ગમે તેવું ડોળ જોવામાં આવતું હોય અને પ્રાર્થનાઓનો ઘોંઘાટ ગમે તેટલો ગાજતો હોય.

દાન વિનાની શ્રદ્ધાને પોકળ પવિત્રતા સમજવી. તે એક ફૂલ-હિન વાંઝિયા વૃક્ષ જેવી છે.

જે મનુષ્ય પિતા પ્રતિ પ્રેમ દર્શાવે છે પણ જેને પોતાના ભાઇ કે બીજા મનુષ્ય પ્રતિ સમૂળો પ્રેમ નથી તે દાંભિક ધુતારો છે. અને ભગવાં વસ્ત્ર તથા દેહ કષ્ટિના વેશમાં પોતાની સ્વાર્થ વૃત્તિ છુપાવે છે.

પણ ખરા ભક્ત જનનો ઇશ્વર પ્રેમ નદીનાં પૂર જેવો છે, તે ભરાઇ ઉભરાઇ જાય છે, સર્વ અંતરાય ઓળંગે છે, દુનિયાના વિશાળપટ ઉપર ફેલાઇ જાય છે. અને સૂકાં બળી ગયલાં ખેતરોમાં ઇશ્વરની લીલાલહેર વર્ત્તાવે છે.

માટે ગૃહસ્થે સ્વાર્થવૃત્તિને પાપ તથા દુષ્ટતાનું લક્ષણ ગણીને પરહરવી અને પોતાના ઘરને દાન તથા પ્રેમનું ભવન બનાવવું.

ગરીબોને જે કંઇ આપવું તે અહંકાર અને ગર્વથી ન આપવું. તેઓ જાણે નીચ, જાતિભ્રષ્ટ, અને કેવલ ધિક્કાર કે દયાપાત્ર હોય એમ માની તેમનો તિરસ્કાર ન કરવો.

ગરીબ અને ગરજવાન મનુષ્યને તારે માન આપવું, અને તેમની સેવા પુન્યદાયી છે તથા તારો અધિકાર વધારે છે એમ સમજવું.

કેમકે દાન લેનારનું કલ્યાણ કરે છે, તે સાથે દાન કરનારનું સો ગણું કલ્યાણ નથી કરતું ? લેનારના હાથમાં રૂપુ આવે છે પણ દાતાને તો તેના બદલામાં સોનું મળે છે.

ખરેખર, ગરીબને આપવું એ પ્રભુને આપવું છે, માટે દાનનો મહિમા સદૈવ પ્રભુને આપવાના જેટલો મ્હોટો છે.

ત્યારે આવા મ્હોટા પરમાર્થના કામમાં સુસ્તી કે પ્રમાદ રાખવો નહીં અગર કંટાળવું નહીં, પણ જે થોડી ઘણી તક મળે તેનો લાભ લઇને અલ્પ શક્તિના પ્રમાણમાં જેટલું દાન થઇ શકે તેટલું કરવાને સદા ઉત્સુક રહેવું.

વળી જુસ્સાના આવેશમાં એટલે ક્ષણિક પ્રેરણાને વશ થઇને માત્ર ક્યારે ક્યારે દાન કરે એમ બનવું ન જોઇએ.

તારા ઘરમાં જેમ બીજાં કાર્ય થાય છે તેમ દાન રોજ નિયમસર થાય એમ કરવું કે ઇશ્વરના ધામમાં દયાનો સદોદિત વાસ હોય.

જ્યારે જ્યારે ગરીબ મનુષ્યો પાસે આવીને આશ્રય, અન્ન વગેરેની આશા કરે ત્યારે ત્યારે તેમને સંતોષવા તત્પર રહેવું. દ્વાર બંધ દેખીને અગર અભાવ જોઇને તેઓ ખિન્ન થઈ પાછા ફરે એમ થવું ન જોઇએ.

યાચક ગમે તેવો નીચ અને કંગાલ હોય પણ તેને આવકાર દેવો, તે જે કંઇ કહેવા માગતો હોય તે સઘળું સાંભળવું અને પછી શાંત તથા દયાળુ વૃત્તિએ તેની હકીકતના ગુણદોષનો વિચાર કરવો.

જો તે દાનને પાત્ર હોય તો હર્ષપૂર્વક અને પૂજ્યભાવથી તેને અન્ન વસ્ત્ર આપવાં અથવા બીજી રીતે તેની સેવા કરવી.

કુટુંબ માટે મહિનાનું અનાજ ખરીદો ત્યારે ભિક્ષુકો માટે ચોખા તથા લોટ પણ ખરીદવાં અને તે ચીજો કોઠારમાં હિલાયદી રાખવી અને દાન ખાતે અર્પણ કરીને માત્ર તેમાં વાપરવી.

જુનાં વસ્ત્ર અને જીર્ણ થયલી વસ્તુઓ દર મહિને ઉંચી મુકવી અને જેમને તેનો ખપ હોય તેમને આપવી, કે નકામી ગણીને કાઢી નાંખેલી ચીજોનો પણ સદુપયોગ થાય.

વળી ધર્માદા આશ્રમોમાં નિયમસર દરમહિને શક્તિના પ્રમાણમાં બક્ષીસો આપવી, અને નિર્ધનતાના સબબથી એવી બક્ષીસો કદિ અટકાવી રાખવી નહીં કે બંધ કરવી નહીં.

આ વાત લક્ષમાં રાખવી કે પોતાનું દ્રવ્ય તે પોતાની મિલકત નથી કે તેનો મરજી પ્રમાણે ઉપયોગ કરાય, એ તો પ્રભુએ પોતાના હેતુઓ માટે સોંપેલો એક પવિત્ર જુમ્મો માત્ર છે.

અને પ્રત્યેક આસ્તિક જને, છેક રંક સ્થિતિ વાળાએ પણ દરમહિને તે દ્રવ્યનો હિસ્સો પરોપકારમાં વાપરવો.

ધર્માદા દ્રવ્યનાં વહીવટ માટે જવાબદાર ગૃહસ્થો, તમારા જુમ્માનો ચોખ્ખો હિસાબ તમારે રાખવો અને ગરીબના હક્કના પઇસા ખરેખર અપાયા છે એમ દર મહિને ચોપડાની ઉધાર બાજુએ બતાવવા સમર્થ રહેવું.

દાન દ્વારા ઘણાં ઘણાં લોકોપયોગી કામ કરવાનાં છે, અને દયાની વાપરના અનેક પ્રસંગો છે.

ભુખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નવસ્ત્રાને વસ્ત્ર, માંદાંની સારવાર, ઘર વગરનાને રહેવાનાં મકાન, મૃત્યુ એ વિયોગી-નિરાશ્રિત કરે·

લાને દિલાસો, વિધવા અને નિરાધાર બાળકનું દુઃખનિવારણ, સાધનહીન વિદ્યાર્થીને પુસ્તકાદિ મદદ, ઔષધશાળાઓ, વિદ્યાલયો, દેવાલયો સ્થાપવાં અને ચાલુ રાખવાં, એ સર્વ સામાન્ય પ્રકારનાં ધર્માદા કામો છે, અને તે બજાવવાનો જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે ત્યારે તન, મન, ધન અર્પીને અવશ્ય બજાવવાં.

એ શિવાય વળી સમયોચિત અને પ્રસંગોચિત અસાધારણ ધર્માદા કામો કરવાની પ્રભુની તને આજ્ઞા છે.

જ્યારે દેશમાં દુકાળ પડે અથવા મરકી કે ચેપી રોગ પ્રસરે કે આગ લાગે, અથવા પોતાના કે અન્ય દેશમાં સેંકડો લોકો ઉપર અકસ્માત આફત ગુજરે અને તેમાંથી વિનાશ ભૂખમરો, અને સંકટ નીપજે, તે વેળા (દુઃખીને) સત્વર મદદ આપવી અને દુઃખનિવારણ માટે બધી રીતે બની શકે તેટલો પ્રયત્ન કરવો.

ઉન્હાળામાં સૂર્ય ઘણો તપે છે ત્યારે તરસ્યાને માટે શીતલ જલ શરબત તથા બરફની જોગવાઇ કરવી અને થાકેલા મુસાફર તથા કષ્ટાયલો મજૂર દ્વાર આગળ આવે ત્યારે તેને વિસામો, આરામ અને દયાના ઝરામાંથી વહેતું સ્વચ્છ જળ સદા મળે એમ કરવું.

તેમ શિયાળામાં કડકડતી ઠંડીથી હેરાન થતા રંક અને ચીથરેહાલ લોકને ગરમ વસ્ત્ર આપવાં

વિચાર શૂન્ય દાન કરીને આલસ અને દરિદ્રતાને ઉત્તેજન આપવું નહીં પણ માત્ર સુપાત્રને આશ્રય આપવો.

વળી લોકો પ્રશંશા કરીને વાહવા બોલે એમ ઢોલ વગાડીને દાન કરે એ ખોટું; જે કંઇ આપવું તે ગુપ્તપણે અને નમ્ર ભાવે આપવું અને તેમાં કીર્તિની આશા કરવી નહીં

ખરૂં દાન હાથથી નહીં પણ હૈયાથી થાય છે, તેનો મહિમા આપવાના કૃત્યથી નહીં પણ મનમાં સંકલ્પથી છે, અને પ્રભુને વગર હૈયાની મોટી મોટી સખાવતો કરતાં રંક વિધવાની મુઠી ચપટી વધારે પ્રિય છે.

જાત અને જીવન, દેહ અને આત્મા પરહિતને અર્પણ કરી દેનાર, અને જનમંડલની સેવા કરવાનું અખંડ વ્રત સ્વીકારનાર વિરલ પુરૂષોને ધન્ય છે; તેઓનું આ લોક અને પરલોક ઉભયમાં કલ્યાણ થશે.

દાંપત્ય.

લગ્નની સંસ્થા ઇશ્વર પ્રણીત છે, અને તે માટે તેને પુજ્ય ગણવી.

જેઓ લગ્ન સંબંધને એક કાયદેસર કરાર માત્ર ગણે છે તેઓ તેને ઉતારી પાડી એક માનવ સંસ્થા અને કેવળ લોકાચારનું હલકું પદ આપે છે.

શું પતિપત્ની બજારમાં ક્રયવિક્રય કરવા યોગ્ય વેપારની જણસો છે?

શું લગ્નની નોંધ કરનારો અમલદાર લગ્નદેવતા છે, અને શું તેની મોહોરથી લગ્ન સંબંધ મંજુર થાય છે ?

નહીં. પરણનાર તો આત્મા છે, અને બે અમર આત્મા વચ્ચે લગ્નની ગાંઠ બાંધવા ઇશ્વર અને એજ સમર્થ છે.

યાદ રાખો કે પ્રભુના પોતાના હાથે વિધિ થયા વગર લગ્ન સંબંધ બંધાતો નથી.

માટે તમે પરણો ત્યારે એક કાયદેસર કરારની રૂએ જેમ વેપાર વણજમાં સાટાં થાય છે, તેમ તમે સરકારી કાયદા અને સરકારી અમલદારોદ્વારા એક બીજાને ખરીદો નહીં, પણ પરમ નોંધનાર કૈલાસપતિની સમક્ષ અને તેની મોહોર કરાવીને જ લગ્નનો પવિત્ર સંબંધ બાંધજો.

અને પ્રભુની આશિષ અને પ્રભુની કૃપા વિના લગ્નાવસ્થાના ભારે જુમ્મા માથે લેવા તમારામાંથી કોણ સમર્થ છે ?

તમારે લગ્નદેવતાના ચરણારવિંદમાં મસ્તક મુકવું અને એનો આશિર્વાદ લઇને તથા તમારા હૃદયમાં એનો પ્રકાશ અને એનું સામર્થ્ય સ્થાપીને નાના પ્રકારની કસોટીઓ તથા લાલચોથી ભરપૂર દુનિયાદારીમાં પુજ્ય ભાવે પ્રવેશ કરવો.

અને જ્યાં સુધી જીવો ત્યાં સુધી તમારે પ્રાર્થના કર્યા કરવી અને મથન કર્યા કરવું કે તમારા આત્માના લગ્ન–સંબંધ વર્ષે વર્ષે દૃઢ થતો જાય અને પરિપાક પામી સ્વર્ગ લોકનો અમર સંબંધ બની રહે.

કેમકે લગ્ન થયું એટલે સંપૂર્ણાવસ્થા પ્રાપ્ત થઇ એમ નથી. પરણેલાં જોડાંએ નિરંતર ગતિ કરી સ્નેહ અને પવિત્રતામાં ઉત્તરોત્તર વધારો કર્યા જવાનો છે.

કોઇ પણ પુરૂષ કે કોઇ પણ સ્ત્રીનું ખરેખરૂ અને પરિપકવ લગ્ન થઇ ગયું કહેવાય જ નહીં. પરણવું એ તો જે આંતર ઐક્ય ક્રમે ક્રમે પ્રાપ્ત કરવાનું છે તેનું પહેલું પગથીઉં છે, બે આત્માઓનો ઉચ્ચ સાત્વિક સંબંધ ફૂલવાનો છે તેનું બીજ માત્ર છે.

માટે પતિપત્નીએ પોતાનું આત્મિક લગ્ન વધારે સિદ્ધ કરતા જવું.

કેમકે વર્ત્તમાન જીવનમાં તેઓ એક એકથી વિભિન્ન અરધિયાં જ છે. ઇશ્વર વિષેના ભાવિ જીવનમાં જ તેઓનો અભેદ, તેઓનું ઐક્ય થવાનું.

માટે હે પતિઓ, અને હે પત્નીઓ, તમે પરસ્પર વિશ્વાસ રાખો, પરસ્પર આદર ને પ્રેમ રાખી વર્તો, ઐહિક તેમજ આધ્યાત્મિક સર્વ વાતમાં સંપસંપીને એવું વર્ત્તન કરો કે તમે પરિપક્વ ઐક્ય સાધી શકો.

પતિએ કે પત્નીએ સ્ત્રીત્વ કે પુરૂષત્વ જાતિ ઉંચી છે એવો ગર્વ આણીને એ વિષે તકરારો ઉઠાવવી નહીં, પરંતુ ઇશ્વરના ઘરમાં બંને સમાન પંક્તિના અને એક બીજાના સહાયક છે એમ જાણી આદરભાવે વર્તવું.

જે પતિ પોતાની પત્નીને હલકી દાસી જેવી ગણે છે, અને તેને જનાનખાનામાં બંદી પેઠે સખ્ત જાપતામાં રાખ્યા વગર તેના પતિવ્રત ઉપર વિશ્વાસ આણી શકતો નથી, અને તેને સદૈવ ગુલામની માફક નીચી રાખવી, ઊંચું માથું કરવા ન દેવું એવી વૃત્તિ ધારણ કરે છે, તેને પતિનું પદ ઘટતું નથી.

તેમ જે પત્ની પોતાના પતિને વશ કરી તેના ઉપર અમલ ચલાવવાને તથા તેને મોહપાશમાં ફસાવી રાખવાને સદા મથે છે તેને પત્નીનું પદ બીલકુલ ઘટતું નથી.

એમાંના કોઇ તરફથી જુલમ ન થતાં, બંનેએ પરમસ્વામિના સેવાગૃહમાં એકત્રપણે કામ કરવું.

બંને સમાન છતાં પુરૂષે સ્ત્રીની કે સ્ત્રીએ પુરૂષની પ્રકૃતિ ધારણ કરવી નહિ અથવા એક બીજાનું કામ છીનવી લેવું નહીં.

કુટુંબમાં એ પ્રત્યેકનું વિશેષ લક્ષણ તથા કર્તવ્ય પ્રભુએ ઠરાવ્યું છે અને એ મર્યાદા કોઇએ છોડવી નહીં.

પુરૂષે સ્ત્રી ન બનવું, ગૃહિણીનું કામ પોતે કરવા ન જવું; સ્ત્રીએ પુરૂષ ન બનવું પોતે પુરૂષનું કામ કરવાનો લોભ ન રાખવો.

પ્રત્યેકે પોતા માટે પ્રભુએ નીમેલું કામ કરવું, અને રિપુભાવે પ્રેરિત પ્રતિસ્પર્દ્ધીઓ પેઠે કજીઆ ન કરતાં, સદા ઉત્તમ મિત્રભાવ ધારણ કરીને પરસ્પર જોડિયાપણાનો સંબંધ ટકાવી રાખવો.

ધિક છે તે સ્ત્રીને કે જે સ્વભાવથી વિરૂદ્ધ વર્તીને તથા ઇશ્વરનો અનાદર કરીને પોતાનાં યોગ્ય કર્તવ્ય તજી દે છે, અને મરદાની કામોમાં રમતોમાં અને વિનોદોમાં મરદાની વલણનું અનુકરણ કરી ભાગ લે છે.

એવી સ્ત્રીની પાયમાલી પાસે આવી છે અને તે અપકીર્તિ તથા અધમતાનો ભોગ થવાની.

જેમ અભિમાનથી કુટુંબની પાયમાલી થાય છે તેમ અણુવિશ્વાસને લીધે પણ કુટુંબમાં દુઃખ નીપજે છે. એ અણુવિશ્વાસને પાપ અને અસત્યરૂપ ગણી તેનો ત્યાગ કરવો.

પતિ કે પત્ની પોતાના વ્રતનો ભંગ કરે એ સૌથી મોટું પાપ છે માટે તેનાથી બંનેએ સાવચેત રહેવું. વ્યભિચારબુદ્ધિ હૃદયમાં જરા પણ ફરકવા પામે તેને ઘોર ભ્રષ્ટતા ગણવી.

જે વ્રત ભયનો અભાવ હોય ત્યાં સુધી પળાય પણ લાલચ મળતાં ચળી જાય તે ખરૂં વ્રત નથી પતિવ્રત અને પત્નીવ્રત સર્વ પ્રકારની લાલચ કસોટી સામે ટક્કર લઇ વિજયી રહે એવું દૃઢ હોવું જોઇએ. પતિ અને પત્નીની અન્યોન્ય તન્મયતા જોવી જોઇએ કે કોઇ પણ સ્થિતિમાં સ્વપ્ને પણ શિથિલ વિચાર સ્ફુરવા ન પામે.

દાંપત્યવ્રત પાળવું અને સ્નેહ રાખવો. પ્રથમ માત્ર અનીતિનો અભાવ સાધે છે. દાંપત્ય જીવનનું અસ્તિત્વ બીજામાં છે. વિશુદ્ધ કળી માત્ર છે, પ્રેમ તેનું ખીલેલું પુષ્પ છે.

પતિ અને પત્નીનો પરસ્પર સ્નેહ આવેશ અને ઉત્સાહ ભર્યો જોઇએ અને તેઓનું જીવન એક બીજામાં તન્મય જોઇએ.

જેમ ગૃહસંસ્કારનું ઐહિક કામકાજ તેમણે એકત્રપણે કરવું તેમ ઇશ્વરપ્રાર્થના પણ તેઓએ સાથે કરવી અને પ્રસંગોપાત આત્માના પરમાર્થ સંબંધી ચર્ચા કરવી.

પતિપત્ની કોઇ એકાંત સ્થલમાં એકઠાં બેસીને પ્રાર્થના તથા કીર્તન કરે અને પ્રફુલ્લ હૃદયે પરમાત્માનું ધ્યાન ધરે એ દેખાવ કેવો સ્વર્ગીય છે !

આ પ્રમાણે જીવન ગુજારી તેનો અંત આવતાં તેઓ સ્વર્ગના સાત્વિક વિલાસો પામવા ઉંચે ચઢો અને અખંડ પવિત્રતા તથા આનંદના આવાસોમાં સજોડે પ્રવેશ કરો !

" પ્રકીર્ણ. "

૧ બર્થોલ્ડ.

બર્થોલ્ડ માથા ઉપરથી ટોપી ઉતાર્યા વિના, અને સભ્યતાની કાંઇપણ નિશાની બતાવ્યા વિના બેધડક રાજાના મહેલમાં ચાલ્યો ગયો; અને જે અમીર ઉમરાવોની રાજસભા ભરાઇ હતી તેની વચ્ચે થઇને રાજાની પાસે જ આવી ગયો. આડલબોઇન રાજા ઘણો જ ભલા સ્વભાવનો, સમજુ અને ટીખળી હતો; તેથી બર્થોલ્ડની ચાલ ઉપરથી તેની ધારણામાં એકદમ આવી ગયું, કે ઈશ્વર પોતાની બીજી ચમત્કારિક ઉત્પત્તિમાં ઘણાં રાક્ષસી અને વિલક્ષણ રૂપનાં પ્રાણીઓ પેદા કરે છે, અને તેઓને બીજાં મનુષ્ય પ્રાણીઓ કરતાં વિશેષ ગુણની બક્ષીસ આપે છે, તે માંહેલો આ કોઇ એક છે. આવા વિચાર ઉપરથી પોતાને કંઇપણ આશ્ચર્ય લાગ્યું નથી એવો ડોળ ધારણ કરીને સભ્યતાથી બર્થોલ્ડની સાથે વાતચિત કરવા મંડી ગયો અને પછી એક બીજાને કાંઇપણ સંબન્ધ મળે નહીં એવા પ્રકારના રાજાએ તેને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછ્યા: કેમકે તે સમયમાં ચતુરાઇની પરીક્ષા કરવા સારૂ રાજદરબારમાં એવી રીતે પ્રશ્ન પૂછવાનો ચાલ હતો:—

રાજા—ભાઇ, તું કોણ છે, ક્યારે જન્મ્યો, અને તારો દેશ કયો?

બર્થોલ્ડ—હું માણસ છું. મારી માના મનમાં જ્યારે આવ્યુ ત્યારે તેણે મને આ પૃથ્વી ઉપર જન્મ આપ્યો, અને પૃથ્વી પોતે જ મારો દેશ છે.

રાજા—તારે બાપ, મા, ભાઇઓ અને બહેનો છે?

બ૦—મારે બાપ, મા, ભાઇઓ અને બહેનો છે; પણ તેઓ મરણ પામ્યાં છે.

રાજા—જ્યારે તેઓ મરણ પામ્યાં છે, ત્યારે તેઓ છે એમ કેમ કહેવાય?

બ૦—કેમકે હું ઘેરથી નીકળ્યો ત્યારે તેઓ ઊંઘી ગયાં હતાં, અને તેના ઉપરથી મેં કહ્યું કે તે મરણ પામ્યાં છે. કેમકે ઊંઘ અને

મરણ વચ્ચે ઘણો થોડો ફેર છે, તે એટલો જ, કે એક ટુંકી ઊંઘ છે અને બીજી લાંબી ઊંઘ છે.

રાજા—ઘણા વેગથી દોડનારી વસ્તુ કઈ ?

બ૦—કલ્પના અથવા વિચાર.

રાજા—સસ્તામાં સસ્તી વસ્તુ કઇ ?

બ૦—મફત મળે તે.

રાજા—કોઇ દિવસ તૃપ્ત થાય નહીં એ શું ?

બ૦—મખ્ખીચૂસનો લોભ.

રાજા—છોકરાઓમાં નઠારો દુર્ગુણ કયો ?

બ૦—અમર્યાદા અથવા વડીલોના કહ્યામાં રહેવું નહિ તે.

રાજા—અને તે કરતાં પણ વધારે ખરાબ શું ?

બ૦—હુંપદ: કેમકે તેથી કરીને તેઓ સર્વને પી જવાનું શિખે છે.

રાજા—ઘરડા માણસનામાં હસી કહાડવા યોગ્ય શું ?

બ૦—કામ, પ્રીતિ અને છેલાઇ.

રાજા—વ્યાપારીનામાં પ્રબળ દુર્ગુણ કયો ?

બ.—જૂઠ.

રાજા—મ્હોયે મીઠું બોલે અને પૂઠ પાછળ નિન્દા કરે તે કોણ ?

બ.—વેશ્યા અથવા પાતર.

રાજા—ઘરની અન્દર ભયાનક અથવા જોખમ ભરેલું કોણ ?

બ.—દુષ્ટ સ્ત્રી અને ચાડીઓ અથવા કુભાંડી ચાકર.

રાજા—કયા રોગનો ઉપાય નહીં

બ.—ગાંડાપણું, ભગંદર અને દેવું.

રાજા—પોતાની માનું શરીર બાળનાર છોકરૂં કયું ?

બ.—મીણબત્તીની દીવેટ.

રાજા—તારે ચાયણીમાં પાણી ભરી લાવવું હોય તો તે શી રીતે લાવે ?

બ.—પાણી ઠરી જતાં સુધી થોભું.

રાજા—સ્ત્રીના કયા રોગ પ્રત્યે પુરૂષનો ઉપાય ચાલે નહીં ?

બ.—તેની બેઇમાનદારી અથવા નિમકહરામીપણા વિષે.

રાજા—દોડયા વિના તારે સસલું પકડવું હોય તો કેમ કરે ?

બ.—તે કોઈપણ જગ્યાએ સપડાઈ જાય ત્યાં સુધી થોભું.

રાજા—આખા વર્ષમં લાંબો દિવસ કયો ?

બ.—અપવાસ કરવો પડે તે.

રાજા—માણુસની અતિશય મૂર્ખાઈ કઈ ?

બ.—ડાહ્યામાં ખપવાની ઇચ્છા.

રાજા—દાઢીના કરતાં માથાના વાળ વહેલા કેમ ધોળા થાય છે?

બ.—કેમકે તે વહેલા ઉગે છે;

રાજા—પોતાની માના શરીરને ગાળીને પોતાનું શરીર બનાવનાર બાળક કયું ?

બ.—સુતરનો તાંતણો.

રાજા—આંધળો માણુસ પણ ઓળખી શકે એવી વનસ્પતિ કઈ ?

બ.—કૌવચ.

રાજા—પોતાના પગ નહિં ભીંજવતાં રાત્રિ દિવસ પાણીમાં નાચનારી સ્ત્રી કઈ ?

બ.—નોકા અથવા હોડી.

રાજા—ખુશી થઈને કેદમાં જાય છે તે કોણુ ?

બ.—રેશમનો કીડો.

રાજા—પોતાના ઘરમાં કોને પેસવા દેવાને લોકો ખુશી નહીં ?

બ.—અપરાધને.

રાજા—સીધી વસ્તુના પગ કાપનાર વાંકું કોણુ ?

બ.—દાતરડું

રાજા—ખૂબ ખવરાવેલી વસ્તુ કઈ ?

બ.—સુખડી ચોળવાની લાકડાની કથરોટ.

રાજા—તારી ઉમ્મર કેટલા વર્ષની થઇ ?

બ.—જે પોતાની ઉમ્મર ગણે છે તે મોતની સાથે હિસાબ ચૂકાવી દે છે.

રાજા—ઉજળામાં ઉજળી વસ્તુ કઈ ?

બ.—દિવસ.

રાજા—હેં ! દૂધ કરતાં વધારે ?

બ.—દૂધ ને બરફ બન્નેના કરતાં વધારે.

બર્થોલ્ડનું હાજર જવાબીપણું જોઇને રાજાને ઘણી નવાઇ લાગી, અને તેના ઉપર ખુશી થઇને કહેવા લાગ્યો, કે હું તારા ઉપર ઘણો ખુશ થયો છું; માટે તારી નજરમાં આવે તે મારી પાસે માગ. હું આપવાને તૈયાર છું. ત્યારે બર્થોલ્ડે હસતે મ્હોડે જવાબ દીધો, કે જે તમારી પાસે નથી તે મને તમે શી રીતે આપી શકશો ?

રાજા—એવી તે કઇ વસ્તુ છે કે તે મારી પાસે નહીં હોય?

બ.—સુખ. તે રાજાઓ પાસે હોતું નથી, તેથી બીજાં બધાં મનુષ્યો કરતાં તેઓ ઓછું ભોગવી શકે છે.

રાજા—હું આવડા ઊંચા રાજ્યાસન ઉપર બેઠો છું તેમ છતાં શું સુખી નહિ ?

બ.—ઊંચી જગ્યા ઉપર બેસવામાં જ મનુષ્ય પ્રાણીનું સુખ ગણાતું હોય તો તે ખરી વાત. પણ મારા વિચાર પ્રમાણે તો જેમ જેમ ઊંચી જગ્યા તેમ તેમ પડવાની બીક વધે છે.

રાજા—આ મારી આસપાસ અમીર ઉમરાવો બેઠેલા છે, તેમના મનમાં મારી શકિત વિષેની ખાતરી થઇ ના હોય તો તે શું જ્યારે ત્યારે મારો હુકમ માને ? એ બધાયનું દૈવત જ હું છું ને ?

બ૦—ત્યારે રાજાજી તમે શું જાણતા નથી, કે મુડદાને કોચી-ખાવાને તેની આસપાસ કાગડા વિંટાઈ વળે છે ત્યારે પોતાનો ઇરાદો તેને ખબર પડવા દેવો નહીં એવી મતલબથી પ્રથમ તેની આંખો કોચવા માંડે છે ?

રાજા—તારામંડળની અન્દર જેવો ચન્દ્રમા શોભે, તેમ હું આ દરબારમાં શોભી રહ્યો છું.

બ૦—યથાર્થ. પણ પ્રકાશિત ચન્દ્ર ! તમે જરા કહો તો ખરા, કે વર્ષમાં તમને કેટલાં ગ્રહણ લાગે છે ?

રાજા—તું એમ કેમ બોલે છે ? માણસને તે વળી ગ્રહણ લાગતાં હશે ?

બ૦—હાજી, આ બધા આસપાસના બાઇસાહેબોની રોજરોજ ખુશામત રૂપી દાબ તમારી સમજણ ઉપર છવાઇ જાય, એટલે પછી તમને ગ્રહણ જ લાગ્યું સમજવું.

રાજા—તારે મારા દરબારમાં ઉચી જગ્યા લેવાની મરજી છે ?

બા૦—હું મારે જેવો દરિદ્ર છું તેવો જ ઠીક છું. સ્વતંત્રતા વેચીને ગુલામગીરી લેઉં ત્યારે તમારો નોકર થાઉંકની ? વળી એક બીજું કારણ છે તે સાંભળો; મારામાં લુચ્ચાઇ, દગલબાજી અને જુઠાઇ એ માહેલું કાંઇ છે નહીં અને આવી સારી જગ્યાને યોગ્ય થવા સારૂં તો એ ગુણ મુખ્યત્વે કરીને જોઇએ.

રાજા—ત્યારે મારા દરબારમાં આવવાનું કારણ શું હતું ?

બા૦—જે કારણ હતું તે તો મારા જોવામાં આવ્યું નહીં. આટલા દિવસ હું એમ સમજતો હતો, કે બીજાં સાધારણ ઘર કરતાં દેવાલયનું શિખર જેમ ઉંચું હોય છે, તેમ તમે બીજાં માણસો કરતાં દશ કે બાર ફીટ વધારે ઉંચા હશો. પણ આજે બધું પોકળ જણાઇ આવ્યું. તેથી તમારી યોગ્યતા કરતાં મેં તમને વિશેષ માન આપ્યું એવી મારી ખાત્રી થઇ. કેમકે જેમ બે વહાણમાં ઘણું કરીને કાંઈ ફેરફાર હોતો નથી તેમ તમારામાંને એક સાધારણ મનુષ્યનામાં કાંઇ ફેર નથી.

રાજા—આકાર અને દેખાવમાં હું બીજાં માણસોના જેવો છું એ વાત ખરી; પણ સત્તા અને પૈસાની બાબતમાં તેમના કરતાં દશ તો શું પણ સો વાર વિશેષ છું.

બા૦—દ્રવ્ય અને શક્તિ એ બન્ને હોય તો પણ જ્યાં સુધી મનુષ્યને તેનો ઉપયોગ કેમ કરવો એ સૂઝતું નથી ત્યાં સુધી તેથી તેને સુખ પ્રાપ્ત થતું નથી.

રાજા—ત્યારે શું તારે કહેવાની મતલબ એવી છે, કે તેનો બરોબર ઉપયોગ કરતાં મને આવડતો નથી ?

બા૦—એ તો તપાસ કરવા ઉપરથી જણાઈ આવે; પણ જ્યાં સુધી આ ભાઇસાહેબોની ખુશામત અને તેમના હાજી હાજીના અવાજ ફુલાઇ જઇને સાંભળશો ત્યાં સુધી તમે તેનો યોગ્ય ઉપયોગ કરો એવું મને લાગતું નથી.

રાજા—આહાહા ! તેં તો હસાવીને મારૂં પેટ દુઃખવા આવ્યું.

બા૦—ફહ, ફહ, હસે એ તો મૂર્ખ જાણવો.

સર્વ સદ્‌ગુણો કરતાં નિષ્કપટભાવ અને પ્રમાણિકપણાને રાજદરબારમાંથી હમેશાં ઓછું માન મળતું આવેલું છે, તેની બર્થેલ્ડને

હવે ખાત્રી થઇ. કેમકે રાજાનું તેણે અપમાન કર્યું તેથી તેને હાડોહાડ લાગી ગઇ અને બોલ્યો, " તું હરામખોર ઘણો દ્વેષી અને બેઅદબ માણસ છે. " અથોલ્ડે ધીરે પડીને જવાબ દીધો. " મારો સ્વભાવજ મૂળથી એવો છે એટલે હું શું કરૂં ?

રાજા—ચલ, ચલ, નાદાન ! નીકળ એકદમ મારા મહેલમાંથી. નહિકર ધક્કા ખાઇને નીકળવું પડશે.

અ૦—હમણાં તો હું આપના હુકમને માથે ચઢાવું છું, પણ ધ્યાનમાં રાખજો કે માખીને જેમ જેમ ઉરાડી મૂકવાને મહેનત કરીએ છીએ તેમ તેમ પાછી આવતી વેળા તે વધારે હઠીલી થાય છે એવો મારો સ્વભાવ છે.

રાજા—વારૂ, ત્યારે તું માખના જેવો થઇને પાછો આવજે, પણ એક સરત કે ઘણી માખોને તારી સાથે આણવી. જો એમ બન્યું નહીં, તો યાદ રાખજે કે તારૂં માથું રહેવાનું નથી.

અ૦—કબુલ છે સાહેબ. (જાય છે.)

અથોલ્ડના નૈતિક વિચાર.

ગામડામાં રહેનારાએ દરબારમાં રહેવાની આશા રાખવી નહીં.

જે પોતાના મનોવિકાર ઉપર જીત મેળવે છે તેને મહા શૂર કહેવો.

સૂર્ય ભણી એક ટશે ને ટશે જોઈ રહેતાં છતાં જેને છીંક આવતી હોય નહીં તેનાથી દૂર રહેવું.

નિત્ય નવો નવો પોશાક પહેરનારને ઘડિયે ઘડિયે દરજીનો વાંક કહાડવો પડે.

પોતાનું કામ વેગળું મૂકીને બીજાનું કરવામાં ગુંથાય છે તેને ખરેખરો મૂર્ખ જાણવો.

જેના તેના મ્હોં આગળ જે પાઘડી ઉતારે તેની પાઘડી વહેલી ઢીલી પડી જાય.

જે પોતાની સ્ત્રીને મારે છે તે તેના પાડોશીને બડબડ કરવાનું કારણ ઉભું કરી આપે છે.

જે પોતાના ખર્ચની તૂલના કરે છે તે તંગીમાં આવી પડતો નથી.

રાની કુકર પ્રમાણે જે ઉદ્યોગ કરે છે તે ઘરમાં આનંદમાં રહે છે.

પ્રવાસ કરવાને નીકળનારાએ ખુંજામાં ભાતુ અને હાથમાં લાકડી લીધા વિના નીકળવું નહીં.

ભાગ્ય ઉપર ભરોંસો રાખનારની આશા પાણી ઉપરના પરપોટા જેવી છે.

આ લોકના સુખનાં ફાંફાં મારનારથી પરલોકનું સુખ નાસતુ ફરે છે.

જેની સ્ત્રી નઠારી છે તેનું ઘર દુઃખનું સ્થાન છે.

જે માગતા પહેલાં આપે તે તેણે દુપટ આપ્યું સમજવું.

જે પોતે પાપ કરે છે, અને બીજાને કરાવે છે, તેને એક વેળાએ બે વાર પ્રાયશ્ચિત કરવાની અગત્ય પડે છે.

જેને સદ્ગુણનો રસ્તો ઝાલવો હોય તેણે પ્રથમ તો દુર્ગુણનો માર્ગ છોડી દેવો.

જેને જે વસ્તુ મળી શકે એવી ના હોય અને તે વસ્તુ માગે તો તે પોતે પોતાનેજ ના કહે છે એમ સમજવું.

જે નાના પ્રકારનું સ્વાદિષ્ટ ખાય પીએ છે તેને ઘેર પરોણાની ભાગ્યેજ અછત હોય છે.

જે વિષયલંપટ થઇને એશઆરામના દરિયામાં વહાણ ઝોકાવી દેછે. તેને તે વહાણ, દુઃખના બંદર આગળ લાંગરવું પડે છે.

જે પોતાના પાડોશીનું સારૂં થયેલું જોઇને કચવાય છે, તે દુઃખમાં આવી પડે છે ત્યારે તેની હાંસી થાય છે.

સદ્ગુણીમાણસ બેધડક પ્રવાસ કરે છે.

ધુમાડાના બાચકા અને સ્ત્રીના બોલવા ઉપર આધાર રાખવાથી કાંઇ હાથમાં આવતું નથી.

સ્ત્રીના પતિની રીતભાતથી જાણીતા થવું હોય તો તેની સ્ત્રીનું મ્હોં જોવું.

પહેરામણી વિના પ્રેમને માટેજ જે પરણે છે, તેની રાતો આનંદમાં જાય છે અને દિવસ દુઃખના થાય છે.

જે પોતે પરણવાની તૈયારીમાં હોય તેણે પોતાના પાડોશીને ત્યાં કેમ થયું છે તે ઉપર વિચાર કરવો.

તમારા મિત્રને પ્રથમ એક જૂઠી વાત કહો અને તે પેટમાં રાખે તો પછી સાચી કહો.

મૂર્ખને શિક્ષા કરવી હોય તો તેને એક ત્રહુ કરી આપવી.

જે ઘરમાં કૂકડા કરતાં કુકડીનો અવાજ આગળ પડતો હોય, અથવા પુરૂષો કરતાં સ્ત્રીનું પરિબળ વધારે હોય તે ઘર દુ:ખદાયક સમજવું.

દ્રવ્યવાન છતાં જે અજ્ઞાન છે તેને સોનેરી ઉનના ઘેટા જેવો જાણવો.

સલાહ આપવાને તત્પર, પણ જે આશ્રય આપવાને પાછો પડે તેને ખરો મિત્ર સમજવો નહીં.

ઉન્હાળામાં જે કીડી જેવો ઉદ્યોગ કરે છે, તે શિયાળામાં ભૂખે મરતો નથી.

મનુષ્ય માત્ર ઉપર વિશ્વાસ રાખનાર મૂર્ખ ગણાય છે.

જે પૈસા માટે પરણે છે તે સ્ત્રી (પૈસા કરતાં) પ્રેમની ગણુના ઓછી કરે છે.

અવિચારથી ખર્ચ કરનારને મરણાવસરે ખોટનું સરવાયું જણાઈ આવે છે.

જે ચઢતીમાં ફૂલે છે તે પડતીમાં ડૂલે છે.

જેનો અનુભવ થયો હોય નહીં તેની સ્તુતિ કરનાર માણસ પોતાની મેળે જ જૂઠો પડે છે.

જે પોતાના પડોશીના કૂતરાને રોટલી નાંખે છે, તે પોતાના કૂતરાને પોતાના ઉપર ભસવાનું કારણ ઉભું કરી આપે છે.

જે મજૂરની મજૂરી ભાગે છે તેને ખાનદાન સમજવો નહીં.

જે સર્વને રાજી રાખવા યત્ન કરે છે તે પોતે પોતાને રાજી રાખી શકતો નથી.

જેના સમજવામાં એમ હોય કે હું કાંઇ જાણતો નથી. તેને ડાહ્યો પુરૂષ સમજવો.

બીજાને સારે રસ્તે ચલાવનારે પોતે ચાલી બતાવવું.

આ દુનિયાના સુખથી જે દૂર રહે છે તે સ્વર્ગનું સુખ ભોગવે છે.

જે પોતાના વિચારના પહેલાં જીભ ચલાવે છે તેને ડાહ્યો પુરૂષ સમજવો નહીં.

૨. બેંજામિન ફ્રેન્કલીન.

ખવાડીએ સોનાનો કોળીઓ, પણ વાંક પડે તો મારીએ.

સોનાની કસોટી અગ્નિ, સ્ત્રીની કસોટી સોનું અને પુરૂષની કસોટી શ્રી (લક્ષ્મી.)

રોગ ને શત્રુને ઉગતાં ડામવા.

સાચું તે સાચું જ અને ખોટું તે ખોટું જ.

જરૂરનો સોદો અને લાગે ગોદો.

દુઃખને અન્તે સુખ.

વાડ રાખે વેલાને અને વેલો રાખે વાડને.

બડી બડી બાતાં ને માલ કંઈ નહીં.

હરખથી હસે તે દાંત દેખાડવા.

ઘરડો જુવાન થવા જાય પણ ઘરડો જ દેખાય.

હળખેડુ ગમાર નહીં પણ ગમારપણું કરે તે ગમાર.

પહેલે દહાડે પરોણો ને બીજે દહાડે પશુ, ત્રીજે દહાડે રહે તેની અક્કલ ગઈ.

જાગેગા સો પાવેગા, સોવેગા સો ખોવેગા.

ભોગવે તેનું ધન.

ચાકર રાખવો તો નિમકહલાલ, લઠ્ઠ, અને સાદો રાખવો.

ધીરજનાં ફળ મીઠાં.

પગ તળે બળે, ને લંકા ઓલવવા જાય.

ખેડુત તેવી ખેતી અને ધણી તેવી બૈરી.

સારૂં કરવું ઇશ્વર હાથ, ને પૈસા લઇ જાય વૈદરાજ.

ગુરૂ કહે તે કરીએ, ગુરૂ કરે તે ન કરીએ.

દુનિયામાં અવતરી શું ભલું કરવું એ સૌથી મોટો પ્રશ્ન છે.

બુઢી બૈયર, ઘરડો કુતરો અને નગદ નાણું એ ત્રણ નિમકહલાલ મિત્ર છે.

તેં તારી જાતને કેટલીવાર છેતરી છે.

મગ્ન ટાળે, મગ્ન બાળે.

સદ્દગુણ સાથે સદ્દગુણની ખુબી અને લાવણ્યતા પણ મેળવવી.

શ્રમ કરતાં પહેલાં આંખો પૂરે પૂરી ઉઘાડી રાખજે; પછી અડધી બંધ રાખજે.

જેમ વગર કારણે બોલેલા બોલ માટે આપણે જવાબ દેવો પડશે તેમ વગર કારણે કરેલા મૌન માટે પણ દેવો પડશે.

બીજાઓના સદ્‌ગુણ શોધી કાઢ, ને તારા દુર્ગુણ શોધી કાઢ.

તારા ઘરને તું શોભાવ, તારા ઘરથી તું શોભાતો નહીં.

તારા છોકરાને પ્રથમ તને તાબે થતાં શીખવ અને પછી ગમે તે શીખવ.

તારી બેદિલી ગુપ્ત રાખજે.

ઉદ્યોગી થવાને મરજી શી જોવી ?

બીજાનાં દુઃખ સાંભળવાને સૌ કોઇને જોઇએ એટલી હિંમત હોય છે.

જેમ આળસુ શરીર હોય છે તેમ આળસુ મન પણ હોય છે.

જેનામાં પ્રમાણિક થવા જેટલી આવડ નથી એવા બેવકુફો દગો અને લુચ્ચાઇ કરે છે.

તું જ ખોટું સમજે છે તે કરવાને કોઇ મોજથી ફસાતો નહીં, નશાથી લલચાતો નહીં, લોભથી બગડતો નહીં, દાખલાથી દોરાતો નહીં, અને શિખામણ સાંભળતો નહીં; એટલે તું હમેશ આનંદમાં દહાડા કાઢી શકીશ; કારણ કે ચોકખું અંતઃકરણ એ હમેશનો આનંદ છે.

૩.

દિલગીરી અને કલેશ ભરી આ ક્ષણિક જીંદગીમાં સદ્દગુણજ સુખ આપી શકે છે; અને જો કે જીવાત્મા તે જાણે છે, તો પણ તે શાસ્ત્રમાં કહેલાં કૃત્યો કરતો નથી.

લોકો વિચારે છે કે આજે, કે આવતી કાલે કે તે પછીના દિવસે કે એક વરસ પછી પણ દોલત એકઠી થયાથી તે સુખી થશે; તેઓ વિચારતાં નથી કે જેમ હાથમાં રાખેલું પાણી ધીમે ધીમે ટપકી જાય છે તેમ તેઓની તબિયત દિવસે દિવસે નબળી પડતી જશે.

જુઓ આ દુનિયાની ચપળ પ્રકૃતિઃ—આપણા નિકટ સંબંધમાં

આવેલા સંબંધીઓ જેને સવારમાં જોઇએ છીએ તેમાં સાંજ પડતાં જ ઘણા મોટા ફેરફાર થાય છે.

જે ભલાં કૃત્યો કાલે કરવાનો તમારો ઇરાદો હોય તે આનાકાની શિવાય આજ કરો; તમે જાણો છો કે રસ્તામાં ઘણી અડચણો પડશે ત્યારે તે મુલત્વી રાખવાં શાને ?

સુઓ નહીં; જાગ્રત રહો. યાદ રાખો, તમારી પાછળ ત્રણ શત્રુઓ લાગેલા છે:—વ્યાધિ, વૃદ્ધાવસ્થા, ને મરણ. અને મરી તો જવું જ છે એમ જ્યારે તમને ખાત્રી છે ત્યારે તમે બીજું શું ભોગવી શકશો ?

કાળનું ચક્ર જેના કબજામાં દિવસ અને રાત્રીરૂપી ઘડાઓ છે, તેમ જેને સૂર્ય અને ચંદ્રરૂપી બે બળદો ખેંચે છે તે દુનિયાંરૂપી કુવામાંથી જીંદગીનું પાણી ખાલી કરે છે.

મરણરૂપી સર્પના દંશમાંથી આ જીંદગીને બચાવે એવો કોઇ હુન્નર, દવા અથવા જ્ઞાન નથી.

આ દુનિયા રૂપી પાણીમાં કમળરૂપી શરીરમાંથી કાળ રૂપ ભ્રમર હમેશાં મધુ ચૂસી લે છે.

મરણ માણસની પાછળ પડછાયા માફક ચાલે છે અને દુસ્મનની માફક તેની પુઠે લાગે છે; તેટલા માટે ભલાં કૃત્યો કરો જેથી હવે પછી તમને આશીર્વાદ મળે.

પિતા, માતા, પુત્ર, સ્ત્રી તથા બીજાં સગાંઓ, મરી ગયેલાંને પાણીની અંજળી આપીને સ્મશાન ભૂમિમાંથી પાછાં ફરે છે.

તમારા પુત્રો, સ્નેહીઓ અને તમારી પરસેવાના ટીપાંની કમાણી, સઘળું અહિંઆં રહેશે. સદ્‌ગુણ માત્ર તમારી સાથે આવશે.

સગાંઓનો સંબંધ, ઇંદ્રિયાદિક સુખ, અને સ્નેહીઓની સોબત, આ સઘળું કમળપર પાણીના ટીપા જેવું ક્ષણિક છે.

તમારી શક્તિ, તમારી જુવાની, તમારી ખુબસુરતી ક્યાં ગયાં ? અરે, તેઓ સઘળાં ક્ષણિક હતાં અને તેથી તમારી નજર આગળ તે સઘળાં જતાં રહ્યાં.

દુનિયાની આબાદી વાર વાર ભોગવવાથી તમારાં દુઃખો પેદા થાય છે. " તમે પોતે કોણ છો " તે જાણવા યત્ન કર્યો નથી તે દિલગીરીની વાત.

આપણા ઋષિઓએ આ શીખામણ આપી છે કે "દુનિયાંમાં રહો પણ તેના ન થાઓ" અને દુનિયામાંથી તમારી મુક્તિનો માત્ર તેજ રસ્તો છે.

ખાત્રી રાખજો કે આ દુનિયામાં કોઇ પણ તમને ભલું અથવા નુકશાન કરી શકશે નહિ. તમારાં કર્મનાં ફળ, સારાં અથવા નઠારાં, તમે ભોગવો છો; જેવી રીતે કે બાળકો ભૂખથી દુઃખી થાય છે, અને ખોરાક મળવાથી સંતોષાય છે.

---

૪. વિદ્યાર્થી જીવનના ચાર ઉદ્દેશો.

જગતની અતિ વિશાળ રંગભૂમિ ઉપર મનુષ્યનું સમસ્ત જીવન જો કે વિદ્યાસંપાદન કરવાના કાર્યમાં વ્યતીત થાય છે તોપણ શાળામાં અથવા કોલેજમાં જે કાળ ગાળે છે તે કાળ આ ઉદ્દેશને ફળીભૂત કરવામાં વિશેષ ઉપયોગી છે. આ કાળમાં ઘણું કરીને તેની ભવિષ્યની જીંદગીનું બીજ રોપાય છે. કારણ આ સમય તેનું મન શિક્ષણ ગ્રહણ કરવાને લાયક હોય છે. એટલુંજ નહીં, પરંતુ જેમ વાળવું હોય તેમ વળી શકે તેવુ હોય છે. અર્થાત્ તેમાં જેવા સંસ્કાર નાંખવા હોય તેવા નાંખી શકાય છે. આ સમયમાં પાડેલા સંસ્કારો, ટેવો અને રીતભાતો લાંબા સમય સુધી ચાલે છે. અને સહેલાઇથી તે ભુસાઈ જતાં નથી આટલા માટે આવશ્યક છે કે દરેક વિદ્યાર્થીએ શાળામાં તેમજ કોલેજમાં પોતાની જીંદગીના આ ભાગપર ખાસ ધ્યાન આપવાનું છે, અને પોતાની જીંદગીના મુખ્ય ઉદ્દેશને યોગ્ય ઉદ્યોગ તરફ દૃષ્ટિ રાખવી જોઇએ. પ્રાતઃકાળમાં ઉઠતાની સાથેજ આ ઉદ્દેશો તેના હૃદયમાં રમી રહેલા હોવા જોઇએ. દરરોજના પોતાના જીવન વ્યાપારમાં તેનો ઉપયોગ કરવો જોઇએ, અને તેની ઉપયુક્તતાનો સાક્ષાત્કાર કરવાને પ્રયત્નવાન થવું જોઇએ. આ ચાર ઉદ્દેશો નિચે પ્રમાણે છેઃ—

૧. સ્થૂળ શરીરની સુધારણા.

૨. નૈતિક (નીતિ) સ્વભાવની સુધારણા.

૩. બુદ્ધિની ખિલવણી.

૪. આધ્યાત્મિક અને ભક્તિભાવનાની પ્રાપ્તિ.

આ ચાર ઉદ્દેશો સ્પષ્ટ લક્ષમાં રાખી પોતાનું નિત્યકર્મ તેણે આરંભવું જોઇએ.

પ્રથમ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તેણે દરરોજ કોઇપણ પ્રકારની કસરત કરવી અને ખાવા પીવામાં મિત રહેવું. કારણ શરીર સંપત્તિ શિવાય કોઇ પણ માણસ કંઇ વિશેષ કરી શકતું નથી. વ્યાવહારિક જગતની અંદર શરીર સંપત્તિ એજ ક્રિયાનું મુખ્ય સાધન છે.

બીજા ઉદ્દેશના સંબંધમાં કહેવાનું કે પોતાની શાળાના વિદ્યાર્થીઓ, મિત્રો, સંબંધીઓ પ્રતિ શાળામાં તેમજ ઘેર સત્ય, પ્રમાણિકતા, શાખી, તિરસ્કાર, ઇર્ષ્યા અને ક્રોધનો અભાવ, પ્રેમ, દયા, વાણીની નમ્રતા, સત્યકાર્ય કરવામાં ઉત્સાહ, વિચારમાં કૃપા અને ક્ષમા, ગુરૂ અને માબાપની આજ્ઞાનું પાલન આદિ સુપ્રસિદ્ધ સદગુણોનું વર્તન રાખવા પ્રયત્ન કરવો.

ત્રીજા ઉદ્દેશની સિદ્ધિને માટે તેણે પોતાના નિત્ય પાઠો સારી રીતે સમજવા, અને તેના રહસ્ય તરફ લક્ષ કરવું તેણે જે કાંઇ વાંચવું તે લક્ષ પૂર્વક વાંચવું. ઘણાં પાનાંઓ વાંચવાની અને ઘણાં પુસ્તકો પુરાં કરવાની સામાન્ય અભિલાષામાં તેણે દોરાઇ જવું નહીં. કારણ મગજના ઉપર ઘણી બાબતોનો બોજો કરવા કરતાં સમજશક્તિને ખિલવવામાં વિશેષ લાભ છે.

ચોથા ઉદ્દેશ માટે તેણે હમેશાં પોતાના અંતઃકરણમાં જગન્નિયન્તા પરાત્પર પરમાત્મને સદાય રાખવો જોઇએ. દરરોજ તેણે વધારે નહીં તો **પાંચ ક્ષણ** પણ દયાળુ પરમાત્મા પ્રસન્ન થાય તેવાં કામો કરવાં જોઇએ. તેના તરફ પોતાની પ્રેમભાવના દિનપ્રતિદીન વધારતા જવી. તેના ગુણગાન કરવામાં હમેશ મગ્ન રહેવું. અને તે પણ આદર પૂર્વક કરવું જોઇએ. જોઇએ તો તેણે રામરૂપે, કૃષ્ણરૂપે મહાદેવરૂપે અથવા અલ્લારૂપે અથવા બીજા કોઇ પણ રૂપે તે પરમાત્માને ભજવામાં, તેની પ્રાર્થના કરવામાં કાંઇ પણ વાંધો નથી. કારણ કે તે એકજ છે, જો કે ભિન્ન ભિન્ન નામથી તેને વર્ણવામાં આવે છે.

૫.

મૃત્યુ ચોકસ છે, પરંતુ કાલ અચોક્કસ છે.
કીર્તિમાન્ માણસનું મૃત્યુ થતુંજ નથી.
મિત્રનામાં શંકાને અવકાશ આપવો નહિ.
સુખના દિવસો લાંબા ટકતા નથી.

તમારા પ્રતિ સર્વની પ્રીતિનું આકર્ષણ કરજો.
ક્રોધ, એક જાતની ગાંડાઇ છે.
ઉપકાર કરનારને ભૂલતા નહિ.
મેલા હાથની મેલાઇ સ્વચ્છ મોજાં ઢાંકે છે.
આજ્ઞા પાલક સ્ત્રી પતિપર સત્તા ચલાવી શકે છે.
સારી રીતે જીંદગી ગાળવાથી શરીરની અવ્યવસ્થા થતી નથી.
ખુશામતિયો એક ભયંકર શત્રુ જાણવો.
મશ્કરી મિત્રતાનું ઉગ્ર વિષ છે.
ગરીબની ઓળખાણથી હલકાઇ નહિ માનો, અને શ્રીમંતની **મિત્રતાઇ** ઇચ્છવી નહિ.
સહનશીલ મિત્ર બેવડો શત્રુ છે.
દુર્ભાગ્યને તાબે ન થતાં તેને ઉલંઘી નાંખો.
આપત્તિ નિત્ય રહેતી નથી.
પ્રેમનું ઔષધ નથી.
પ્રત્યેક દિવસને તમારા અંતનાજ માનવા.
કોઇ પણ હમેશાં ડાહ્યો નથી.
લાભ વગરની ખુશામત કરનારનું ગજવું ભરાતું નથી.
જે ખરાબનો બચાવ કરે છે તે સારાંને ખંડે છે.
બ્હીકણ પોતાને સાવધાન માને છે અને બખીલ પોતાને કરકસરીઓ માને છે.
અભિપ્રાયમાં પક્ષપાત એક વિષ છે.
અત્યંત ઇચ્છાથી લાંબો પશ્ચતાપ થાય છે.
દ્વેષ, એ નબળા અને કંગાલ મનની એક મોજ છે.
તમારી ઇચ્છા પ્રમાણે ન કરી શકો તો બની શકે તેટલું કરો.
પ્રમાણિકતા મેળવો, દયા શોધો, કરકસર શિખો, નિમકહલાલીને ઇચ્છો.

જેટલું સાંભળો, તેટલુ ખરૂં માનતા નહિ. જેટલુ માનો તેટલુંજ કહો.
માણસ નશીબથી મ્હોટો બને પણ નશીબથીજ સારો ન બને.
ખુબસુરતી અને પતિવ્રતાપણા વચ્ચે જીવલેણ કજીઓ છે.
સાંભળવાને તત્પર રહો, યુક્તિથી સાવચેત રહો, અને શિખામણ દેવામાં ધીરા રહો.

દંભી સાદાઇ, એ સુધરેલું કપટ છે.
ડાહ્યા પોતાના વિચાર બદલે છે, મૂર્ખ નહિજ.
ખુબસુરતી અને મૂર્ખાઇને ગાઢ મૈત્રી છે.
મીત્ર અને સ્ત્રી હમેશાં માગનારાંજ છે.
ખરાબ શીખવા કરતાં અભણ રહેવું સારૂં છે.

માણસ સલાહ આપવામાં જે ઉદારતા વાપરે છે તેટલી ઉદારતા બીજુ કંઇ પણ આપવામાં વાપરતો નથી.

એક બાજુનો વિવેક લાંબો ટકતો નથી.
ગયેલી આબરૂ કદાચ પાછી મળે છે.
તન્દુરસ્તી અને આનંદી સ્વભાવ ખુબસુરતી લાવે છે.
દારિદ્રને શરમ હોતી નથી.
વિશ્વાસઘાત નહિ કરવો, છિદ્ર ખુલ્લાં ન કરો.
લાંબુ જીવવા કરતાં સારી રીતે રહેવું વધારે સારૂં છે.
સ્ત્રી–પતિની ક્રૂરતા, એ રાક્ષસી ગુન્હો છે.
સર્વની પ્રીતિ મેળવી આપનાર મોહિની સભ્યતા છે.
બહુ ધન તેને બહુ સભાળ; બહુ અન્ન ત્યાં બહુ રોગો.
જે તમને ગણે નહિ તેને તમે ગણો નહિ,
હલકાં દુઃખો કહેવાય છે, પણ મોટાં દુઃખો મુગાં હોય છે.
મૃત્યુ ભયનો અંત છે અને સુખનો આરંભ છે.

ડાહી ડાહી વાતો કરનારા ઘણા હોય છે પણ તેઓ મુર્ખની પેઠે વર્તે છે.

પ્રીતિ અને ખાંસી છુપી રહે નહિ.
બહાદુરી હમેશાં વિજયી નથી હોતી.
ન્યાય જનમંડળનો કરાર છે.
ખરાબ આરંભમાં દુષ્ટ પરિણામો નિપજે છે.
ધનની પ્રીતિ સર્વ પાપોનું મૂળ છે.
વૈભવોનું હિત દરદો છે.
મૃત્યુ બહેરૂં છે ને તે 'ના' સાંભળતું નથી.
કરવું જોઇએ તે કરો. જે કરી શકો તે કરો.
ગબડી પડવાથી પડી જવાનો ભય મટે છે.
મનનું ઔષધ આનંદી સ્વભાવ છે.

ખુબસુરતી કરતાં વિનયમાં વધારે મોહિની છે.
સુખ કરતાં કીર્તિ શ્રમસાધ્ય છે.
કરેલો ઉપકાર ધ્યાનમાં રાખવો.
ડોકટર કરતાં ખોરાક વધારે આરામ કરે છે.

૬.

માતાપિતા! તમારાં સંતાનને શારીરિક, માનસિક, અને સાત્વિક શિક્ષણ આપો, અને તેમને પ્રભુનાં કર્તવ્ય ઉપાડી શકે એવાં બનાવો.

અતિશય છૂટથી તેમ અતિશય સખ્તાઇથી બાળક બગડે છે.

માટે માતાપિતાએ પોતાનો અધિકાર યોગ્ય રીતે યોજવો; સખ્ત નિયમનને કોમલ પ્રેમ ભેળી આર્દ્ર કરવું.

મન ઉપર ભારે દબાણ આવી પડે એવી રીતની કેળવણી ન રાખવી, પણ બાળકના શિક્ષણનો ક્રમ સ્વાભાવિક અને સરલ રાખવો.

વારંવાર વચ્ચે ન પડવું, પણ શુભસંસ્કારોનેયોગે બાળક પોતાની મેળે રૂડી ગતિને પામે એમ કરવું.

તેઓની વૃદ્ધિ અકાળે અને અઘટિત ત્વરાથી ન થાય એ માટે હમેશ સાવધ રહેવું.

બાળકોને પ્રથમ જ આપવાની વસ્તુ તંદુરસ્તી–એટલે કે તેનાં સાધન સ્વચ્છ હવા, સારો ખોરાક, અંગકસરત, અને પૂરતો આરામ.

તેઓ કૌમાર અવસ્થામાં આવે એટલે તેમને નીતિની કેળવણી આપવી, અને તરુણ થાય ત્યારે તેમને ધર્મ શીખવવો.

કાચા મગજમાં ધર્મનાં શુષ્ક મત અને પ્રમાણ ઘોચવાં નહીં; ન્હાનાં બાળક ધર્મની સિદ્ધાન્તમાલા પોપટની પેઠે પઢી જાય તેથી હરખાવું નહીં.

બાળકોને કેળવી મોટાં કરવામાં માતા અને પિતા બંનેએ ભાગ લેવો જોઇએ; એ વિષયમાં તે દરેકનું કર્તવ્ય ભિન્ન છે, અને જેટલે અંશે પિતા તેમજ માતા તરફના સંસ્કારોનો બાલશિક્ષણમાં સંગમ થતો નથી તેટલે અંશે તે અપૂર્ણ અને એકદેશી રહે છે.

પિતાના સર્વ સદ્‌ગુણ અને માતાનું સકલ લાવણ્ય બાળકની પ્રકૃતિમાં આબાદ પ્રતિબિંબિત થાય ત્યારે જ તેની કેળવણી યથાયોગ્ય થઇ છે એમ માનવું.

દુષ્ટ સંગતિ અને નીતિભંગ થાય એવાં સર્વ કારણથી સંતાનોનું રક્ષણ કરવું.

તમારાં કિશોર પુત્રપુત્રીઓને યોગ્ય ગ્રંથો અને યોગ્ય સોબતીઓ પસંદ કરીને આપવા, અને તેમને સારાં ચિત્રો અને નીતિબોધક દૃષ્ટાંતો દેખાડવાં, કે તેમના કોમળ અને બિંબગ્રાહી મન ઉપર ન્હાની વયમાંથી જ ઉત્તમ આલેખો સજ્જડ પડે.

તરુણોને વિષે કવિતાનો અને સૃષ્ટિસૌન્દર્યનો શોખ ખીલવવો, અને ત્હેમનો ફુલો પ્રતિ પ્રેમ વધારવો.

ઘર આગળ વાડી હોય તો તેઓ તેમાં ફરે, ઝાડો અને છોડવા, ફુલ, ફલ, અને પાંદડાં વગેરે જુએ, અને વાડીના કામમાં ભાગ લે એમ કરવું.

વળી ઘરમાં પશુપંખી પાળેલાં હોય તો બાલકો તેમની સાથે માયાથી વર્તે, તેમને ખવડાવે, અને તેમના ઉપર હેત કરે એમ શીખવવું.

ઇશ્વરના ઘરનાં બાલકો સામાન્ય લોકોમાં તેમના પશુપંખી તરફના અને કીડી વગેરે જંતુઓ તરફના પણ માયાળુપણાથી તરી આવવાં જોઇએ.

ન્હાનાં બાળકોને માન આપવું. કેમકે સ્વર્ગલોક એમના જેવા નિર્દોષ જીવોનો જ બનેલો છે, અને તમારે તેમને એવી રીતે કેળવવાની નિરંતર હોંસ અને કાળજી રાખવી કે જેથી એમનો નિર્દોષભાવ ખીલીને પવિત્રતા રૂપે થાય અને યોગ્યકાળે તેઓ સ્વર્ગ જ પ્રાપ્ત કરશે એવી આશા બંધાય.

અને બાળકોને કેળવણી આપવામાં આ લોકનાં પ્રત્યેક માતાપિતાએ પરમ માતાપિતા ઇશ્વરને પોતાના માર્ગદર્શક અને નમુના રૂપ ગણી તેનું અનુસરણ કરવાની સદા વૃત્તિ રાખવી.

૭.

વખત—

શું તું જીંદગાની ચહાય છે? જો ચહાતો હોઉં તો વખત ગુમાવીશ નહીં; કારણ કે જીંદગાની તેની બનેલી છે.

જો બધી વસ્તુઓમાં વખત સૌથી કિમતી હોય તો, વખત ગુમાવવો એના જેવું ઉડાઉપણું બીજું કંઇ નથી.

આળસ બધી બાબતોને મુશ્કેલ બનાવે છે, ઉદ્યોગ સહેલી બનાવે છે. જે સવારે મોડો ઉઠે છે તે આખો દિવસ દોડાદોડ કરશે તોપણ સાંજે તેનું કામ પૂરૂં નહીં થાય, અને આળસુ માણસ એટલો ધીમો આવે છે કે ગરીબાઇ તેને થોડા વખતમાં પકડી પાડે છે.

મહેનતુ માણસના ઘરમાં ભૂખ ડોકિયું કરે છે, પણ અંદર પેસવાની તેની હિમ્મત ચાલતી નથી.

ઉદ્યોગ એ સારા નસીબનું મૂળ છે. ઇશ્વર ઉદ્યોગીને બધી વસ્તુઓ આપે છે.

એક આજ—એ કાલની બરોબર છે.

જો તારે ફુરસદ મેળવવી હોય તો તારા વખતનો સારો ઉપયોગ કરજે; અને એક પળની પણ તને ખાત્રી નથી માટે એકે કલાક ગુમાવીશ નહીં.

યાદ રાખજો કે વખત એ પૈસો છે. જે માણસ એક દિવસમાં પોતાની મહેનતથી દશ શિલિંગ કમાઇ શકે એવો હોય, તે અડધો દિવસ નકામો બેશી રહી અથવા ગમ્મત ઉડાવી ૭ પેન્સ ખર્ચે તો પણ તેણે એટલું જ ખર્ચ કર્યું છે એમ ગણવું નહીં; ખરૂં જોતાં તેણે પાંચ શિલિંગ ખર્ચ્યા છે અથવા નાખી દીધા છે.

જો તું કામ ન કરૂં તો તારે ખાવું પણ નહીં. એવી ઇશ્વરની આજ્ઞા છે, તેના ખરાપણા વિષે કોણ વાંધો ઉઠાવશે? જો દુનિયામાં અડધાં માણસ મહેનત કરવા ના પાડે તો આખી દુનિયાને ભૂખે મરવું પડે. ચીનના એક પાદશાહે પોતાની પ્રજાને જાહેર કર્યું હતું કે, કામ કરે નહીં એવો કોઇ માણસ હશે અથવા આળસુ સ્ત્રી હશે તો, રાજ્યમાં તેને ભૂખ અને ટાઢ વેઠવી પડશે.

આળસ, એ જીવતા માણસની ઘોર છે.

આળસુ માણસ ભૂખે મરી જવાનો.

સેતાન બીજા બધા માણસોને ફસાવે છે, પણ આળસુ માણસ સેતાનને ફસાવે છે.

નવરો બેઠો નખોદ વાળે

આળસ એ ભીખ માંગવાનું માબાપ છે અને બધાં દુઃખનું મૂળ છે.

વખત એ પૈસો છે. પૈસો કમાનારને તો બેશક વખત એ પૈસો છે. પોતાની જાતની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખનાર જુવાનને તો વખત એ પૈસા કરતાં પણ વધારે છે. તેને તો વખત એ કેળવણી, લક્ષણ અને ઉપયોગીપણું છે.

==

૮.

પરમેશ્વર વાઘમાં પણ છે, તથાપિ વાઘ આગળ જઇને રહામા ઉભા રહેવું ન જોઇએ. તેમજ જો કે દુષ્ટમાં પણ પરમેશ્વર છે તથાપિ દુષ્ટનો સંગ કરવો એ ખોટું છે.

એક મનુષ્યે કલ્પવૃક્ષ નીચે બેસી રાજા થવા ઇચ્છયું, અને એક ક્ષણમાં રાજા થયો. બીજી ક્ષણે મનોહર સુંદરીની ઇચ્છા કરી, અને તેજ ક્ષણે સુન્દરી તેને પડખે આવી ઉભી. ત્યારે એ મનુષ્યે પોતાના મનમાં વિચાર કર્યો કે વાઘ આવે ને ખાઈ જાય તો ? અરે અફસોસ ! તે એક ક્ષણમાં વાઘના પંઝામાં પડયો ! ઇશ્વર એ કલ્પવૃક્ષ જેવો છે. જે એની સમક્ષ રહી એમ ધારે છે કે પોતે ગરીબ છે તે તેવો જ રહે છે; પણ જો એમ ધારે છે અને શ્રદ્ધાપૂર્વક માને છે કે પ્રભુ એના સર્વ યોગ ક્ષેમ વહે છે, અર્થાત્ એની સર્વ જરૂરીઆતો પૂરી પાડે છે તેને એની પાસેથી સર્વ મળે છે.

પરમેશ્વર બે વખત હસે છે; એક, જ્યારે ભાઇઓ, " આ મારૂં ને એ તારૂં " એમ કહી કુટુંબની મિલકત વ્હેંચી લે છે ત્યારે; અને બીજું જ્યારે રોગી મૃત્યુની અણી ઉપર હોય છે. અને વૈદ્ય કહે છે કે ' હું એને મટાડીશ ' ત્યારે.

જે ઘરમાં નિત્ય હરિકીર્તન ગવાય છે ત્યાં કલિ (સેતાન) કદી પેસતો નથી.

દિવ્ય મહાત્માઓ જાણે ઇશ્વરના સર્વથી પાસેના સંબંધીનું આન્તર (નીજ) મંડળ છે. તેઓ ઇશ્વરના મિત્ર, સોબતી, સગા જેવા છે. સાધારણ મનુષ્યો એ બાહ્ય મંડળ છે, અથવા ઇશ્વરનાં પ્રાણી જેવાં છે.

એક વખત એક સાધુએ, ભીડવાળી શેરીમાં થઇને જતાં અકસ્માત્ એક દુષ્ટ મનુષ્યનો અંગુઠો કચર્યો. તે દુષ્ટ મનુષ્યે ક્રોધાવિષ્ટ થઇ એ સાધુને તમ્મર આવી ભોંય ઉપર પડી જતાં સુધી નિર્દય રીતે માર્યો. તેના શિષ્યોએ તેને પાછો શુદ્ધિમાં આણવાને બહુ શ્રમ લીધો અને વિવિધ ઉપચાર કર્યા, અને જ્યારે તેઓએ જોયું કે એ જરા શુદ્ધિમાં આવ્યો છે; ત્યારે તેમાંના એકે પૂછ્યું, "જી ! આપની ચાકરી કરે છે, તેને ઓળખો છો ?" સાધુએ ઉત્તર આપ્યો, "જેણે મને માર્યો તે." ખરો સાધુ મિત્ર શત્રુ વચ્ચે ભેદ જાણતો નથી.

'જેમ પાણી પુલ નીચે થઇને જાય છે પણ વ્હેતું અટકતું નથી તેમ પૈસો જે સંગ્રહ કરી રાખતો નથી એવા મુક્ત એટલે છૂટા હાથવાળાના હાથમાં ટકતો નથી.

જ્યાં સુધી મનુષ્ય ઇશ્વરને " અલ્લાહ, ઓ ! અલ્લાહ, ઓ !" (ઓ ! ઇશ્વર, ઓ ! ઇશ્વર) એમ બુમ પાડીને બોલાવે છે ત્યાં સુધી ખાત્રી રાખો કે એને ઇશ્વર મળ્યો નથી. કારણ જેને એ મળ્યો છે તે ચુપ રહે છે.

જ્યાં સુધી મધુમક્ષિકા (મધમાખી) કમળની પાંખડીની બહાર હોય છે અને તેનું મધ ચાખ્યુ નથી ત્યાં સુધી તે ગુંજારવ કરતી તે પુષ્પની આસપાસ ભમ્યા કરે છે; પણ જ્યારે તે તે પુષ્પની અંદર પેસે છે ત્યારે તેમાંનું અમૃત (મધ) વગર શબ્દે પીએ છે. જ્યાં સુધી મનુષ્ય સિદ્ધાન્તો અને મતો માટે લઢે છે અને તકરાર કરે છે ત્યાં સુધી તેણે ખરી ભક્તિના અમૃતનું પાન કર્યું નથી. જ્યાં તેણે તેનું પાન કર્યું કે એ તુરત શાન્ત થાય છે.

જ્યારે મનુષ્ય મેદાનમાં હોય છે ત્યારે એ નીચું ઘાસ અને મહાન્ દેવદારનું વૃક્ષ જુએ છે અને કહે છે—" વૃક્ષ કેવડું મ્હોટું છે અને ઘાસ કેવડું નાનું છે !" પણ જ્યારે તે પર્વત ઉપર ચઢે છે અને તેની ઊંચી ટોચ ઉપરથી નીચે મેદાન ઉપર દૃષ્ટિ કરે છે. ત્યારે મહાન્ દેવદારનું વૃક્ષ અને નીચું ઘાસ લીલી વનસ્પતિના એક અવ્યક્ત સમુદાયમાં એકાકાર થઇ જાય છે. તેમ સાંસારિક મનુષ્યોની દૃષ્ટિમાં

પદવી અને સ્થિતિના ભેદ છે. પણ જ્યારે દિવ્યદષ્ટિ વિકાસ પામે છે ત્યારે ઉચ્ચ અને નીચનો ભેદ નષ્ટ થાય છે.

૯.

એક લક્ષાધિપતિ પોતાના ધંધામાં નીચેના નિયમ પાળતો હતો, જેથી તે નિયમ પોતાની કબર ઉપર કોતરવાનો હુકમ કરી ગયો હતો. કારણ કે એ નિયમથી તેને ઘણી ફત્તેહ મળી હતી.

હમેશ યાદ રાખજો કે જે શરતોએ આપણને જીંદગી આપવામાં આવી છે તેમાં મહેનત પણ એક છે.

વખત એ સોનું છે, એક પળ પણ ગુમાવશો નહીં; દરેક પળનો હિસાબ રાખજો.

બીજાઓને તમારી સાથે જેવી રીતે વર્તાવવા તમે ઇચ્છતા હો તેવી રીતે તમે તેમની સાથે વર્તજો.

જે આજ થાય તેવું હોય તે કાલે કરવા મુલતવી રાખશો નહીં.

જે તમે જાતે કરી શકો એવું હોય તે બીજાને કરવાનું કહેશો નહિ.

બીજાના માલનો લોભ કરશો નહીં.

કોઇ બાબતને એવી નજીવી ગણી કાઢશો નહીં કે તે પર ધ્યાન આપવું યોગ્યજ નથી.

જે કમાયા નથી તે આપી દેશો નહીં.

ઉપજ થાય નહીં એવું ખર્ચ કરશો નહીં.

તમારાં કામકાજમાં ઘણામાં ઘણી વ્યવસ્થા રાખજો.

તમારી જીંદગીની આખર ઘડી સુધી મહેનત કરજો.

તમારા સુખને માટે જે અવશ્યનું હોય તે કદિ વર્જિત કરશો નહીં, પણ તમારો મોભો સાચવી સાદાઈ અને કરકસરથી રહેજો.

તમારી જીંદગીમાં વધારેમાં વધારે ભલું કરવાની ધારણા રાખજો.

ઉપર જણાવેલા નિયમો પ્રમાણે ચાલશો તો ઇશ્વર તમારી પર કૃપા કરશે, અને તમને મનમાનતી રીતે દરેક પ્રકારની દોલત મળશે;

પણ પ્રથમ એ વાત યાદ રાખજો કે આપણી જીંદગીનું મુખ્ય કર્તવ્ય એ હોવું જોઇએ કે આપણાથી બને તે કરીને આપણા **પેદા કરના**રની કીર્તિ અને આબરૂ વધારવી. મિતાહારપાન વગર તંદુરસ્તી હોઇ શકે નહીં, સદ્‌ગુણ વગર વ્યવસ્થા હોઇ શકે નહીં, ધર્મ વગર સુખ હોઇ શકે નહીં, આપણી જીંદગીનો ઉદ્દેશ ડહાપણથી, વિચારથી, અને સત્ય ધર્મથી રહેવામાં સમાયલો છે.

૧૦.

માણસ જાતના સઘળા સામાન્ય વાણી વ્યવહારમાં તેમજ સઘળી હુનર કળામાં અને એ હુન્નર કળા માણસો જે બોલી બતાવી શકે, તે સર્વનું એકઠું કરેલું અને જાળવી રાખેલું અર્ક અત્તર વા તેજાબ છે—તેમાં—જીવન ચરિત્ર એક એવી વસ્તુ છે કે જેની બલિહારી છે.

પતિમાં ડહાપણ અને પત્નીમાં સુશીલતા પ્રાધાન્યપદે જોઇએ. જો સ્ત્રીને પુરૂષના ઉપર શેઠાઇ કરવા પરમેશ્વરે ધારી હોત; તો પુરુષના મગજમાંથી માવો લઇ તેને બનાવત. જો તેને પુરુષની દાસી નિર્માણ કરી હોત તો તેને તેના પગમાંથી પેદા કરત, પણ સ્ત્રીને પુરૂષની સહચરી અને બરોબરીઅણ કરી છે; તેથી તેને તેના પડખામાંથી પાંસળી કાઢીને પેદા કરી છે.

ભાઇ, સદ્‌ગુણી સ્ત્રીઓ મળે ક્યાંથી ? તેનું મૂલ્ય તો હીરાને મોતી માણેકથીએ વધારે. એવી રૂડી સ્ત્રીનો ધણી ગામના ઝાંપામાં પગ મૂકે, ત્યારથી જ તેને સૌ પીછાણે છે. એવો પુરુષ તો ગામના મોટેરાઓના પંચમાં બેસે છે, એ બાઇનાં વસ્ત્ર દઢતા અને આબરૂ છે, અને તે ભવિષ્યમાં સુખ અને આનંદ ભોગવે છે. તે પોતાનું મ્હોં બોલવા માટે ઉઘાડે છે, તે ડહાપણથી વિચાર કરીને ઉઘાડે છે; અને તેના મુખમાંથી માયાળુપણાનાં ફુલ ગરે છે. તે પોતાના ધણીની રીતભાત સારી રીતે નજરમાં રાખે છે; અને પોતે આળસુ રહીને રોટલો ખાતી નથી. તેનાં સંતાન રોજ સવારમાં ઉઠીને તેને આશિર્વાદ આપે છે, તેનો સ્વામી પણ તેની તારીફ કરે છે અને તેના ગુણ ગાય છે.



ડૉ૦ ગોપીનાથ ક્રીષ્નાજી શર્મા.

કાંદાવાડી, સદાશીવ સ્ટ્રીટ પોસ્ટ ગીરગામ-મુંબઈ નં. ૪

હીંદુસ્તાનનાં જુદાં જુદાં શહેરોમાં ભરાયલા પ્રદરશનમાંથી ૩ સોનાના, ૪ રૂપાના, ૨ કાંસાનાં તથા ૮ સરટીફીકેટો ચાંલ્લા ઇનામમાં મળ્યા છે.

૧ શક્તી ઉપરની ગોળીઓ નં. ૧ આનંદવર્ધક, શક્તીવર્ધક, પેઢીકા વગેરે. જુવાન તથા વૃદ્ધ માણસને વીશેષ અગત્યની કીં. રૂ. ૩॥ ૨ રગતપીતી ઉપર રામબાણ-ખાવાની તથા ચોપડવાની, એક બાટલીના રૂ. ૬. ૩ ખરજ ઉપર રામબાણ મલમ, કીં. રૂ. ૦॥ ૪ ધરૂર ઉપર રામબાણ ચુરણ કીં. રૂ. ૦॥ ૫ વાયુ નાશક તેલ. કીં. રૂ. ૧ ૬ રજોધરમ લાવનારી ગુટીકા, કીં. રૂ. ૨ ૭ શુદ્ધ વનસ્પતીનું ટાઢીઆ તાવ ઉપર રામબાણ શરબત, કીંરૂ ૧ ૮ પાંડુ રોગ ઉપર તેલ કીં. રૂ. ૨ ૯ મેદ ઉપર દવા. કીં. રૂ. ૨॥ ૧૦ કપાળસુળ તથા આધાશીશી ઉપર લગાડવાનું ઓસડ. કીં રૂ. ૦॥ ૧૧ મહેદ કોઢ ઉપર [illegible] ની બુટી કીં. રૂ. ૧ ૧૨ ક્ષય રોગ ઉપર રામબાણ [illegible] (ટીફ) કીં રૂ. ૧॥ ૧૩ વાગ્યા ઉપર મલમ કીં. રૂ. ૦॥ ૧૪ અન્નપાચક ગોળીઓ કીં. રૂ. ૦॥ ૧૫ પડસળા ઉપર અકસીર ચુરણ સુંઘવાનું તથા પેટમાં લેવાનું કીં રૂ. ૧ ૧૬ [illegible] કરવાનું [illegible], કીં. રૂ. ૧॥ ૧૭ પ્રમેહ ઉપર [illegible] ઉપર [illegible] દવા, કીં. રૂ. ૧॥ ૧૮ ઓરતોની [illegible] (આકડી) ઉપર રામબાણ ઓસડ કીં. રૂ. ૩ ૧૯ જ્વરાંકુશ, તાવ ઉપર રામબાણ ઓસડ કીં. રૂ. ૧ ૨૦ [illegible]. કીં રૂ. ૧ ૨૧ જ્વરાંકુશતંત્રી તાવ ઉપર રામબાણ ગોળીઓ, કીં રૂ. ૧ ૨૨ બાળસંજીવન, કીં. રૂ. ૧ ૨૩ ખાંસી ઉપર રામબાણ શરબત, કીં. રૂ. ૧ ૨૪ લોહભસ્મ મીશ્રીત શક્તી ઉપર ગોળીઓ, નં. ૨, કીં રૂ. ૧ ૨૫ બાલામૃત, કીં. રૂ. ૧ ૨૬ નેત્રસંજીવન ટીપાં-આંખની રતાશ, પડવાળ, ફુલ માટે અકસીર, કીં રૂ. ૧ ૨૭ પ્રમેહ ઉપર [illegible], કીં. રૂ. ૧ ૨૮ પ્રમેહ ઉપર ગોળીઓ, કીં. રૂ. ૧ ૨૯ કેશવર્ધક સુગંધી તેલ, કીં રૂ. ૧ ૩૦ દાંત સાફ કરવાની દવા (સારસ્મોરંજન) કીં. રૂ. ૧ ૩૧ સ્ત્રીઓની [illegible] ઉપર વનસ્પતીનું ચુરણ, કીં રૂ. ૧ ૩૨ વાળ કાઢવાની દવા, કીં. રૂ. ૧ ૩૩ પીપરમેંટનું તેલ, કીં. રૂ. ૧ ૩૪ [illegible] ઉપર ગોળીઓ, કીં. રૂ. ૧ ૩૫ જુલાબ [illegible] તથા [illegible] કરવાનું ઓસડ, કીં. રૂ. ૦॥ ૩૬ શુદ્ધ વનસ્પતીની અનુભવ ગુણકારી ખાંસીની ગોળી, કીં. રૂ. ૦॥ ૩૭ ઓખરી. કીં. ॥ ૩૮ કાનમાં નાખવાનાં ટીપાં, કીં. રૂ. ૦॥ ૩૯ [illegible] ઉપર દવા, કીં. રૂ. ૦॥ ૪૦ [illegible] ઉપર દવા. કીં. રૂ. ૦॥ ૪૧ દંતમંજન, કીં. રૂ. ૦। ૪૨ [illegible] તેલ, કીં. રૂ. ૦। ૪૩ જુલાબની ગોળી, ૦। ૪૪ [illegible] ઉપર રામબાણ મલમ, ૦। ૪૫ [illegible] મલમ કીં ૦। ૪૬ કપુરનો અરક, ૦। ૪૭ પીપરમીંટનો અરક ૦। ૪૮ ફુદીનાનો અરક, ૦। ૪૯ કેસર તો. કીં. રૂ. ૩૦ ૫૦ કસ્તુરી તો. રૂ. ૩૨-૪૦

સસ્તામાં સસ્તું અને સુંદર વાર્તાસાહિત્ય.

સરસ વાર્તાઓના મહાસાગરરૂપ,
મોટામાં મોટું, સોંઘામાં સોંઘુ, સર્વોત્તમ,
મનહર, સુબોધક-સુનીતિપૂર્ણ,
આનંદ-ગમ્મત, જ્ઞાન આદિ આપનાર.

સર્વોપયોગી માસિક

વાર્તાવારિધિ.

પ્રતિમાસે ૧૧૦ પૃષ્ઠમાં સાંસારિક, ઐતિહાસિક, ધાર્મિક,
વૈજ્ઞાનિક અને ડિટેક્ટીવ સંપૂર્ણ રસીલી નવલ-
કથાઓ, ઉપન્યાસો, વાર્તાઓ-પ્રકરણો, નાટકો,
વિવિધ વર્તમાન, ઇનામમાળા, ચિત્રમાળા
અને આહ્લાદક તથા ઉપયોગી
લેખાવલિ આવે છે.

વાર્ષિક લવાજમ રૂ. ૨) પોસ્ટેજ આના ચાર.
વાર્ષિક ૧૫૦૦ પૃષ્ઠ-૧૨૫ ફોર્મ.

પ્રયોજક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.
સરખેજ—અમદાવાદ.

દરેક છુટક અંકના આના ચાર.